# <u>ડો.આંબેડકર આવાસ યોજના</u>

અનુસુચિત જાતિના લોકો માટે
વ્યકિતગત ધોરણે મકાન સહાય
આપવા માટેની યોજના.

**:-મહત્વના સરકારી ઠરાવોનો સંગ્રહ-:**

**(સને-૧૯૭૨ થી સને- ૨૦૦૯)**

**સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**સચિવાલય,ગાંધીનગર**

**(As On August-31-2009)**

# વહીવટી માળખું (વિભાગ કક્ષાએ)

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

***શ્રી ફકીરભાઇ વાઘેલા***

માન. મંત્રીશ્રી,

↓

***શ્રી પી.કે.તનેજા (I.A.S.)***

સચિવશ્રી,

↓

***શ્રી શામજીભાઇ પટેલ***

સંયુકત સચિવશ્રી,

↓

***શ્રી જયદીપ દ્વિવેદી***

ઉપ સચિવશ્રી,

↓

***શ્રી એ.એન પટેલ***

સેકશનઅધિકારીશ્રી,‘હ’શાખા

↓

***શ્રી એસ.ડી.જોષી***

નાયબ સેકશન અધિકારીશ્રી, ‘હ’શાખા

**(As On August-31-2009)**

# વહીવટી માળખું( ખાતાંના વડાની કચેરી કક્ષાએ)

## અનુ.જાતિ કલ્યાણની કચેરી

***શ્રી પી. કે.ગઢવી(આઇ.એ.એસ)***

નિયામકશ્રી

↓

***શ્રી એલ.એમ.ડામોર***

સંયુકત નિયામકશ્રી,

↓

***શ્રી બી.પી. જાની***

નાયબ નિયામકશ્રી

↓

***શ્રી એચ.એલ પરમાર***

સમાજ કલ્યાણ અધિકારીશ્રી

↓

***શ્રી એ.એફ.મન્સુરી***

શાખા અધિક્ષકશ્રી, (મ-શાખા)

↓

***શ્રી જે.કે.વ્યાસ***

હેડકલાર્ક, (મ-શાખા)

**(As On August-31-2009)**

# વહીવટી માળખું

## જિલ્લા કક્ષાએ:-

શહેરી વિસ્તારમાં:-

જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી.

## ગ્રામ્ય કક્ષાએ:-

સમાજ કલ્યાણ અધિકારીશ્રી,(પંચાયત)

**(જીલ્લા પંચાયત)**

## તાલુકા કક્ષાએ:-

સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી.

(તાલુકા પંચાયત)

**(As On August-31-2009)**

# અનુક્રમણિકા

| અ. નં. | વિભાગનું નામ | ઠરાવ ક્રમાંક/તારીખ | ઠરાવની વિગત | પાનનં. |
|---|---|---|---|---|
| ૧ | શિક્ષણ અને મજૂર વિભાગ,સચિવાલય ગાંધીનગર. | બીયુડી/૧૦૭૧/૯૭૯૩૦/જ તા.૨૫/૦૮/૭૨ | રૂ.૫૦૦/-સુધીની સહાય (આવક મર્યાદા રૂ.૨૦૦૦/-સુધી) | ૧-૨ |
| ૨ | મજુર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ સચિવાલય,ગાંધીનગર | એસ.સી.ડબલ્યુ/૧૦૭૯/ ૭૭૩૩૦/જ,તા.૧૫/૨/૮૦ | ભંગી,સેનવા,હાંડી અને નાડિયા જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધવાની યોજના<br>- રૂ.૨૦૦૦/-સબસીડી,<br>- રૂ.૫૦૦/-લાભાર્થીનો ફાળો | ૩ |
| ૩ | સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાધીનગર. | એસ.સી.ડબલ્યુ/૧૨૮૦/૮૨ ૨૧૭/૫૩૦૭/જ, તા.૨૨/૧/૮૧ | અનુ.જાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન સહાય રૂ.૧૨૫૦/-<br>-સબસીડી સહાય.રૂ.૧૨૫૦/-<br>(વ્યાજ મુક્તલોન)<br>-રૂ.૫૦૦ લાભાર્થીનો શ્રમફાળો<br>-વાર્ષિક આવક રૂ. ૪૨૦૦/- | ૪ |
| ૪ | સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર. | એસ.ટી.ડબલ્યુ/૧૨૮૧/ ૫૦૫૦૮(૩૨૯૩)/જ, તા.૭/૫/૮૨ | અનુ.જાતિ/જનજાતિ,તથા વિચરતી તથાવિમુક્ત જાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન સહાય માટેની યોજના<br>- રૂ.૧૨૫૦/-સબસીડી સહાય.<br>- રૂ.૧૨૫૦/-વ્યાજ મુક્તલોન,<br>- રૂ.૫૦૦/- લાભાર્થીનો શ્રમફાળો | ૫-૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર. | એન.ટી.ડબલ્યુ/૧૨૮૨/૩૪ ૫૭(૫૧૦)/જ, તા.૩/૬/૮૩ | અનુ.જાતિ/જનજાતિ,તથા વિચરતી વિમુક્ત જાતિઓ માટે પણ વ્યકિતગત ધોરણે મકાન સહાય આપવાની યોજના<br>રૂ.૧૨૫૦/-સબસીડી સહાય.રૂ.૧૨૫૦/-વ્યાજ મુક્તલોન, રૂ.૫૦૦ લાભાર્થીનો શ્રમફાળો આવક મર્યાદારૂ.૪૨૦૦/- | ૭ થી ૯ |
| ૬ | સમાજ કલ્યાણ વિભાગ સચિવાલય,ગાંધીનગર. | એસ.સી.ડબલ્યુ/૨૦૮૭/ ૪૯૯/ખ,તા.૧૮/૫/૮૭ | અનુ.જાતિ,જનજાતિ,વિચરતી વિમુક્ત જાતિનાલોકો માટે મકાન બાંધકામ પુર્ણ કરવા ખાસ કિસ્સામાં છુટછાટ<br>-;૧ વર્ષની મકાન બાંધકામની મુદત પછી પણ સમયસર મકાન બાંધકામ પુર્ણ કરી શકેલ નથી તેવા લાભાર્થીઓને તા.૩૦/૯/૮૭ સુધી સમય મર્યાદા વધારવામાં આવી. | ૧૦-૧૧ |
| ૭ | સમાજ કલ્યાણ વિભાગ સચિવાલય,ગાંધીનગર. | સમસ/૧૩૮૭/મ.૭૧૮/ ૨૫૭૦/ખ,તા.૨૨/૧૨/૮૭ | તા.૩૦/૯/૮૭ સુધીમાં મકાન બાંધકામ પુર્ણ ન કરી શકેલ હોય તેવા અરજદારોની તા.૭/૧/૮૭ના ઠરાવની જોગવાઇ રદ કરવા અંગે | ૧૨-૧૩ |
| ૮ | સમાજ કલ્યાણ વિભાગ સચિવાલય,ગાંધીનગર | વમસ/૧૨૮૮/૧૪૩૯(૧)/ખ તા.૨૫/૧/૮૯ | સહાયનુ ધોરણ રૂ.૧૦,૦૦૦/-અથવા ૯૦%ઓછું હોય તે<br>મકાનની ટોચની કિંમત રૂ.૧૦,૦૦૦ કરવામાં આવી.<br>-આવક મર્યાદા રૂ. ૧૨,૦૦૦/-<br>(અતિપછાત માટે આવક મર્યાદા નથી) | ૧૪ થી ૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર | ગનય/૨૦૮૮/૧૪૫૫/ઘ તા.૭/૮/૮૯ | તા.૨૫/૧/૮૯નાઠરાવ મુજબ અનુ.જનજાતિને પણ લાભ આપવા ઠરાવવામાં આવ્યું | ૧૭ થી ૨૦ |
| ૧૦ | સમાજ કલ્યાણ વિભાગ સચિવાલય,ગાંધીનગર | વમસ/૧૨૮૯/૧૦૨૨/ખ, તા૭/૩/૯૦ | ૪૦ ચો.વાર,૧૦૦ચો.વાર ના ઘરથાળના પ્લોટ તેમજ રાવળીયા અને અન્ય ઇનામી જમીન ધરાવનારાઓને લાભ આપવા અંગે<br>-મકાનની ટોચનીકિંમતરૂ.૧૦,૦૦૦/-<br>-સહાયની રકમ-રૂ.૧૦,૦૦૦/-<br>-લાભાર્થીનો શ્રમફાળો-રૂ.૧,૦૦૦/- | ૨૧ થી ૨૩ |
| ૧૧ | સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર | વમસ/૧૨૮૮/૧૪૩૯(૧)/ખ (૬)તા.૧૯/૮/૯૧ | સહાયની ચુકવણી માં સુધારો<br>પ્રથમ હપ્તો ૫૦%,<br>બીજો હપ્તો ૨૫%,<br>ત્રીજો હપ્તો ૨૫%, | ૨૪-૨૫ |
| ૧૨ | સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર | વમસ/૧૨૮૮/ખા-૯૭/ખ તા.૩૧/૩/૯૨ | અનુ.જાતિ તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગ્રુહ નિર્માણ યોજના<br>-મકાનની ટોચનીકિંમતરૂ.૧૦,૦૦૦/-<br>-સહાયની રકમ-રૂ.૧૦,૦૦૦/- કે ખરેખર ખર્ચ અથવા (૯૦%) બે માંથી જે ઓછું હોય તે<br>-લાભાર્થીનો શ્રમફાળો-રૂ.૧,૦૦૦/- કે ખરેખર ખર્ચ અથવા (૧૦%)બેમાંથી જે ઓછું હોય તે. | ૨૬ થી ૨૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર | ગનય/૨૦૯૨/૮૯/ઘ, તા.૨૨/૧૨/૧૯૯૨ | અનુ.જનજાતિ લોકો માટેની વ્યકિતગત ધોરણે ગ્રુહ નિર્માણ યોજના<br>-અનુજાતિના લોકોને વાર્ષિક આવક રૂ.૬૪૦૦/-થી વધતી ન હોય તેઓ ને રૂ.૯૦૦૦/-ને બદલેરૂ.૧૨,૭૦૦ની સહાય ત્રણ હપ્તામાં ચુકવવી | ૨૯-30 |
| ૧૪ | સમાજ કલ્યાણ વિભાગ સચિવાલય,ગાંધીનગર | વમસ/૧૨૮૮/૧૪૩૯/૧/ખ્ તા.૧૮/૩/૯૩ | અનુ.જાતિ તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગ્રુહ નિર્માણ યોજના -મકાનની ટોચની કિંમત-રૂ.૧૦,૦૦૦/- થી વધતી હોય તેવા કેસમાં સહેજ વધારે કિંમતનું મકાન બાંધે તો આ શબ્દના પ્રયોગને ઓડિટ વાંધો આવેલ મકાનની ટોચની કિંમતમાં સુધારો કરી કમ્પલીશન સર્ટી માટે ઓવરશીયર અને મ્યુનિસિપલ કોર્પોરેશન કે નગરપાલિકાના મદદનીશ ઇજનેર ને નિયત કરવામાં આવ્યું. | ૩૧ થી 33 |
| ૧૫ | સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર | વમસ/૧૨૯૩/૯૨૧/ખ તા.૨૬/૮/૯૩ | અનુ.જાતિ તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગ્રુહ નિર્માણ યોજના<br>-મકાનની ટોચની કિંમતરૂ.૨૦,૦૦૦<br>-સહાયની રકમ-રૂ૧૦,૦૦૦/- કે ખરેખર ખર્ચ અથવા(૯૦%)બેમાંથી જે ઓછું હોય તે લાભાર્થીનો શ્રમ ફાળો-રૂ.૧,૦૦૦/- કે ખરેખર ખર્ચ અથવા (૧૦%)બેમાંથી જે ઓછું હોય | ૩૪-૩૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | સમાજ કલ્યાણ વિભાગ સચિવાલય,ગાંધીનગર | મકન/૧૦૯૪/૨૬૪૯/ખ તા.૧૭/૧૧/૯૪ | અનુ.જાતિના લોકો માટેની મકાન સહાય યોજનાનું યોગ્ય રીતે અમલીકરણ થવા બાબત | ૩૬ |
| ૧૭ | સમાજ કલ્યાણ વિભાગ સચિવાલય,ગાંધીનગર | વમસ/૧૦૯૫/૧૮૩૭(૯૬)ક તા.૨/૧૨/૯૬ | અનુ.જાતિ તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગ્રુહ નિર્માણ યોજના<br>અરજી પડતર હોય અને અરજદારે કચેરીને કચેરીની જાણ હેઠળ મકાન બનાવી દીધુ હોયતો પણ અરજી મંજુર કરવી<br>મકાનની ટોચનીકિંમતરૂ.૨૦,૦૦૦/-<br>રૂ.૬૪૦૦/-ની વાર્ષિક આવક વાળા માટે સહાયની રકમ-રૂ.૧૨,૭૦૦/-<br>રૂ.૧૨,૦૦૦/-ની વાર્ષિક આવક વાળામાટેસહાયનીરકમરૂ.૯,૭૦૦/- કે ખરેખર ખર્ચ અથવા (૯૦%)બે માંથી જે ઓછું હોય તેલાભાર્થીનો શ્રમફાળો-રૂ.૧,૦૦૦/- કે ખરેખર ખર્ચ અથવા (૧૦%)બેમાંથી જે ઓછું હોય તે | ૩૭-૩૮ |
| ૧૮ | સમાજ કલ્યાણ વિભાગ સચિવાલય,ગાંધીનગર | વમસ/૧૦૯૭/૧૫૭/ક તા.૧૫/૯/૯૭ | અનુ.જાતિ તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગ્રુહ નિર્માણ યોજના<br>-મકાનની ટોચનીકિંમતરૂ.૩૦,૦૦૦/- કરવામાં આવી<br>-મકાન સહાયની રકમરૂ.૨૦,૦૦૦/- અને રૂ.૨૪,૦૦૦/-ની વાર્ષિક આવકમર્યાદા કરવામાં આવી. | ૩૯-૪૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | સમાજ કલ્યાણ વિભાગ સચિવાલય,ગાંધીનગર | વમસ/૧૦૯૮/૬૫૪/ હ તા.૧૯/૯/૯૮ | અનુ.જાતિ તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગ્રુહ નિર્માણ યોજના ગુ.હા.બોર્ડ કે સ્લમ ક્લીયરન્સ બોર્ડ મારફત અપાતી સહાયમાં વધારો<br>મકાનની ટોચનીકિંમતરૂ.૩૦,૦૦૦/-<br>મકાન સહાયની રકમરૂ.૨૦,૦૦૦/-<br>રૂ.૨૪,૦૦૦/-આવક મર્યાદા | ૪૧ થી ૪૩ |
| ૨૦ | સમાજ કલ્યાણ વિભાગ સચિવાલય,ગાંધીનગર | વમસ/૧૦૯૭/૨૪૩૬/હ તા.૭/૧/૯૯ | અનુ.જાતિ તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગ્રુહ નિર્માણ યોજના<br>-મકાનની ટોચનીકિંમતરૂ.૩૦,૦૦૦/-<br>-મકાન સહાયની રકમ રૂ.૨૦,૦૦૦/- | ૪૪ થી ૪૭ |
| ૨૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૯૯/૭૬૯/હ, તા.૧૩/૪/૧૯૯૯ | ડો.આંબેડકર આવાસ યોજના<br>મકાનની ટોચની કિંમત-<br>રૂ.૩૦,૦૦૦/-ગ્રામ્ય વિસ્તાર<br>રૂ.૫૦,૦૦૦/-શહેરી વિસ્તાર<br>-મકાન સહાયની રકમરૂ.૨૦,૦૦૦/-<br>-શ્રમફાળો-રૂ.૨,૦૦૦/-<br>-રૂ.૨૪,૦૦૦/-આવક મર્યાદા | ૪૮ થી ૫૨ |
| ૨૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૯૯/૭૬૯/હ, તા.૨૨/૨/૨૦૦૦ | ડો.આંબેડકર આવાસ યોજના(ત્રણ હપ્તામાં)<br>મકાનની ટોચની કિંમત-<br>રૂ.૫૦,૦૦૦/-ગ્રામ્ય વિસ્તાર<br>રૂ.૭૦,૦૦૦/-શહેરી વિસ્તાર<br>-મકાન સહાયની રકમ રૂ.૨૦,૦૦૦/-<br>-શ્રમફાળો-રૂ.૨,૦૦૦/-<br>-આવક મર્યાદા રૂ.૨૪,૦૦૦/- | ૫૩ થી ૫૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૦/૫૭૫/હ, તા.૧૬/૩/૨૦૦૦ | ડો.આંબેડકર આવાસ યોજના તા.૨૨/૨/૨૦૦નો ઠરાવનો તા.૧/૪/૨૦૦૦ થી અમલ કરવા અંગે | ૫૯-૬૦ |
| ૨૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૦/૪૬૪/હ, તા.૨૮/૪/૨૦૦૦ | ડો.આંબેડકર આવાસ યોજના (ત્રણ હપ્તામાં)<br>મકાનની ટોચની કિંમત-<br>રૂ.૫૦,૦૦૦/-ગ્રામ્ય વિસ્તાર<br>રૂ.૭૦,૦૦૦/-શહેરી વિસ્તાર<br>-મકાન સહાયની રકમરૂ.૩૦,૦૦૦/-<br>-શ્રમફાળો-રૂ.૨,૦૦૦/-<br>-આવક મર્યાદા રૂ ૨૪,૦૦૦/- | ૬૧-૬૨ |
| ૨૫ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૦/૧૮૨૩/હ, તા.૧૯/૧૦/૨૦૦૦ | તા.૨૨/૨/૨૦૦૦ના ઠરાવની જોગવાઇ ૪(૩) રદ કરી<br>પ્રથમ હપ્તો ૧૦% પ્રમાણે રૂ.૩૦૦૦/- અરજી મંજુર કરતી વખતે<br>બીજો હપ્તો ૩૦% પ્લીંથ લેવલનું સક્ષમ અધિકારી/સ/ક.નિનું પ્રમાણ પત્ર રજુ થયેથીઅને બાકીની ૩૦% રકમની ચુકવણી અંગે.ગ્રાંટના અભાવે મંજુર કરી શકાયેલ ન હોય તેવા અરજદારો ને શરતો પરીપુર્ણ થતી હોય તો એકજ હપ્તામાં મંજુર કરવા અંગે. | ૬૩ થી ૬૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૧/મ/૧૧/ઙ, તા.૧૫/૬/૨૦૦૧ | ડો.આંબેડકર આવાસ યોજના(ત્રણ હપ્તામાં) (30%,૪૦%30%)<br>મકાનની ટોચની કિંમત-<br>રૂ.૫૦,૦૦૦/-ગ્રામ્ય વિસ્તાર<br>રૂ.૭૦,૦૦૦/-શહેરી વિસ્તાર<br>-સહાયની રકમ-રૂ.૪૦,૦૦૦/-કરી..<br>-શ્રમફાળો-રૂ.૨,૦૦૦/-<br>-આવક મર્યાદા રૂ.૨૪,૦૦૦/-<br>-ડો.આંબેડકર આવાસ યોજનામાં ભુકંપ પ્રતિરોધક આવાસોબનાવવા જોગવાઇ કરવામાં આવી . | ૬૬-૬૭ |
| ૨૭ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૦/૪૬૪/ઙ, તા.૨૯/૮/૨૦૦૧ | ડો.આંબેડકર આવાસ યોજના<br>મકાનની ટોચની કિંમત-<br>રૂ.૫૦,૦૦૦/-ગ્રામ્ય વિસ્તાર<br>રૂ.૭૦,૦૦૦/-શહેરી વિસ્તાર<br>-સહાયની રકમ-રૂ.૪૦,૦૦૦/-<br>-શ્રમફાળો-રૂ.૨,૦૦૦/- | ૬૮-૬૯ |
| ૨૮ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૨/૨૬૭૨/ઙ તા.૨૫/3/૨૦03નો પત્ર | ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ બાંધવામાં આવતા મકાનોમાં સમય મર્યાદા રદ કરવા અંગે | ૭૦ |
| ૨૯ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦03/૨૨૬૭/ઙ તા.૧૭/3/૨૦૦૪નો પત્ર | ડો.આંબેડકર આવાસ યોજના હેઠળની અરજીઓ સ્વીકારવા તેમજ નવી અરજીની મંજુરી આપવા અંગે. | ૭૧ |
| 30 | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦03/૧૪૩૮/ઙ તા.3/૫/૨૦૦૪નો પત્ર | ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ લાભાર્થીનું અવસાન થાયતો કાયદેસરના વારસદારોને સહાય આપવા બાબત | ૭૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/છ, તા.૧૭/૫/૨૦૦૪ | ડો.આંબેડકર આવાસ યોજના મકાન સહાય ચુકવવા બાબત.<br>મકાનની ટોચની કિંમત-<br>રૂ.૭૦,૦૦૦/-ગ્રામ્ય વિસ્તાર<br>રૂ.૧,૦૦,૦૦૦/-શહેરી વિસ્તાર<br>-મકાન સહાયની રકમ રૂ.૪૦,૦૦૦/-<br>-રૂ.શ્રમફાળો-રૂ.૫,૦૦૦/-<br>-આવક મર્યાદા રૂ.૨૪,૦૦૦/- | ૭૩ થી ૭૯ |
| ૩૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૪/૧૦૫૧/છ તા.૨૩/૭/૨૦૦૪ | ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય ચુકવવા બાબત. | ૮૦-૮૧ |
| ૩૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/છ, તા.૮/૬/૨૦૦૫ | ડો.આંબેડકર આવાસ યોજનામાં લાભાર્થીની પસંદગી સમિતિની રચના (૨૫%૫૦%૨૫%)<br>ફોમ મેળવવા સમાચાર પત્રોમાં જાહેરાત આપવી<br>મકાનની ટોચની કિંમત-<br>રૂ.૧,૦૦,૦૦૦/-ગ્રામ્ય વિસ્તાર<br>રૂ.૧,૫૦,૦૦૦/-શહેરી વિસ્તાર<br>-સહાયની રકમ-રૂ.૪૦,૦૦૦/-<br>-શ્રમફાળો-રૂ.૫,૦૦૦/-<br>-આવક મર્યાદા રૂ.૨૪,૦૦૦/ | ૮૨ થી ૯૪ |
| ૩૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/છ, તા.૧૭/૨/૨૦૦૬ | ડો.આંબેડકર આવાસ યોજનામાં લક્ષ્યાંક ઉપરાંતના કેસો મંજુર કરવા અંગે જેઓને વર્ક ઓડર આપ્યા પછી અરજદારે કામ શરુ કર્યું હોય,કાગળો રજુ કર્યા હોય પરંતુ સહાય ચુકવાઇ ન હોય તેવા કેસોને અગ્રતા આપવી | ૯૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૫ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ, તા.૧૭/૨/૨૦૦૬ | ડો.આંબેડકર આવાસ યોજનામાં પડતર અરજીઓને નવા વર્ષમાં પ્રથમ લેવા સુચના | ૯૬ |
| ૩૬ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ, તા.૨/૭/૨૦૦૭ | ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય ચુકવવા બાબત<br>-લાભાર્થીની ઓછામાં ઓછી ઉંમર ૨૧ વર્ષ કરવામાં આવી<br>-૫૦% અરજી મંજુર કરતી વખતે અને ૫૦% લીંટલ લેવલનું સ.ક.નિનું પ્રમાણ પત્ર મળ્યેથી ચુકવવા જોગવાઇ કરવામાં આવી. | ૯૭ થી ૯૯ |
| ૩૭ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ, તા.૧૫/૪/૨૦૦૮ | ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય ચુકવવા જિલ્લા કક્ષાએ રચાયેલ લાભાર્થીઓની પસંદગી સમિતિ રદ કરવામાં આવી | ૧૦૦ થી ૧૦૨ |
| ૩૮ | પંચાયત ગ્રામ ગ્રુહ નિર્માણ વિભાગ સચિવાલય,ગાંધીનગર | પરચ/૧૦૨૦૦૮/૮૧૯/લ તા.૨/૩/૨૦૦૯ | રાજ્યની આવાસ યોજનાઓ યુનિટ કોસ્ટ એક સરખી રાખવી તથા તાલુકા દીઠ કલસ્ટર અભિગમથી આવાસો બનાવવા બાબત | ૧૦૩ થી ૧૦૭ |
| ૩૯ | પંચાયત અને ગ્રામ્ ગ્રુહ નિર્માણ વિભાગ સચિવાલય,ગાંધીનગર | પરચ/૧૦૨૦૦૯/૫૧૦/લ તા.૨૯/૦૫/૦૯ | તા૧૯/૦૫/૦૯ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોધ. | ૧૦૮ થી ૧૧૩ |
| ૪૦ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | અ.સ.પત્રક.અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ તા.૦૯/૦૬/૦૯ | ગુજરાત રાજ્યની આવાસ યોજનાઓની યુનિટ કોસ્ટ એક સરખી રાખવી તથા તાલુકા દીઠ કલસ્ટર અભિગમથી આવાસો બનાવવા/ અમલીકરણ કરવા બાબત. | ૧૧૪ થી ૧૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | પત્રનં.અબડ/૧૦૨૦૦૩/ ૧૩૦૩/ઙ,તા.૯/૬/૨૦૦૯ | રાજ્યની આવાસ યોજનાઓ યુનિટ કોસ્ટ એક સરખી રાખવી તથા તાલુકા દીઠ કલસ્ટર અભિગમથી આવાસો બનાવવા બાબતે બી.પી.એલ યાદી અપડેટ કરવા અંગે સુચના. | ૧૧૭ થી ૧૧૯ |
| ૪૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર | પત્રનં.અબડ/૧૦૨૦૦૩/ ૧૩૦૩/ઙ, તા.૧૧/૬/૨૦૦૯ | રાજ્યની આવાસ યોજનાઓ યુનિટ કોસ્ટ એક સરખી રાખવી તથા તાલુકા દીઠ કલસ્ટર અભિગમથી આવાસો બનાવવા બાબતે બી.પી.એલ યાદી અપડેટ કરવા અરજીપત્રકના નમુનાઓ મોકલવા અંગે | ૧૨૦-૧૨૫ |

Financial assistance to SC&ST for Construction of house on individual basis & Purchase of land by Private (Scheme No.585-A)

Negotiations.

Government of Gujarat
Education and Labour Department,
Resolution No.BUD 1071-97930 J,
Dated the 25th August, 1972

**Read: Govt. Resolution, Education and Labour Department No.1872-958-VI 1972 Dated 29-7-1972.**

**Resolution:**

Sanction is accorded to the implementation of the Scheme of financial assistance to Scheduled Caste & Scheduled Tribes persons for construction of houses on individual basis and purchase of land by private negotiation, at a Total Cost of Rs.2,43,000/- (Rs. Two lakhs forty three thousand only) as per the details of scheme appended to take necessary steps to implement the scheme.

2. The expenditure on this account should be debited to the budgeted Head "39-Misc. Social and Development organizations – Social & Moral hyginc and after care services – Scheme in Five Year Plan A-6(1)(27). Financial Assistance to Co-operative housing societies of Scheduled Castes and Scheduled Tribes and should be met from the provision made there under doing current financial year.

The issue with the concurrence of Financial Advisor Education and Labour Department dated 19-11-72, on this department file of even number.

By order and in the name of the Governor of Gujarat.

Sd/-
N. D. Mankad,
Section Officer
Education and Labour Department

Item No.:- Financial Assistance to Scheduled Castes and Scheduled Tribes for Construction of house on individual construction of Houses on Individual basis & Purchase of land by Private negotiations.
(Scheme No.585-A)

Recurrent Non-recurrent Rs. 23,43,000/-

**Remarks:**

Most of the Scheduled Castes and Scheduled Tribes persons do not own land of construction residential houses. The Sweepers and Scavengers and Halpatis are advanced financial assistance for purchase of house sites. The other construction of SC & ST are not being granted financial assistance for purchase of house sites through private negotiations. It is therefore proposed to grants similar financial assistance of Rs.500/- each for purchase of house sites by private negotiation of SC & ST whose annual income does not exceed Rs.2000/- were Government land is not available.

Such of the member of these communities who are not able to construct houses of their own are proposed to be granted financial assistance as under for construction of residential houses.

75% of the actual cost of construction of house subject to maximum of Rs.900/- as subsidy which will be given as under:

1. 50% as a advance grant

2. 25% when the construction purchase roof land.

3. Balance on receipt of completion certificate.

4. The construction of house shall have to be completed within six months from the date of receipt of the subsidy. The officer under village/Taluka/District Panchayat. Social Welfare Department and Municipalities shall be authorized to issued completion certificate. If the amount of subsidy is unutilized for the purchase other than for which it is sanctioned recovery will be effected as arrears of land revenue.

ભંગી,સેનવા,હાંડી અને નાડિયા જાતિનાલોકોને
વ્યક્તિગત ધોરણે મકાન બાંધવાની યોજના.

ગુજરાત સરકાર
મજૂર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક;-એસસીડબલ્યુ-૧૦૭૯-૭૭૩૩૦-જ
સચિવાલય,ગાંધીનગર.
તા;-૧૫-૨-૮૦

વંચાણે લીધા:-

શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવનં.બીયુડી-૧૦૭૧-૯૭૯૩૦-જ,તા;-૨૫-૦૮-૭૨

ઠરાવ;-

સરકારના તા.૨૫-૮-૧૯૭૨ ના ઠરાવનં.બીયુડી/૧૦૭૧/૯૭૯૩૦/જ થી અનુ.જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે રૂ.૯૦૦/-ની સહાય આપવાની યોજના અમલમાં છે, અનુસુચિત જાતિના લોકો જેવા કે ભંગી,સેનવા,હાંડી અને નાડિયાનો આર્થિક સ્થિતિ જોતા આ સહાય ઓછી જણાયેલ છે એટલે તેઓને મકાનનાં બાંધકામ માટે પુરતી સહાય આપવામાં આવે તો તેમનો રહેઠાણનો પ્રશ્ન હલ થશે. આ બાબત ધ્યાનમાં લઈ સહાયનો ઢાંચો સુધારવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણામાં હતી અને વિચારણાને અંતે સરકારે નીચે જણાવ્યા પ્રમાણેનો નવો ઢાંચો ઉપર નિર્દેશ કરેલ જાતિનાં લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન બાંધવા માટે નક્કી કરેલ.

રૂ. ૨૦૦૦/- સબસીડી
રૂ. ૫૦૦/- લાભાર્થીનો શ્રમ ફાળો.
કુલ રૂ. ૨૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા)
સબસીડીની રકમ સમાજ કલ્યાણ ખાતું ચુકવશે.

૨. આ યોજના એક ઘણી અનિવાર્ય યોજના છે, અને તેથી તેનું અમલીકરણ ચાલુ વરસથીજ કરવાનું સરકારે નક્કી કરેલ છે. અને તે મુજબ ચાલુ વર્ષમાં આ જાતિના ૨૫૦/- મકાનો માટે રૂ.૨,૫૦,૦૦૦/-(બે લાખ પચાસ હજાર)ની સબસીડી પ્રથમ હપ્તા તરીકે મંજુર કરવામાં આવે છે.

૩. આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર"૨૮૮-સોશ્યલ શીક્યોરીટી એન્ડ વેલ્ફેર-સીસીવેલ્ફેર ઓફ બેકવર્ડ ક્લાસીસ વેલ્ફેર ઓફ શીડ્યુલકાસ્ટ હેઠળ થયેલ જોગવાઈઓમાંથી મેળવવામાં આવશે અને તે હેડે ઉધારવામાં આવશે.

૪. આ ઠરાવ નાણાંવિભાગની તા.૪-૨-૮૦ની સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કા.જે.રાઠોડ
સેકશન અધિકારી
મજૂર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.

ગુજરાત સરકાર

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક;-એસસીડબલ્યુ-૧૨૮૦-૮૨૨૧૭;૫૩૦૭;-જ

સચિવાલય,ગાંધીનગર.

તા;-૨૨-૧-૧૯૮૧

વંચાણેલીધા:-

૧. શિક્ષણ અને મજુર વિભાગનો ઠરાવ ક્રમાંક;.બીયુડી-૧૦૭૧-૯૭૯૩૦-જ,તા;-૨૫-૦૮-૭૨

૨. શિક્ષણ અને મજુર વિભાગનો ઠરાવ ક્રમાંક ;બીયુડી-૧૮૭૧-૯૬૭૪૨-જ.

3. સમાજ કલ્યાણ નિયામક,અમદાવાદનો પત્રનં.સિકાયોજના-૩૪૮૨-૭૩-૨,તા.૭-૮-૮૦

ઠ રા વ

આમુખમાં જણાવેલ તા.૨૫-૮-૭૨ના ઠરાવથી અનુ.જાતિ,જનજાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન સહાય આપવાની યોજના અમલમાં છે.તેમુજબ જેમની વાર્ષિક આવક રૂ.૨૦૦૦/-( રૂપિયા બે હજાર) થી વધતી ન હોય તેવા અનુ.જાતિના લોકોને રૂ. ૧૨૦૦/-ના ખર્ચની મર્યાદામાં ૭૫ ટકા પ્રમાણે રૂ.૯૦૦/- જેટલી રકમ સબસીડી તરીકે આપવામાં આવે છે. પરંતું મકાન બાંધકામના માલ-સામાન વગેરેના ભાવ વધારાને કારણે ઉપરોકત યોજના મુજબના નાણાકીય મર્યાદામાં મકાન બાંધવાનું મુશ્કેલ છે.આથી પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈ આ યોજનામાં નાણાકીય મદદના ધોરણમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી., વિચારણાને અંતે અનુ.જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન બાંધવાની યોજના માટે નીચે પ્રમાણે નાણાકીય સહાયનું ધોરણ આથી ઠરાવવામાં આવે છે.

૧. રૂ.૧૨૫૦/- સબસીડી સહાય

૨. રૂ.૧૨૫૦/- વ્યાજ મુકત લોન

3. રૂ.૫૦૦/- -લાભાર્થીનો શ્રમ ફાળો

કુલ રૂ.3,000/- (ત્રણ હજાર)

આ યોજનોનો લાભ લેનાર લાભાર્થી જો લોન લીધા સિવાય મકાન બનાવવા માંગે તો તે મકાન બાંધી શકે જેમાં સબસીડીની રકમ લાભાર્થીઓને મળવાપાત્ર થશે. આ યોજના મુજબ જે લાભાર્થીની કુંટુંબની બધા સાધનોમાંથી આર્થિક આવક રૂ. ૪૨૦૦/- સુધીની હોય,તેમને આ યોજનાનો લાભ મળવા પાત્ર થશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર"૨૮૮" સોશ્યલ સિક્યુરીટી એન્ડ વેલ્ફેર-એસ.સી.એસ.ટી એન્ડ.- ઓબીસી-હેઠળ ઉધારવો તેમજ ચાલુ વર્ષ-૧૯૮૦-૮૧- ગૃહ નિર્માણ યોજના હેઠળ થયેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ નાણાકીય સલાહકારશ્રીની આ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઈલ પરની તા.૧૫-૦૧-૧૯૮૧થી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યની રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ર.પ.વ્યાસ

ઉપ સચિવ

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ

અનુસૂચિત જાતિ/ જનજાતિ, વિચરતી તથા
વિમુક્ત જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન
સહાય માટેની યોજના..

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસટીકબલ્યુ- ૧૨૮૧-૫૫૫૮(૩૨૯૩)જ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૭-૫-૮૨

વંચાણે લીધા: - ૧ શિક્ષણ અને મજૂર વિભાગનો ઠરાવ ક્રમાંક: બીસીકે- ૪૭૧-
૯૭૯૩૦-જ, તા. ૨૫-૮-૭૨.
૨: સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ
ક્રમાંક: એસસીકબલ્યુ- ૧૨૮૦-૮૨૨૭૭(૫૩૦૭)-જ, તા. ૨૨- ૧-૮૧
૩: નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, અમદાવાદનો પત્ર નં.
સક-યોજના-૭૩-૩-૨૩૩ તા. ૧૬- ૧૧-૮૧

ઠ ર ા વ: -

આમુખમાં જણાવેલ તા. ૨૨- ૧-૮૧ ના ઠરાવથી અનુસૂચિત જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધવા માટે નીચે પ્રમાણે નાણાંકીય સહાય આપવામાં આવે છે.

૧. રૂ. ૧૨૫૦/ બક્ષિસ(સહાય)
૨. રૂ. ૧૨૫૦/ વ્યાજમુક્ત લોન
૩. રૂ. ૫૦૦/ લાભાર્થીઓનો શ્રમ ફાળો

કુલ રૂ. ૩૦૦૦ (રુપિયા ત્રણ હજાર)

આ યોજનાનો લાભ અનુસૂચિત જનજાતિ, વિચરતી તથા વિમુક્ત જાતિના લોકોને પણ આપવાની બાબત વિચારણામાં હતી. વિચારણાને અંતે આમુખમાં જણાવેલ તા. ૨૨- ૧-૮૨ ના ઠરાવથી નક્કી થયા મુજબની નાણાંકીય સહાય અનુસૂચિત જનજાતિ વિચરતી તથા વિમુક્ત જાતિના લોકોને જાણ તા. ૨૨- ૧-૮૨ ના ઠરાવમાં જણાવેલ શરતે આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

ચાલુ વર્ષે અનુસૂચિત જાતિના લોકો માટે થયેલ જોગવાઇ રૂ. ૬.૫૦ લાખનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. જે ચાલુ વર્ષનાં અંદાજપત્રનાં સદર '૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ, ૬૮૮-લોન ફોર સોશ્યલ સીક્યોરીટી એન્ડ વેલ્ફેર' હેઠળ ઉધારવો અને ચાલુ વર્ષે થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઇલ પરની નાણાં સલાહકારશ્રીની તા. ૨[illegible]-૪-૮૨ થી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઇ. એલ. કુરેશી
સેક્શન અધિકારી,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

સમાજ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)નાં અંગત સચિવશ્રી,
મંત્રીશ્રી(આક)ના અંગત સચિવશ્રી,
નાયબ મંત્રીશ્રી(હક)ના અંગત સચિવશ્રી,
નાયબ મંત્રીશ્રી(પાક)નાં અંગત સચિવશ્રી,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, અમદાવાદ,
મહાલેખાધિકારીશ્રી, અમદાવાદ/ રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર,
બજેટ શાખા, સ. ક. અને આ. વિ. વિભાગ,
સીલેક્ટ ફાઇલ.

અનુ.જાતિ, જનજાતિ, વિચરતી તથા વિમુક્ત જાતિઓ માટે વ્યક્તિગત ધોરણે મકાન સહાયની યોજના.

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંકઃ એનટીડબલ્યુ-૧૨૮૬-૩૪૫૭(૫૨૦)જ,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩-૬-૧૯૮૩.

**વંચાણે લીધા :-**

૧) સ.ક. અને આ.વિ.વિ.નો ઠરાવ નં.એસસીડબલ્યુ-૧૨૮૦-૮૨૨૧૭(૫૩૦૭)જ તારીખઃ-૨૨-૧-૧૯૮૧.

૨) સ.ક. અને આ.વિ.વિ.નો સુધારા ક્રમાંકઃ એસટીડબલ્યુ-૧૨૮૧-૫૦૫૦૮(૩૨૯૩)જ, તા. ૫-૭-૧૯૮૨.

૩) નિયામકશ્રી, સમાજ કલ્યાણ અમદાવાદનો પત્ર નં. સક-યોજના-૭૩-૩-૭૦૩, તા.૪-૧૦-૧૯૮૨.

**આમુખ :-**

આમુખમાં જણાવેલ તા.૨૨-૧-૮૧ ના ઠરાવથી અનુ.જાતિના લોકોને તા.૫-૭-૮૨ ના સુધારાથી અનુ.જનજાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે નીચે પ્રમાણે સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે.

૧. રૂ. ૧૨૫૦/- લોન (વ્યાજ મુક્ત)

૨. રૂ. ૧૨૫૦/- સબસીડી

૩. રૂ. ૫૦૦/- લાભાર્થીઓનો શ્રમફાળો.

કુલ રૂ.૩૦૦૦/-

૨. તા.૫-૭-૮૨ ના સુધારાથી વિચરતી તથા વિમુક્ત જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે ફક્ત રૂ.૧૨૫૦/- ની સબસીડી આપવાનું ઠરાવવામાં આવેલ છે.

...૨.

૩. અનુ.જાતિ, જનજાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ મા જે પ્રમાણે નાણાંકીય સહાય આપવામાં આવે છે. તે પ્રમાણે વિચરતી અને વિમુક્ત જાતિનાં લોકોને પણ મકાન બાંધકામ માટે નાણાંકીય સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

વિચારણાને અંતે વિચરતી અને વિમુક્ત જાતિના લોકોને પણ ઉપરા મુજબ નાણાંકીય સહાય આપવાનુ આથી ઠરાવવામાં આવે છે. આમ હવે અનુ.જાતિ, જનજાતિ, વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન સહાયની યોજના હેઠળ નીચે પ્રમાણે સહાયનું ધોરણ રહેશે.

૧. રૂ. ૧૨૫૦/- વ્યાજ મુક્ત લોન
૨. રૂ. ૧૨૫૦/- સબસીડી
૩. રૂ. ૫૦૦/- લાભાર્થીઓનો શ્રમફાળો

કુલ રૂ. ૩૦૦૦/-

ઉપર મુજબની નાણાંકીય સહાય આ ઠરાવ સાથેના બિડાણમાં શરતો પ્રમાણે આપવાની રહેશે. આ શરતોઅનુ.જાતિ, અનુ.જનજાતિ, વિ અને વિમુક્ત જાતિ દરેકને મકાન બાંધકામ માટેની નાણાંકીય સહાય મા પડશે,

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર-૨૮૮ સોશીયલ સીક્યોરીટી : સી વેલ્ફેર ઓફ એસસી એસટી એન્ડ ઓબી -બી વેલ્ફેર ઓફ શીડયુલ્ડ વેલ્ફેર ઓફ શીડયુલ્ડ ટ્રાઇબ્સ' હેઠળ ચાલુ વર્ષ થયેલ જોગવાઈમાંથી મેળ

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંક વાળી ફાઈલ પરની સલાહકારશ્રીની તા.૩૦-૩-૮૩ ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
(આઈ.એલ.કુરેશી)
સેક્શન અધિકારી,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૩-૬-૮૩ ના ઠરાવ ક્રમાંક: એનટીડબલ્યુ-૧૨૮૨-૧૩૪૫૭(૫૧૦)જ. સાથેનું બિડાણ.

---

શ ર તો :-

---

૧. આ યોજના હેઠળ જે વ્યક્તિ લોન ન મેળવીને ફક્ત સહાય જ મેળવવા અરજી કરે તો તેઓએ યોજનાના ઢાંચા મુજબ રૂ.૩૦૦૦/- ના બાંધકામનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૨. બાંધકામ શરૂ કરતાં પહેલાં લોનની ૧૦૦ % રકમ રૂ.૧૨૫૦/- લાભાર્થીને ચુકવવી.

૩. સબસીડીની ૫૦ % રકમ રૂ.૬૨૫/- મકાનનું બાંધકામ રૂફ લેવલ સુધીનું પુરું થાય ત્યારે પ્રમાણપત્રના આધારે ચુકવવી.

૪. સબસીડીની બાકીની ૫૦ % રકમ રૂ.૬૨૫/- મકાનનું બાંધકામ પુરેપુરું થઈ ગયા પછી પ્રમાણપત્ર રજુ કર્યા પછી ચુકવવી.

૫. મકાનનું બાંધકામ લોનની રકમ પ્રથમ ચુકવ્યા પછીના એક વર્ષમાં પુરું કરવાનું રહેશે.

૬. વિચરતી અને વિમુક્ત જાતિઓના કિસ્સામાં લાભ લેનાર લાભાર્થીઓને તેમના સ્થાયીપણાની ખાતરી કર્યા પછી જ આ યોજના હેઠળ લાભ આપવાનો રહેશે.

૭. આ યોજના હેઠળ આવકમર્યાદાનું ધોરણ વાર્ષિક રૂ.૪૨૦૦/- નું રહેશે.

લોનની રકમ પરત કરવા અંગે.

**શરતો :-**

૧) લોન મળ્યા પછીના મહિનાથી માસિક રૂ.૨૫/- ના સરખા હપ્તે કુલ ૫૦ હપ્તામાં લોન વસુલ કરવાની રહેશે.

૨) લોનના હપ્તા નિયમિત નહીં ભરનાર લાભાર્થી પાસેથી ૨% દંડનીય વ્યાજ વસુલ કરવામાં આવશે.

૩) મકાન બાંધકામ માટે અન્ય કોઈ યોજના હેઠળ લાભ લેનાર વ્યક્તિ આ યોજના હેઠળ સહાય મેળવવા પાત્ર રહેશે નહી.

૪) નિયત સમયમાં મકાનનું બાંધકામ પુર્ણ નહીં કરનારની અને લોનના હપ્તા ન ભરનાર લાભાર્થી પાસેથી રેવન્યુ રાહે વસુલાત લેવામાં આવશે.

અનુ.જાતિ/જનજાતિ, વિચરતી તથા વિમુકિત જાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન સહાય આપવાની યોજના મી મકાન બાંધકામ પૂર્ણ કરવાની મુદ્દતમી ખાસ કિસ્સા તરીકે છુટછાટ...

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :એસસોડબ્લ્યુ-૨૦૮૭/૪૯૯/ખ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૧૮-૫-૧૯૮૭.

વંચાણે લીધા :-

૧. ભૂ.પૂ.શિ. અને મજુર વિભાગનો ઠક:બીયુડી-૧૦૭૧/૯૭૯૩૦/ર તા. ૨૫-૮-'૭૨
૨. ભૂ.પૂ.સ.ક. અને આ.જા.વિ.વિ. નો ઠક-એસસોડબ્લ્યુ-૧૨૮૧/૫૦૫૦૮(૩૨૯૩)જ તા. ૭-૫-'૮૨
૩. ભૂ.પૂ.સ.ક. અને આ.જા.વિ.વિ.નો ઠક-એસસોડબ્લ્યુ-૧૨૮૨-૧૩૪૫૭(૫૧૦)જ તા. ૩-૬-'૮૩
૪. નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, અમદાવાદનો પત્રક્રમાંક : સક/અમલ/જ ૨૯૪૧/ તા. ૨૩-૨-'૮૭.

ઠ રા વ :-

આમુખમી જણાવેલ તા.૩-૬-'૮૩ના ઠરાવથી અનુ.જાતિ/જનજાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન બનાવવા લોન-સહાય આપવાની યોજના અમલમી છે. આ ઠરાવ અનુસાર મકાન બાંધકામ પૂર્ણ કરવાની મુદ્દત ૧ વર્ષ નિયત કરેલ છે. લાભાર્થી ૧ વર્ષમી મકાન બાંધકામ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર રજુ કરે ત્યારેજ સબસીડીની બાકીની રકમ મળવાપાત્ર થાય છે.

૨. અગાઉ મકાન બાંધકામ પૂર્ણ કરવાની મુદ્દત ૬ માસની ઠરાવેલ પરંતુ ૬ માસમી મકાન બાંધકામ પૂર્ણ થઈ શકતું ન હોવાથી લાભાર્થીઓની રજુઆતો ધ્યાનમી લઈ મુદ્દત વધારીને ૧ વર્ષ કરવામી આવેલ. પરંતુ મુદ્દત વધાર્યા બાદ પણ એવા ઘણા કિસ્સા સરકારના ધ્યાન પર આવેલ છે કે ૧ વર્ષની મુદ્દતમી પણ ઘણા લાભાર્થીઓ મકાન બાંધકામ પૂર્ણ કરી શકેલ નથી. આથી આ લાભાર્થીઓ નિયમ મુજબ બાકીની સબસીડીની રકમ મેળવી શકતા નથી. વળી નિયમ મુજબ લીધેલ લોન તો ઠરાવેલ મુદ્દતમી પરત ભરપાઈ કરવાની થાય છે. ત્યારે એક બાજુ નાણીના અભાવે મકાન પુરુ થઈ શકયું હોતુ નથી. અને બીજી બાજુ લોનની વસુલાત શરૂ થાય છે. આથી સમાજના પછાતવર્ગના આ લોકોની મુશ્કેલી ઘણી વધી જાય છે. આથી હિતાધિકારીઓની મુશ્કેલી નિવારવા મકાન બાંધકામ પૂર્ણ કરવાની મુદ્દતમી ખાસ કિસ્સા તરીકે છુટછાટ આપવાની બાબત સરકારની

...૨...

વિચારણા હેઠળ હતો.

૩. જે લાભાર્થીઓએ વ્યક્તિગત ધોરણે ગૃહનિર્માણની યોજના હેઠળ લાભ લીધો હોય અને ૧ વર્ષની મુદ્દતમાં મકાન બાંધકામ પૂર્ણ ન કરી શકવાના કારણે સબસીડીની રકમ મેળવી શકયા ન હોય તેવા લાભાર્થીઓ જો તા. ૩૦-૯-'૮૭ સુધીમાં મકાન બાંધકામ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર રજુ કરે તો તેવા તમામ કિસ્સામાં મકાન સહાયનો બાકીનો હપ્તા ચૂકવી આપવાનું સહાનુભૂતિપૂર્વકની વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે.

આ અંગેની જરૂરી કાર્યવાહી સત્વરે હાથ ધરવા તથા ઠરાવેલ છુટછાટ અંગેની માહિતી અને તે અંગે જરૂરી માર્ગદર્શન જિલ્લાધિકારીઓને સમયસર મળી રહે તે માટે જરૂરી બહોળો પ્રસિધ્ધિ અને પ્રચાર ગોઠવવા નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગરને આથી સુચના આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર આદિજાતિ વિકાસ વિભાગની તા. ૬-૪-'૮ સહમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/- નો.ના.મહેતા.
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.

નં સદ/અમલ/૪/સ્ય.મ.સ./ ૮૭-૮૮/

અનુસુચિત જાતિના લોકો માટેની ગૃહ નિર્માણ
યોજનામાં મકાન બાંધકામ પુર્ણકરવાની મુદત
અંગેની જોગવાઈ રદ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક;સમસ/૧૩૮૭/મ.૭૧૮/૨૫૭૦/ખ
સમાજ કલ્યાણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૨/૧૨/૮૭

<u>વંચાણે લીધા;-</u>

(૧) ભુતપુર્વ મજૂર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક;-એસસીડબલ્યુ/૧૦૭૯/૭૭૩૩૦/જ- તા;૧૫-૨-૮૦

(૨) ભુતપુર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક;એસસીડબલ્યુ/૧૦૮૦/૧૭૨૬ ( ૪૦૫૦) જ તા;૩-૭-૮૧

(૩) ભુતપુર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક;-એનટીડબલ્યુ-૧૨૮૨- ૩૪૫૭ (૫૧૦) જ તા.૩-૬-૧૯૮૩

(૪) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક;-એસસીડબલ્યુ-૧૨૮૯/મુ.મ૧૩૦/૧૪૫૧/ખ,તા;૭-૧-૮૭

<u>ઠ રા વ</u>

આમુખમાં જણાવેલ ઠરાવોથી અનુસુચિત જાતિના લોકો માટેની ગૃહનિર્માણની વ્યક્તિગત યોજનાઓ અમલમાં મુકેલ છે. જેમાં મકાન બાંધકામ પૂર્ણ કરવાની મુદત ૧ વર્ષ નિયત કરવામાં આવેલ, લાભાર્થી ૧ વર્ષની મુદતમાં મકાન બાંધકામ પૂર્ણ ન કરે તો,તે માટે જવાબદાર સંજોગોના ગુણ-દોષ તપાસ્યાબાદ જો યોગ્ય લાગે તો વધુ ૬ માસની મુદત વધારી આપવાની સત્તા આમુખમાં દર્શાવેલ તા;-૭-૧/૮૭ ના ઠરાવથી નિયામકશ્રી સમાજ કલ્યાણ ને આપવામાં આવેલ.

આમ,લાભાર્થી વધુમાં વધુ ૧ વર્ષ અને ૬ માસની મુદતમાં મકાન બાંધકામ પૂર્ણ કર્યા અંગેનુ પ્રમાણ પત્ર રજુ ન કરેતો લોન/સહાયની રકમનો છેલ્લો હપ્તો મેળવવા પાત્ર થતા ન હતા. આ યોજનાઓ હેઠળ લાભ મેળવતા તમામ લાભાર્થીઓ આર્થિક રીતે વધુ પછાત હોવાના કારણે તેઓ પૈકી કેટલાક ઠરાવેલ સમય મર્યાદામાં મકાન બાંધકામ પૂર્ણ કરી શકતા નથી. આથી નિયત સમય વિતી જતાં તેઓ માટે મંજુર થયેલ સહાયની રકમનો છેલ્લો હપ્તો નિયમ મુજબ તેઓ મેળવી શકતા નથી.

વાસ્તવમાં આ યોજનાઓ હેઠળ લાભ મેળવતો લાભાર્થી પોતાના મકાનનું બાંધકામ પૂર્ણ કરે ત્યારે તે માટે મંજુર કરેલ લોન/સહાયની પુરેપુરી રકમ મેળવવા તેઓ હકદાર બને છે. આથી સહાનુભુતી પુર્વક પૂર્ણ વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે અનુસુચિત જાતિના લોકો માટેની ગૃહનિર્માણ ને લગતી વ્યક્તિગત યોજનાઓમાં મકાન બાંધકામ પૂર્ણ કરવા માટે અગાઉ ઠરાવેલ સમય મર્યાદાની જોગવાઈ રદ કરવામાં આવે છે. એટલે કે મકાન બાંધકામ પૂર્ણ કરવા માટે હવે કોઈ સમય મર્યાદા રહેતી નથી. લાભાર્થી જ્યારે પણ મકાન બાંધકામ પૂર્ણ કર્યા અંગેનું નિયત કરેલ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરે ત્યારે તેઓ લોન/ સહાયના બાકીના હપ્તાની રકમ મેળવવા પાત્ર ઠરે છે

આ ઠરાવની તારીખ અગાઉ જે લાભાર્થીઓની લોન/સહાય મંજુર થયેલ હોય અને તેઓ મકાન સમય મર્યાદામાં મકાન બાંધકામ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર રજુ કરી શકેલ ન હોય તો તેઓને પણ આ જોગવાઈ તાત્કાલિક અસરથી લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રેના હુકમથી અને તેમના નામે,

ની.ના.મહેતા
ઉપસચિવ
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
૧.નિયામકશ્રી,સમાજ કલ્યાણ ખાતું. ગુજરાત રાજ્ય,ગાંધીનગાર
૨ પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
૩.મહાલેખાકારશ્રી,અમદાવાદ/રાજકોટ.
૪.સર્વ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.
૫.સર્વ પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
૬. વિભાગની 'બ' શાખા.
૭.આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર. તરફ જાણ અર્થ.
૮.પસંદગી ફાઈલ.

**અનુ.જાતી તથા વિચરતી અને વિમુકતજાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે ગૃહનિર્માણ ની યોજના**

ગુજરાત સરકાર
ઠરાવક્રમાંક: વમ્સ/૧૨૮૮/૧૪૩૯/ ( ૧ ) ખ
સચિવાલય,સમાજ કલ્યાણ વિભાગ, ગાંધીનગર
તારીખ: ૨૫/૧/૮૯

વંચાણે લીધા

૧. ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૨૮૦/ ૮૨૨૧૦(૫૩૦૦)જ તા: ૨૨/૧/૮૧
૨. ભૂત પૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો સુધારો ક્ર એસસીડબલ્યુ/૧૨૮૧/ ૫૦૫૦૮(૩૨૯૩)જ તા: , ૫/૭/૮૨
૩. ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવક્રમાંક: એનટીડબલ્યુ/૧૨૮૨/ ૧૩૪૫૭ (૫૧૦) જ તા: ૩/૬/૮૩
૪. સમાજ કલ્યાણવિભાગનો ઠરાવક્રમાંક:સમસ/૧૩૮૭/મ /૭૧૮/૨૫૭૦/મ તા :૨૨/૧૨/૮૭
૫. નિયામ કશ્રી,સમાજ કલ્યાણનાં નીચે પ્રમાણેનાં પત્રો
(૧) સ.ક. અમલ-જ, ન ૮૮-૯૯૨ તા: ૨૩/૧/૮૯
(૨) સ.ક. અમલ-જ નં.બા/૮૯/૧૯૯૧ તા: ૨૩/૧/૮૯
(૩) સ.ક. અમલ-જ નંબા.૧૯૯૩ તા: ૨૩/૧/૮૯

ઠરાવ

૧. આ મુખમાં જણાવેલ તા:૩/૬/૮૩ ના સરકારશ્રીના ઠરાવ પ્રમાણે અનુ.જાતી તથા વિચરતી અને વિમુકતજાતીના લોકોને વ્યકિતગત ધોરણે મકાન બાંધકામ માટે નીચે પ્રમાણેની સહાય આપવાનું ધોરણ અમલમાં છે.

(૧) રૂા. ૧૨૫૦ લોન ( વ્યાજ મુકત )

(૨) રૂા. ૧૨૫૦ સહાય

(૩) રૂા. ૫૦૦ લાભાર્થીનો ફાળો

કુલ: રૂા. ૩૦૦૦ મકાનની ટોચની કિંમત

હાલમાં મકાન બાંધકામના દરોમાં ખુબજ વધારો થયેલ છે તેથી સમાજના પછાતવર્ગના એવા અનુ.જાતી તથા વિચરતી અને વિમુકતજાતીનાં લોકો ઉપર જણાવ્યા પ્રમાણેની અલ્પ સહાયથી પોતાનુ મકાન બનાવી શકે તેમ નથી આથી યોજનાનુ માળખુ સુધારવાનું નકકી કરવામાં આવેલ અને તે પ્રમાણે માન. સમાજ કલ્યાણ મંત્રીશ્રીએ વિધાનસભાગૃહમાં સરકારશ્રીનાં નીતિ વિષયક નિર્ણયની કરેલ જાહેરાત અનુસાર ,સઘન વિચારણાને અંતે અનુ.જાતી તથા વિચરતી અને વિમુકતજાતીમાં લોકો માટે નીચે પ્રમાણે મકાન સહાયની સુધારેલ નવી યોજના અમલમાં મુકવામાં આવે છે.

..૨..

......

૧. મકાનની ટોચની કિંમત રૂ. [illegible] રહેશે.

૨. મકાનની સહાયની રકમ રૂ. [illegible] કે થયેલ ખરેખર ખર્ચ તે બેમાંથી જે ઓછુ હોય તેના ૯૦%

૩. લાભાર્થીનો શ્રમફાળો રૂ. [illegible] કે થયેલ ખરેખર ખર્ચ તે બેમાંથી જે ઓછુ હોય તેના ૧૦%

૪. <u>આવક મર્યાદા</u>

(૧) અનુ.જાતી ( ભંગી,સેનવા, હાડી,નાડીયા,ભંગીસફાઈકામદાર ( જાજરુ કામદાર સહિત ) તુરી,ગરો,બાવા હરિજન બાવા વણકર સાધુ સિવાયના ) તથા વિચરતી અને વિમુકતજાતીના લોકો માટે આવક મર્યાદાનું ધોરણ વાર્ષિક રૂ. [illegible] રહેશે.

(૨) ભંગી, સેનવા, હાડી,નાડીયા, ભંગી સફાઈકામદાર ( જાજરુ કામદાર સહિત ) તુરી, ગરો,બાવા હરિજન બાવા વણકરસાધુના લોકો માટે આવક મર્યાદા નું ધોરણ લાગુ પડશે નહી.

૫. <u>સહાયનું ચુકવણું</u>

(૧) અરજી મંજુર થયેથી પ્રથમ હપ્તા પેટે મંજુર થયેલ રકમના ત્રીજા ભાગની રકમ ચુકવવામાં

(૨) રૂફ લેવલ સુધી બાંધકામ પુર્ણ કર્યા અંગે નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયે મંજુર થયેલ રકમના ત્રીજા ભાગની રકમ બીજા હપ્તા પેટે ચુકવવામાં આવશે.

(૩) મકાન પુર્ણ થયા અંગે નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયેથી બાકીની રકમ ત્રીજા અને છેલ્લા હપ્તા પેટે ચુકવવામાં આવશે.

૬. <u>યોજનાનો લાભ કોને મળશે.</u>

(૧) મકાન વિહોણા પરંતુ પોતાની માલીકીની જમીન ધરાવતા અનુ. જાતીના લોકો તથા વિચરતી અને વિમુકતજાતી ના લોકો કે જેમણે અન્ય કોઈ ગૃહનિર્માણ યોજના હેઠળ લાભ મેળવે હોય.

(૨) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તેવું તદન કાચુ ગાર માટીનું કામચલા ઝુંપડુ કે જે લાંબો સમય ટકી શકે તેવું ન હોય તે ધરાવનાર ઈસમ પણ યોજનાનો લાભ મેળવવાપ થશે.

૭. <u>યોજનાનો અમલ</u>

(૧) યોજનાનો અમલ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી તથા જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી દ્વારા કરવામાં આવશે.

(૨) ઠરાવમાં નિયત કરેલ શરતો પ્રમાણે લાભાર્થી યોજનાનો લાભ મેળવવાપાત્ર છે કે કેમ તેની પુરી ચકાસણી જે તે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી- જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીએ કરવાની રહેશે.

(૩) યોજનાની શરત બહાર સહાયનું ચુકવણુ થયેલ માલુમ પડશે તો તે ક્ષતિ માટે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ - જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીને જવાબદાર ગણીને ખોટી રીતે ચુકવાયેલ રકમ તેમની પાસેથી વસુલ કરવામાં આવશે.

(૪) મકાન સહાયની માંગણી માટે આવતી અરજીઓ તારીખ પ્રમાણે ગોઠવી મંજુર કર્યા બાદ અગ્રતાક્રમ પ્રમાણે સહાય મંજુર કરવામાં આવશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર - ૨૨૨૫ પેટા મુખ્ય સદર (૧) (૫૭) બીસીકે-૫૮ અનુ.જાતી/ અનુ.જનજાતી અને બીજા પછાતવર્ગોનું કલ્યાણ હેઠળ ચાલુ વર્ષ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની ફાઈલ ક્રમાંક: પરચ/૧૯૮૮/પ૬૧/૪૫૨ મળેલ નાણાં વિભાગ ની તા: ૨૪/૧/૮૯ ની અનુમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હ.વ.પટેલ
ઉપસચિવ
સમાજ કલ્યાણ વિભાગ

//કે.એ.૧૨૨૯૬//

અનુસૂચિત જનજાતિના લોકોને માટેની વ્યક્તિગત
ધોરણે ગૃહ નિર્માણની યોજના.

ગુજરાત સરકાર.
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃગનય/૨૦૮૮/૧૪૫૫/પ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૭-૮-૮૯

વંચાણમાં લીધા:-

(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસોડબલ્યુ/૧૨૮૦/૮૨૨૧૩/(પ૩૦૭)જ, તા. ૨૨-૧-૧૯૮૧.

(૨) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો સુધારો ક્રમાંકઃએસસો--ડબલ્યુ/૧૨૮૧/૫૦૫૦૮(૩૨૯૭) જ, તા. ૫/૭/૧૯૮૨.

(૩) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃએલટોડબલ્યુ/૧૨૮૨/૧૩૪૫૭(પ૦૭)જ, તા. ૩/૬/૧૯૮૩.

(૪) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સમસ/૧૩૮૭/મ.૭૨૮/૨૫૭૦/ખ, તા. ૨૨/૧૨/૮૭.

(૫) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃવમસ/૧૨૮૮/૧૪૩૯(૧) ખ, તા. ૨૫/૧/૮૯.

(૬) નિયામકશ્રી,સમાજ કલ્યાણ ખાતાનો પત્ર ક્રમાંકઃ સક/યોજના/૮૯/૭૩૬, તા. ૨૫/૫/૮૯.

ઠ રા વ :-

આ મુખમાં જણાવેલ તા. ૩/૬/૧૯૮૩ના સરકારશ્રીના ઠરાવ પ્રમાણે અનુસૂચિત જાતિ/જનજાતિ તથા વિમુક્ત જાતિઓને વિચરતી જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે નીચે પ્રમાણેનો સહાય આપવાનું ધોરણ અમલમાં છે.

1. રૂા. ૧૨૫૦/- લોન(વ્યાજમુક્ત)
2. રૂા. ૧૨૫૦/-સહાય
3. રૂા. ૦૫૦૦/-લાભાર્થીનો શ્રમફાળો

કુલ રૂા. ૩૦૦૦/-મકાનની ટોચની કિંમત.

........૨........

૨. હાલમાં મકાન બાંધકામના દરોમાં ખુબ જ વધારો થયેલ છે તેથી અનુસૂચિત જનજાતિના ઈસમોને આપવામાં આવતી સહાય તથા લોનની રકમમાં વધારો કરવાનું સરકાર ની વિચારણા હેઠળ હતું. આ બાબતમાં અનુ. જાતિના કિસ્સામાં આમુખ(૫) આગળ દર્શાવેલ તા. ૨૫/૧/૮૯ ના ઠરાવથી જે સુધારો કરવામાં આવેલ તે ધોરણ અનુસૂચિત જનજાતિ માટે પણ લાગુ કરવાનું ઠરાવવામાં આવે છે. અને તે મુજબ અનુ. જનજાતિ માટે નીચે દર્શાવ્યા મુજબની સુધારેલ યોજના અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

૧. મકાનની ટોચની કિંમત રૂા. ૧૦,૦૦૦/- રહેશે.

૨. મકાનની સહાયની રકમ રૂા. ૧૦,૦૦૦/- કે થયેલ ખરેખર ખર્ચ, તે બે માંથી જે ઓછું હોય તેના ૯૦ ટકા.

૩. લાભાર્થીઓ શ્રમ ફાળો રૂા. ૧૦૦૦/- કે થયેલ ખરેખર ખર્ચ તે બે માંથી જે ઓછું હોય તેના ૧૦ ટકા.

૪. આવક મર્યાદા :-

(૧) અનુસૂચિત જનજાતિ (આદિમજુથ સિવાય) ના લોકો માટે આવક મર્યાદાનું ધોરણ વાર્ષિક રૂા. ૧૨,૦૦૦/- રહેશે.

(૨) આદિમજૂથના અનુસૂચિત જનજાતિના લોકો માટે આવક માર્યદાનું ધોરણ લાગુ પડશે નહીં.

૫. સહાયનું ચુકવણું :-

(૧) અરજી મંજુર થયેથી પ્રથમ હપ્તા પેટે મંજુર થયેલ રકમના ત્રીજા ભાગની રકમ ચુકવવામાં આવશે.

(૨) રુફ લેવલ સુધી બાંધકામ પૂર્ણ કર્યા અંગે નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયેથી મંજુર થયેલ રકમના ત્રીજા ભાગની રકમ બીજા હપ્તા પેટે ચુકવવામાં આવશે.

(૩) મકાન પૂર્ણ થયા અંગે નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયેથી બાકીની રકમ ત્રીજા અને છેલ્લા હપ્તા પેટે ચુકવવામાં આવશે.

૬. યોજનાનો લાભ કોને મળશે :-

(૧) મકાન વિહોણા પરંતુ પોતાની માલીકીની જમીન ધરાવતા અનુસૂચિત જનજાતિના લોકો કે જેમણે અન્ય ગૃહ નિર્માણ યોજના હેઠળ લાભ

......૩.......

મેળવેલ ન હોય.

(૨) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તેવું તદ્દન કાચુંગાર માટીનું કામચલાઉ ઝુંપડું કે જે લાંબો સમય ટકી શકે તેવું ન હોય તે ધારાવનાર અનુસૂ-ચિત જનજાતિના ઈસમો પણ આ યોજનાનો લાભ મેળવવા પ્રાત થશે.

૭. <u>યોજનાનો અમલ :-</u>

(૧) યોજનાનો અમલ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી ધ્વારા કરવામાં આવશે.

(૨) ઠરાવમાં નિયત કરેલ શરતો પ્રમાણે લાભાર્થી યોજનાનો લાભ મેળવવા પાત્ર છે કે કેમ તેની પુરતી ચકાસણી જે તે જિલ્લાના પછાત વર્ગ કલ્યાણ અધિકારી /સમાજ કલ્યાણ અધિકારીએ કરવાની રહેશે.

(૩) યોજનાની શરત બહાર સહાયનું ચુકવણું થયેલ માલુમ પડશે તો તે ક્ષતિ માટે સંબંધિત જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/સમાજ કલ્યાણ અધિકારીને જવાબદાર ગણીને ખોટી રીતે ચુકવાયેલ રકમ તેમની પાસેથી વસુલ કરવામાં આવશે.

(૪) મકાન સહાયની માંગણી માટે આવતી અરજીઓ તારીખ પ્રમાણે ગોઠવી મંજુર કર્યા બાદ અગ્રતા કમ પ્રમાણે સહાય મંજુર કરવામાં આવશે.

3. ઉપરોકત સુધારાને કારણે થનાર વધારાના ખર્ચને પહોંચી વળવા માટેની જરુરી વિગતવાર હુકમો હવે પછી કરવામાં આવશે. આ હુકમો ન થાય ત્યાં સુધી સુધારેલ દરે ચુકવણી કરી શકાશે નહી.

૪. આ ઠરાવ ૨. વિભાગની ફાઈલ ક્રમાંક: ટીએપી/૧૦૮૯/૩૧૩/ધ, પરની તા. ૧૯/૭/૮૯ ની નોંધથી મળેલ સંમતિના આધારે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સેકશન અધિકારી,
આદિજાતિ વિકાસ વિભાગ,
ગુજરાત સરકાર.

........૪........

પ્રતિ,

૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

૨. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,

૩. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

૪. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

૫. સચિવાલયના સર્વે વિભાગો.

૬. સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૮. નાણાકીય સલાહકારશ્રી,(આ.વિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.

૯. આદિજાતિ વિકાસ વિભાગની સર્વે શાખાઓ.

૧૦. નિયામકશ્રી, સમાજ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૧૧. સર્વે પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ, વર્ગ-૧.

૧૨. સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)

૧૩. સર્વે કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

૧૪. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.

૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

૧૬. સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.

૧૭. સીલેકટ ફાઈલ.

તા. ૧૯/૪/૯૧.(ફાલ્ગુની)

અનુ.જાતી તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે ગૃહનિર્માણની યોજના

૪૦ ચો.વા.તેમજ ૧૦૦ ચો.વા.ના ઘરથાળના પ્લોટ તેમજ રાવળીયા અને અન્ય ઈનામી જમીન ધરાવનારાઓને લાભ આપવા અંગે

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૮૯/૧૦૨૯/ખ
સંચિવાલય,ગાંધીનગર
તારીખ: ૭/૩/૧૯૯૦

વંચાણમાં લીધા

૧. ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવક્રમાંક:એસસીડબલ્યુ/૧૨૮૦/૮૨૨૧૩/૫૩૦૭/જ તા: ૨૨/૧/૧૯૮૧
૨. ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો સુધારા ક્રમાંક:એસસીડબલ્યુ/૧૨૮૧/૫૦૫૦૮/૩૨૯૭/જ તા: ૫/૭/૮૨
૩. ભુતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવક્રમાંક: એનટીડબલ્યુ/૧૨૮૨/૧૩૪૫૭/૫૧૦/જ તા: ૩/૬/૮૩
૪. સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક: સમસ/૧૩[illegible]/મ ૭૬૮/૨૫૭૦/ખ તા: ૨૨/૧૨/૮૭
૫. સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક:વમસ/૧૨૮૮/૪૩૯/ (૧) (ખ) તા: ૨૫/૧/૮૯
૬. નિયામકશ્રી, સમાજ કલ્યાણના નીચે પ્રમાણેના પત્રો.
   ૧. સમાજ કલ્યાણ અમલ/૪/૮૯/૧૯૯૨ તા: ૨૩/૧/૮૯
   ૨. સમાજ કલ્યાણ, અમલ-૪/ન.બા/૮૯/૧૯૯૧ તા: ૨૩/૧/૮૯
   ૩. સમાજ કલ્યાણ અમલ/૪/ન.બા/૮૯/૧૯૯૩ તા: ૨૩/૧/૮૯

ઠ રા વ

આ મુખમાં જણાવેલ તા: ૨૫/૧/૮૯ના સરકારશ્રીના ઠરાવ પ્રમાણે અનુસૂચિતજાતિ તથા વિમુક્તજાતી અને વિચરતી જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે નીચે પ્રમાણેની સહાય આપવાનું ધોરણ અમલમાં છે. તેમાં ઉપસ્થિત થયેલ વહીવટી મુશ્કેલીઓ નિવારવા માટે વિવિધ સૂચનો થયા છે તેના અનુસંધાને આ સુધારાઓ જરુરી છે.

(૧) મકાનની ટોચની કીમત રુા. ૧૦,૦૦૦/- રહેશે.

..૨..

(૨) મકાનની સહાયની રકમ રૂા. ૧૦,૦૦૦/- કે થયેલ ખરેખર ખર્ચ, તે બેમાંથી જે ઓછુ હોય તેના ૯૦ ટકા

(૩) લાભાર્થીનો શ્રમફાળો રૂા. ૧,૦૦૦/- કે થયેલ ખરેખર ખર્ચના ૧૦ટકા તે બેમાંથી જે ઓછુ હોય તે

વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે સહાય આપવાની ઉપરોક્ત યોજનાનો લાભ કેટલાંક અનુસૂચિત જાતિના તથા વિચરતી અને વિમુક્તજાતિનો લોકો કે જેમને સરકારશ્રી તરફથી કે અન્ય તરફથી મળેલ ઈનામી જમીન રાવળીયા હકની જમીન, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ હેઠળની મફત ૪૦/ ચો.વા.૫૦ ચો.વા.તથા ૧૦૦ ચો.વા.ના મફત ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવ્યા હોય તેઓને આ યોજનાઓ લાભ મળતો નથી. તે સંદર્ભમાં સામાજીક કાર્યકરે અને સંસ્થાઓ, અને અમલીકરણ એજન્સીઓ તરફથી ઘણી રજુઆતો સરકારશ્રીને મળેલ છે આથી ઉક્ત રજુઆતોને ધ્યાનમાં લઈ સરકાર હવે નીચે જણાવ્યા પ્રમાણેની જમીન/ઘરથાળનો પ્લોટ કે અન્ય કોઈ રીતે જમીન ધરાવનાર, અનુ.જાતીઓ વિચરતી અને વિમુક્તજાતીના લોકોને આ યોજના નો લાભ આપવાનું ઠરાવે છે.

(૧) મકાન વિહોણે / ઘર વિહોણી વ્યક્તિ કે જેઓને પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની યોજના નીચે મફત ઘરથાળનો પ્લોટ ફાળવવામાં આવેલ હોય અને જેઓ કબજો ધરાવતાં હોય તેવા અનુ.જાતી , વિચરતી-વિમુક્તજાતીના લોકો કે જેમને અન્ય કોઈ ગૃહ નિર્માણની યોજના હેઠળ લાભ મળ્યો ન હોય તેને લાભ મળી શકશે.

(૨) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તો પણ તદ્દન કાચુ ગાર માટીનું ઘાસપુળાનું કુબા ટાઈપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તે ધરાવનાર તેમને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૩) ગ્રામ પંચાયતના રેવન્યુ/સીટી સર્વેના અથવા અન્ય સક્ષમ કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો આવી અરજદાર વ્યક્તિઓ કબજો ધરાવતી હોય, મિલકતવેરો ઘરવેરો ભરવાનો દાખલો રજુ કરે તો તેઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૪) રેવન્યુ/સીટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો રજીસ્ટર દસ્તાવેજો થી નોંધાયેલ હોય અને મિલકત તબદીલ થઈ હોય તેવી જમીનના પ્લોટોમાં કબજેદારોને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૫) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે કે અન્ય યોજના નીચે ૪૦ ચો.વા. ૫૦ ચો. વા. સુધી ખુલ્લો પ્લોટ ધરાવનાર વ્યક્તિઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

..૩..

(૬) વારસાઈથી મીલકત પ્રાપ્ત કરેલ હોય અને તે અંગે રેવન્યુ/ સીટી સર્વે રેકર્ડમાં નોંધ ન થઈ હોય પરંતુ મુળ મીલકત ધારણ કરનાર તથા તેના વારસદારો આવી જમીન ઉપર મકાન બાંધકામ માટેની જો સંમતી આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબ્જો ધરાવનાર વારસદારને પણ આ સહાયનો લાભ આપી શકાશે.

(૭) રાવળીયા/ રાવળા અને અન્ય ઈનામી જમીનોના કાયદા/ નિયમો નીચે પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઈ મહેસૂલી કે સીટી સર્વે રેકર્ડમાં નોંધાયેલ ન હોય પરંતુ તેઓનો લાંબા સમયથી પ્રત્યક્ષ કબ્જો હોય તો તેઓને પણ સહાય મળવાપાત્ર રહેશે. પરંતુ લાભાર્થી ખરેખર કબ્જો ધરાવે છે કે કેમ તેની ખાત્રી પોતાના અધિકારીઓ/ કર્મચારીઓએ કરવાની રહેશે.

(૮) આ યોજનાનો લાભ અંત્યોદય યોજના પ્રમાણે એટલે કે સૌથી ગરીબ માણસને પ્રથમ લાભ આપવાનો રહેશે એટલે કે સૌથી ઓછી આવક ધરાવનારને પ્રથમ મકાન સહાય મંજુર કરવાની રહેશે. આ જોગવાઈનો અમલ અત્યંત કાળજીથી કરવાનો રહેશે.

(૯) હાલના મકાનના બાંધકામની ઢાંચાની કિંમત રૂા. ૧૦/- હજાર છે પરંતુ સંજોગોવશાત કોઈ વ્યકિત રૂા. ૧૦/- હજાર કરતાં સહેજ વધારે કિંમતનું મકાન બાંધે પણ આ સહાય રૂા. ૯ હજારની મર્યાદામાં ચુકવવાપાત્ર રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીની હુકમથી અને તેમના નામે.

એસ.સી.રાનેડી<br>
નાયબ સચિવ<br>
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

//કે.મૈ.૧૨૨૯૬//

અનુસૂચિત જાતિ તથા વિચરતી અને
વિમુકત જાતિના લોકો માટેની વ્યકિતગત
ધોરણે ગૃહ નિર્માણની યોજનામાં સહાયના
ચુકવણા અંગેની જોગવાઇમાં સુધારો

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: વમસ-૧૨૮૮-૧૪૩૯(૧)-ખ(૬),
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૫/૯/૮૯

વંચાણે લીધા :-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: વમસ-૧૨૮૮/૧૪૩૯(૧)-ખ તા.૨૫-૧-૮૯

(૨) નિયામકશ્રી, સમાજ કલ્યાણનો તારીખ:૩૧-૮-૮૯નો પત્ર ક્રમાંક: સક-કો.પ્લાન-૮૯-૯૦-૩૦૦૨

ઠ રા વ :-

અનુસૂચિત જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે મકાન બાંધવા રૂ.૯,૦૦૦/- (અંકે રૂપીયા નવ હજાર) સુધીની સહાય ચુકવણીની ગૃહ નિર્માણ યોજના તારીખ ૨૫-૧-૮૯ના ઠરાવથી નિયત કરવામાં આવેલ છે. આ ઠરાવની શરતો મુજબ રૂા.૧૦,૦૦૦/- સુધીની કિંમતના મકાન માટે મકાનની કિંમતના ૯૦% પ્રમાણે ત્રણ સરખા હપ્તામાં સહાય ચુકવવામાં આવે છે. જેમાં અરજી મંજુર થયેથી સહાયનો પ્રથમ હપ્તો, છાપરા લેવલે બાંધકામ થયેથી બીજો હપ્તો અને મકાન પુર્ણતા પ્રમાણપત્રના આધારે ત્રીજો અને છેલ્લો હપ્તો એમ સહાય ચુકવવામાં આવે છે.

મકાન બનાવવાના પ્રાથમિક તબકકામાં નાણાંની વિશેષ જરુરીયાત રહેતી હોવાથી મકાન બાંધકામના ખર્ચને પહોંચી વળવા સહાયની રકમ પૈકી પ્રથમ હપ્તા પેટે વધુ રકમ ચુકવવા અવારનવાર રજુઆતો થઇ છે. તે લક્ષમાં લઇને સહાય ચુકવણીની પધ્ધતિમાં સુધારો કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપુર્વકની વિચારણાને અંતે સરકાર આથી અનુસૂચિત જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગૃહ નિર્માણની યોજનામાં સહાય ચુકવણીની પધ્ધતિમાં

...૨..

નીચે પ્રમાણે સુધારો કરવાનું ઠરાવે છે.:-

સમાજ કલ્યાણ વિભાગના તારીખ:૨૫-૧-૮૯ના ઠરાવ ક્રમાંક: વમસ-૧૨૮૮/૧૪૩૯(૧) અ માં ક્રમાંક:૫ માં નીચે પ્રમાણેનો સુધારો વાંચવો.

૫. સહાયનું ચુકવણું :-

૧) અરજી મંજુર થયેથી પ્રથમ હપ્તા પેટે મંજુર થયેલ રકમના ૫૦% લેખે રકમ ચુકવવામાં આવશે.

૨) રુફ લેવલ સુધી બાંધકામ પુર્ણ કર્યા અંગે નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયેથી બીજી ૨૫% રકમ બીજા હપ્તા પેટે ચુકવવામાં આવશે.

૩) મકાન પુર્ણ થયા અંગે નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયેથી બાકીની ૨૫% રકમ ત્રીજા અને છેલ્લા હપ્તા પેટે ચુકવવામાં આવશે.

આ યોજનાની અન્ય શરતો યથાવત્ રહે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગ તારીખ:૫-૬-૯૦ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. ડી. મહેતા,
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ અને
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી
મંત્રીશ્રી, સમાજ કલ્યાણના અંગત સચિવશ્રી
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
રાજ્ય કક્ષા મંત્રીશ્રી, સમાજ કલ્યાણના અંગત સચિવશ્રી
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સર્વે પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, વર્ગ-૧
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, / સર્વે કલેકટરશ્રીઓ
આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો
વિભાગની સર્વે શાખાઓ
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી, (સ.ક), સચિવાલય, ગાંધીનગર
સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
સિલેક્ટ ફાઇલ.

પ્ર. ૧૩૮.

અનુસૂચિત જાતિ તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે ગૃહ નિર્માણની યોજના.

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક:-વમસ/૧૨૮૮/આ.૯૭/ખ,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૩૧-૩-૯૨

વંચાણે લીધો:-સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:-વમસ/૧૨૮૮/૧૪૩૯/(૧)/ખ. તા.૨૫-૧-૮૯.

ઠ રા વ :-

આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૨૫-૧-'૮૯ના સરકારશ્રીના ઠરાવ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા વિચરતી અને વિમુક્ત જાતિને વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે નાણાકિય સહાયની યોજના અમલમાં છે. જેની મુખ્ય જોગવાઇઓ નીચે મુજબ છે :-

1. મકાનની ટોચની કિંમત રૂ.૧૦.૦૦૦/-(દસ હજાર) રહેશે.
2. મકાન સહાયની રકમ રૂ.૧૦,૦૦૦/- કે ખરેખર થયેલ ખર્ચ તે બેમાંથી જે ઓછું હોય તેના ૯૦% એટલે કે વધુમાં વધુ રૂ.૯,૦૦૦/-(નવ હજાર) ચૂકવવામાં આવશે.
3. લાભાર્થીનો શ્રમફાળો રૂ.૧૦,૦૦૦/- કે થયેલ ખર્ચ તે બેમાંથી જે ઓછું હોય તેના ૧૦% પ્રમાણે એટલે કે વધુમાં વધુ રૂ.૧૦૦૦/-(એક હજાર) ગણવામાં આવશે.

ઇન્દીરા આવાસ યોજનાના ધોરણે અનુસૂચિત જાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે મકાન સહાયની યોજનાના સહાયના દરમાં સુધારો કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે સને.૧૯૯૧-૯૨ના વર્ષના અંદાજપત્રમાં કુલ રૂ.૦.૮૮લાખ જોગવાઇ પૂરક માગણી દ્વારા મેળવવામાં આવી છે.

...૨......

આથી માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરેલ જાહેરાત પ્રમાણે સરકારશ્રીએ પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિ તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે મકાન સહાયની યોજનામાં નીચે મુજબના સુધારા કરવાનું ઠરાવેલ છે :-

(૧) આ યોજના હેઠળ અનુસૂચિત જાતિ તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના લોકો પૈકી જેઓની વાર્ષિક આવક રૂ. ૬૪૦૦/-થી વધતી ના હોય તેઓને રૂ.૯૦૦૦/-ને બદલે રૂ. ૧૨,૭૦૦/-ની સહાય ચૂકવવામાં આવશે. તેમજ સહાયની રકમ ત્રણ હપ્તામાં એટલે કે પ્રથમ હપ્તો ૫૦%, બીજો હપ્તો ૨૫% અને ત્રીજો હપ્તો ૨૫%નો રહેશે. આ યોજના હેઠળ બંધાયેલ મકાનની કિંમત રૂ.૧૨,૭૦૦/-કરતાં વધારે થશે તો તે ઓનુ ખર્ચ લાભાર્થીઓભોગવવાનો રહેશે. પરંતુ જો મકાન બાંધકામની કિંમત રૂ. ૧૨,૭૦૦/-કરતાં ઓછી હશે. તો લાભાર્થીને થયેલ ખરેખર ખર્ચ જેટલી રકમ જ ચુકવવાના રહેશે.

આ યોજના હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રકમ ધ્યાનમાં લઇને વિભાગ તરફથી રૂ. ૬૪૦૦/-સુધીના લાભાર્થીઓને સહાય આપવાનો જે લક્ષ્યાંક ફાળવવામાં આવે તેની મર્યાદામાં જ આ યોજના હેઠળના રૂ. ૬૪૦૦/- અથવા તેથી ઓછી વાર્ષિક આવક ધરાવતા લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

આ યોજના હેઠળ આ ઠરાવની તારીખે અથવા ત્યાર બાદ મકાન સહાયની જે અરજીઓ મંજુર કરવામાં આવે તેને આ સુધારેલ દર મુજબ લાભ આપવાનો રહેશે. એટલે કે આ ઠરાવની તારીખ પહેલાં જે લોકોને એક કે એકથી વધારે હપ્તા ચુકવેલ હશે તેમને આ ઠરાવ મુજબ સુધારેલ દરે તફાવત ચુકવવાની રહેશે નહિ.

આ યોજનાની અન્ય શરતો યથાવત્ રહેશે.

3. સને.૧૯૯૧-૯૨ના અંદાજપત્રમાં પૂરક માંગણીથી કરવામાં આવેલ રૂ.૮૬,૦૦૦/-ની નાણાકીય જોગવાઇનું ખર્ચ કરવાની આથી અનુમતિ આપવામાં આવે છે. આ અંગે થનાર ખર્ચ નીચે મુજબ ઉધારવાનો રહેશે.

(૧) અનુસૂચિત જાતિઓ માટે થનાર ખર્ચ, ''માંગણી નં.૯૧, ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ૨૮૩, આવાસન, બીસીકે-૫૨, અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના હેઠળ ઉધારો.

(૨) વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે થનાર ખર્ચ ''માંગણી ક્રમાંક-૮૮, ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ૨૮૩-આવાસન બીસીકે-૫૨-(૧)અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના-આવાસન માટે વ્યક્તિગત ધોરણે નાણાંકીય સહાય'' હેઠળ ઉધારો



....3...

(3) અનુસૂચિત જાતિઓ પૈકી ગતિપછાત જેવા કે ભંગી, સેનવા, હાડી, નાડિયા, ભંગી સફાઇકામદાર(ઝાડુ-કામદાર સહિત), બાવા-હરિજન બાવા, વણકર સાધુ વિગેરે માટે ધનાર ખર્ચ "માગણી ક્રમાંક:-૯૬-૨૨૨૫- અનુસૂચિત જાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૮૩-આવાસન, ખર્ચ બીસીકે-૫૫, અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના-સફાઇ કામદારો ઝાડુવાળા અને ભંગી, ~~મોચી~~ હાડી, નાડિયા, અને સેનવાને આવાસન માટે નાણાકીય સહાય હેઠળ ઉધારવો."

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીની તા. ૩૧-૩-૧૯૯૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એસ. ડી. મહેતા
સેક્શન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી (સ.ક.)ના અંગત સચિવશ્રી,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
પી. એ. ઓ. અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ.
સચિવાલયના સર્વે વિભાગો.
વિભાગની બ-શાખા.
સિલેક્ટ ફાઇલ.

પટેલ/

(3) અનુસૂચિત જાતિઓ પૈકી અતિપછાત એવા ભંગી, સેનવા, હાડી, નાડિયા, ભંગી સફાઈકામદાર(જાજરૂ-કામદાર સહિત), બાવા-હરિજન બાવા, વણકર સાધુ વિગેરે માટે થનાર ખર્ચ "માંગણી ક્રમાંક:-૯૬-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૨૮૩-આવાસન, ખર્ચ બીસીકે-૫૫, અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના-સફાઈ કામદારો ઝાડુવાળા અને ભંગી, ~~મોચી~~ હાડી, નાડિયા, અને સેનવાને આવાસન માટે નાણાકીય સહાય હેઠળ ઉધારવો."

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રીની તા. ૩૧-૩-૧૯૯૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એસ.ડી.મહેતા
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી(સ.ક.)ના અંગત સચિવશ્રી,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
પી.એ.ઓ. અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ.
સચિવાલયના સર્વે વિભાગો.
વિભાગની બ-શાખા.
સિલેકટ ફાઈલ.

પટેલ/

અનુસૂચિત જનજાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે ગૃહ નિર્માણ યોજના

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક:ગનય/૨૦૯૨/૮૯/ઘ
આદિજાતિ વિકાસ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તા.૨૨/૧૨/૧૯૯૨

વંચાણે લીધા:

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૭/૮/૮૯ના ઠરાવ ક્રમાંક: ગનય/૨૦૮૮/૬૪૫૫/ઘ
(૨) આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:ગનય/૨૦૯૦/૨૬૩/ઘ
(૩) સમાજ કલ્યાણ વિભાગના તા.૩૧/૩/૯૨ ના ઠરાવ ક્રમાંક:વમસ/૧૨૮૮/ખા.૯૭/ખ

ઠરાવ:-

આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૭/૮/૮૯ ના ઠરાવથી અનુસૂચિત જનજાતિ ના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે નાણાકીય સહાયની યોજના અમલમાં છે. ઈન્દિરા આવાસ યોજનાના ધોરણે અનુસૂચિત જનજાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે મકાન સહાયની યોજનામાં સહાયના દરમાં કેટલાક ફેરફાર કરવાની બાબત કેટલા [illegible]થી સરકારશ્રીની વિચારણા હેઠળ હતો પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જનજાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે મકાન સહાયની યોજનામાં નિચે મુજબના ફેરફાર કરવાનું આથી ઠરાવવામા આવે છે.

(૧) આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લોકો પૈકીની જેઓની વાર્ષિક આવક રૂ. ૬૪૦૦/- ( છ હજાર ચારસો ) થી વધની ન હોય તેઓને રૂ. ૯૦૦૦/- ને બદલે રૂ. ૧૨,૭૦૦/- ની સહાય ચુકવવાની રહેશે.તેમજ સહાયની રકમ ત્રણ હપ્તામાં એટલે કે પ્રથમ હપ્તા ૫૦% બીજો હપ્તો ૨૫ % અને ત્રીજો હપ્તો ૨૫ % પ્રમાણે ચુકવવાની રહેશે. આ યોજના હેઠળ બંધાયેલ મકાનની કિંમત રૂ. ૧૨,૭૦૦/- કરતાં ઓછી હશે તો લાભાર્થીને થયેલ ખરેખર ખર્ચ જેટલી જ રકમ સહાય તરીકે ચુકવવાની રહેશે

(૨) આ યોજના હેઠળ આ ઠરાવની તારીખે અથવા ત્યારબાદ મકાન સહાયની જે અરજીઓ મંજુર કરવામાં આવે તેને સુધારેલ દર મુજબ લાભ આપવાના રહેશે.

//૨//

(૩) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગનો તા. ૯/૧૨/૯૨ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
(મનિભા રાઠોડ)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

૧ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
૨ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
૩ સર્વે મંત્રીશ્રીઓના અગત સચિવશ્રી,
૪ સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અગત સચિવશ્રીઓ.
૫ સચિવાલયના સર્વ વિભાગો
૬ નાણાં સલાહકારશ્રી (સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ) સચિવાલય ગાંધીનગર
૭ નાયબ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર
૮ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુ.રા. ગાંધીનગર
૯ સર્વ પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
૧૦ સર્વ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.
૧૧ વિભાગની સર્વે શાખાઓ

**અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકતજાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગૃહનિર્માણની યોજના.**

ગુજરાત રાજય,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: વમ્સ/૧૨૮૮/૧૪૩૯/૧/ખ.
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ. ૧૮-૩-૧૯૯૩.

વંચાણે લીધાં :-

૧. સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫-૧-૮૯ નો ઠરાવ ક્રમાંક-વમ્સ/૧૨૮૮ ૧૪૩૯/૧/ખ.

૨. સમાજ કલ્યાણ વિભાગનો તા.૭-૩-૯૦ નો ઠરાવ ક્રમાંક: વમ્સ/૧૨૮૯/ ૧૦૨૦/ખ.

૩. સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૯-૮-૯૧ નો ઠરાવ ક્રમાંક:વમ્સ/૧૨૮૮/૧૪૩૯/ (૧)ખ (૬)

૪. સમાજ કલ્યાણ વિભાગનો તા.૩૧-૩-૯૨ નો ઠરાવ ક્રમાંક:વમ્સ/૧૨૮૮/ ખા. ૯૭/ખ.

૫. નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતું, ગાંધીનગરનો તા.૨૮-૧૨-૯૦ નો પત્ર ક્રમાંક: સક/અગન/૯૦/૯૧/૪૩૧૭.

૬. નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતું, ગાંધીનગરનો તા.૧૬-૧૧-૯૧ નો પત્ર ક્રમાંક: સક-અગન/રામ્સ/૯૧/૨૬૬૭.

ઠ રા વ :-

અનુ. જાતિ તથા વિચરતી અને વિમુકતજાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે ગૃહનિર્માણની યોજના આમુખમાં અ.નં.(૧) અન્વયે જણાવેલા આ વિભાગના તારીખ.૨૫-૧-૮૯ ના ઠરાવથી નિયત કર્યા મુજબ અને આમુખમાં (૨)થી (૪) અન્વયે દર્શાવેલ ઠરાવો અન્વયે કરવામાં આવેલ સુધારાઓ મુજબ અમલમાં છે. આ યોજનાની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે.

(૧) મકાનની ટોચની :- મકાનની ટોચની કિંમત રા.૧૦,૦૦૦/- રહેશે.

(૨) મકાન સહાયની રકમ :- મકાન સહાયની રકમ રા.૧૦,૦૦૦/- કે થયેલ ખરેખર ખર્ચ તે બેમાંથી જે ઓછું હોય તેના ૯૦% પ્રમાણે વધુમાં વધુ રા.૯,૦૦૦/- રહેશે. જેઓની વાર્ષિક આવક રા.૬૪૦૦/- થી વધતી ના હોય તેઓને રા.૯,૦૦૦/-ને બદલે રૂપિયા ૧૨,૭૦૦/-ની સહાય ચૂકવવામાં આવે છે.

(૩) લાભાર્થીઓનો ફાળો :- લાભાર્થીનો ફાળો રા.૧૦,૦૦૦/- કે થયેલ ખરેખર ખર્ચ તે બેમાંથી જે ઓછું હોય તેના ૧૦ ટકા પ્રમાણે એટલે કે વધુમાં વધુ રા.૧૦૦૦/- ગણવામાં આવશે.

(૪)સહાયનો ચૂકવણી :- સહાયની રકમ ત્રણ હપ્તામાં ચૂકવવાની રહેશે. જે પૈકી પ્રથમ હપ્તો ૫૦ ટકા, બીજો હપ્તો ૨૫ ટકા અને ત્રીજો હપ્તો ૨૫ ટકા રહેશે. પ્રથમ હપ્તો અરજી મંજુર થયે બીજો હપ્તો ધાબા (રૂફ) લેવલ સુધીનું બાંધકામ પૂર્ણ કર્યા અંગેનુ પ્રમાણપત્ર રજૂ કર્યાથી અને ત્રીજો હપ્તો મકાન બાંધકામ સંપૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યાથી ચૂકવવામાં આવે છે.

(૫) આવક-મર્યાદાનું ધોરણ :- (અ) અનુ. જાતિમાં અતિપછાત એવો ભંગી, સેનવા, હાડી, આડોયા, ભંગી સફાઇ કામદાર, તુરી ગરો, બાવા, હરિજન બાવા, વણકરસાધુ'ના લોકો માટે આવક-મર્યાદા નથી.

(બ) ઉપર (અ) માં જણાવ્યા સિવાયના અન્ય અનુ.જાતિ તેમજ વિચરતી, વિમુકતજાતિ માટે વાર્ષિક રૂ.૧૨,૦૦૦/- ની આવક મર્યાદા છે.

આ યોજના હેઠળ મકાન બાંધવા માટે જમીન ધરાવતા અનુ.જાતિના અને વિચરતી અને વિમુકત જાતિના લોકોને લાભ મળી શકે છે. આ અંગે આમુખમાં અ.નં.(૨) અન્વયે દર્શાવેલ તા.૭-૭-૯૦ ના ઠરાવથી કરવામાં આવેલ જોગવાઇ મુજબ સંજોગો વશાત કોઇ વ્યકિત રૂ.૧૦,૦૦૦/- કરતાં સહેજ વધારે કિંમતનું મકાન બાંધે તો પણ સહાય મળવા પાત્ર રહેશે તેમ ઠરાવેલ છે. મકાન બાંધકામની ટોચની કિંમત જ્યાં રૂ.૧૦,૦૦૦/- થી વધતી હોય તેવા કેસોમાં આ ''સહેજ વધારે કિંમતનું' એ શબ્દ પ્રયોગને કારણે ઘણાં ઓડીટ વાંધા આવેલ હોવાથી નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતા તરફથી આમુખમાં અ.નં. (૫) અન્વયે દર્શાવેલા તા.૨૮-૧૨-૯૦ ના પત્રથી આ યોજના હેઠળ મકાન બાંધકામની ટોચની કિંમતમાં સુધારો કરી ચોકકસ રકમ નિયત કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. આ ઉપરાંત આ યોજનામાં મકાન બાંધકામ પુર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ અધિકારીઓ નકકી કરેલાં ન હોવાથી નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતા તરફથી આમુખમાં અ.નં.(૬) અન્વયે દર્શાવેલ તા.૧૬-૧૧-૯૧ ના પત્રથી આ યોજનાના સરળ અમલીકરણ માટે સક્ષમ અધિકારીઓ નકકી કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. આથી છેલ્લા કેટલાંક સમયથી આ યોજના હેઠળ લાભાર્થી દ્વારા બાંધવામાં આવેલ મકાનના 'કમ્પ્લીશન સર્ટીફીકેટ' આપવા માટે સક્ષમ અધિકારીઓ નિયત કરવાનો બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ બાબત કાળજી પુર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ આ યોજના હેઠળ મકાનની ટોચની કિંમત રૂ.૧૦,૦૦૦/- થી વધારીને રૂ.૨૦,૦૦૦/-(રુપિયા વીસ હજાર પુરા) સુધીની કરવાનું અને મકાન બાંધકામ અંગે 'કમ્પ્લીશન સર્ટીફિકેટ' આપનાર સક્ષમ અધિકારીઓ તરીકે નીચે જણાવેલ અધિકારીઓને

સક્ષમ અધિકારીઓ તરીકે નિયત કરવાનું ઠરાવેલ છે.

(૧) ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતના ઓવરસીયર અથવા મદદનીશ ઇજનેર કે તેથી ઉપરની કક્ષાના અધિકારી.

(૨) શહેરી વિસ્તારમાં રાજ્ય સરકાર, મ્યુનિસીપલ કોર્પોરેશન કે નગરપાલિકાના મદદનીશ ઇજનેર કે તેથી ઉપરની કક્ષાના અધિકારીઓ.

આ યોજનાની અન્ય શરતો યથાવત રહે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૭-૧-૯૩ ની, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની તા.૧૪-૧૨-૯૨ ની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની તા.૧૦-૧૨-૯૨ ની અને રસ્તા અને મકાનના વિભાગની તા.૧૧-૧૨-૯૨ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. ડી. મહેતા,
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

મા. મંત્રીશ્રી (સ.ક.) ના નાયબ સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.

મા. મંત્રીશ્રી (આ.ક) ના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

મા. સંસદીય સચિવશ્રી (સ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

મા. સંસદીય સચિવશ્રી (આ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો.

નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીઓ

સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીઓ.

સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)

નાણાં સલાહકારશ્રી, નાણા શાખા, સ.ક.વિ. સચિવાલય, ગાંધીનગર.

વિભાગની બજેટ શાખા.

પસંદગી ફાઇલ.

અનુસુચિત જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગૃહનિર્માણની યોજના. અતિ પછાત જાતિના લોકો માટે આવક મર્યાદા રદ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગ
ઠરાવક્રમાંક:વમસ/૧૨૯૩/૯૨૧/ખ,
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૬-૮-૯૩

<u>વંચાણે લીધા:-</u>

૧) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવક્રમાંક:વમસ/૧૨૮૮/૧૪૩૯/(૧)ખ, તા.૨૫/[illegible]/૧૯૮૯
૨) સ.ઠ.સમાજકલ્યાણ વિભાગ ક્રમાંક:વમસ/૧૨૮૯/૧૯૨૨/ખ, તા.૭/૩/૯૦
૩) સ.ઠ.સમાજ કલ્યાણ વિભાગ ક્રમાંક:વમસ/૧૨૮૮/૯૭૭/ખ, તા.૩૧/૩/૯૨
૪) સ.ઠ. સમાજ કલ્યાણ વિભાગ ક્રમાંક:વમસ/૧૨૮૮/૧૪૩૯/૧, ખ,તા.૧૮/૩/૯૩

<u>ઠરાવ:-</u>

આમુખમા દર્શાવેલ આ વિભાગના ઠરાવોથી અનુ.જાતી તથા વિચરતી અને વિમુકત જાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન બાંધકામ માટે મકાન સહાયની યોજના નીચે મુજબ અમલમા છે.

| | |
|---|---|
| ૧) મકાનની ટોચની કિંમત | રૂા.૨૦,૦૦૦(અંકે રુપિયા વીસ હજાર પુરા) |
| ૨) મકાનની સહાયની રકમ:- | રૂા.૧૦,૦૦૦/-કે થયેલ ખરેખર ખર્ચ તે બેમાંથી જે ઓછુ હોય તેના ૯૦% રકમ એટલે કે રૂા. ૯૦૦૦/- |
| ૩) લાભાર્થીનો ફાળો | રૂા.૧૦૦૦/-કે થયેલ ખરેખર ખર્ચના ૧૦% તે બેમાંથી જે ઓછુ હોય તે |
| ૪) આ યોજનાના લાભ માટે વાર્ષિક આવકની મર્યાદાનુ ધોરણ:- | ૧)અનુસુચિત જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટે વાર્ષિક રૂા.૧૨,૦૦૦/-<br>૨)ભંગી,સેનવા,હાડી,નાડીયા,ભંગી સફાઈ કામદાર(જાજરુ કામદાર સહિત)તૂરી,ગરોબાવા હરિજનબાવા,વણકર સાધુના લોકો માટે આવક મર્યાદાનું ધોરણ લાગુ પડતુ નથી.<br>૩) અનુસુચિત જાતિ તેમજ વિચરતી અને વિમુકત જાતિના લોકો પૈકી જેઓની વાર્ષિક આવક રૂા.૬૪૦૦/-થી વધતી ન હોય તેઓને રૂા. ૯૦૦૦/-ને બદલે રૂા.૧૨,૭૦૦/-ની સહાય ચુકવવામા આવે છે.આ યોજના હેઠળ બંધાયેલ મકાનની કિંમત રૂા. [illegible] |

થાય તો તે અંગેનુ વધારાનુ ખર્ચ લાભાર્થીએ
ભોગવવાનુ રહે છે.પરંતુ એ મકાન,બાંધકામની
કિંમત રુા.૧૨,૭૦૦/- કરતા ઓછી હોય તો
લાભાર્થીને થયેલ ખરેખર ખર્ચ જેટલી રકમજ
ચુકવવાની રહે છે.

૨/- ઉપર્યુકત આમુખમાં દર્શાવેલ તાં.૨૫/૧/૮૯ ના ઠરાવથી ભંગી,હાડી,સેનવા
નાડીયા,ભંગી સફાઈ કામદાર(જાજરુ કામદાર સહિત) તુરી,ગરો બાવા, હરીજન બાવા
વણકર સાધુના લોકોને આવક મર્યાદાનુ ધોરણ લાગુ પાડેલ નથી.તેમજ અનુસુચિત જાતિ તેમજ
વિચરતી જાતિ અને વિમુકત જાતિના લોકો પૈકી જેઓની વાર્ષિક આવક રુા.૬૪૦૦/- થી
વધતી ન હોય તેઓને રુા.૯૦૦૦/- ને બદલે રુા.૧૨,૭૦૦/-ની સહાય ચુકવવાનુ ધોર
અપનાવેલ છે જ્યારે અતિપછાત લોકો માટે આવક મર્યાદાનુ ધોરણ લાગુ પડતુ ન હોવ
છતા હાલમાં રુા.૯૦૦૦/- મકાન સહાય આપવામાં આવે છે.
૩/- આ વિસંગતતા દુર કરવા માટે એટલે કે અતિ પછાત જાતિના લોકોને રુા
૧૨,૭૦૦/- મકાન સહાય આપવા માટે [illegible]માં સવાર [illegible] ઘણી
વિચારણાને અંતે પછાત એવા ભંગી,સેનવા,હાડી,નાડીયા,ભંગી સફાઈકામદાર(જાજરુ
કામદાર સહિત)તુરી,ગરો,બાવા હરીજન બાવા,વણકર સાધુ વગેરેને પણ વાર્ષિક આ
ધ્યાનમા લીધા સિવાય રુા.૯૦૦૦/- ને બદલે રુા.૧૨,૭૦૦/- મકાનસહાય આપવા
ઠરાવવામાં આવે છે.

૪/- મકાનની કિંમત રુા.૧૨,૭૦૦/- થી વધશે તો વધારાનુ ખર્ચ લાભાર્થ
ભોગવવાનુ રહેશે અને મકાનની કિંમત રુા.૧૨,૭૦૦/-થી ઓછી થશે તો લાભાર્થીને
થયેલ ખર્ચ જેટલી રકમ ચૂકવવાની રહેશે.
૫/- આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.
૬/- આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૩/૭/૯૦
ની નોંધ થી મળેલ સહમતિથી બહાર પાડવામાં આવે છે.
ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(વિ.મ.પરમાર)
ઉપસચિવ
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
નિયામકશ્રી,સમાજ કલ્યાણ ખાતુ,ગાંધીનગર.

..૩..

અનુ.જાતિના લોકો માટેની મકાન સહાય યોજનાનું યોગ્ય રીતે અમલીકરણ થવા બાબત

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક-મકન/૧૦૯૪/૨૬૪૯/ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૧૭-૧૧-૯૪

પરિપત્ર :-

રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકો માટેની ગૃહનિર્માણ યોજનાઓ અમલમાં છે. આ યોજના હેઠળ ઠરાવેલી જોગવાઇ મુજબ મકાન સહાય મંજુર કરવામાં આવે છે.

મકાન સહાયની યોજનામાં ગેરરીતિ થતી હોવાની ફરિયાદો અવાર નવાર સંસ્થાઓ/અરજદારો તરફથી સરકારશ્રીમાં કરવામાં આવે છે. જે પૈકી કેટલીક ફરિયાદોમાં તથ્ય પણ જણાયેલ છે. સરકારશ્રીની બધી યોજનાઓનો અમલ જે તે યોજના માટે યોગ્યપણે જે તે હેતુ માટે જ કરવામાં આવે તે જોવાની જવાબદારી સંબંધિત સરકારી કર્મચારી/અધિકારીની રહે છે.

દરેક જિલ્લા કચેરીએથી મકાન સહાયની અરજીઓનો નિયમ મુજબ ચકાસણી કરાવી સમયસર નિકાલ કરવાની કાર્યવાહી કરવી જોઇએ. પરંતુ કેટલાંક જિલ્લામાં એવી બાબત ધ્યાન ઉપર આવેલ છે કે ઘણા લાંબા સમય સુધી આવી અરજીઓ કોઇ કાર્યવાહી થયા વિના પડતર રહેતી હોવાની ફરિયાદો અવારનવાર આવે છે અને આ બાબતમાં વિધાનસભા પ્રશ્નો ઉપસ્થિત થયા બાદ આવા ફરિયાદો ઉભી થયા પછી જ કાર્યવાહી થાય છે, જે વ્યાજબી નથી.

આથી સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી તથા નિયામકશ્રી (સ.ક.) ને આ ખાતાની ગૃહનિર્માણ યોજનાઓનો અમલ યોગ્ય રીતે થાય અને સાચા લાભાર્થીઓને જ યોજનાનો લાભ મળે તે જોવા સૂચના આપવામાં આવે છે.

( કે. એલ. તબિયાર )
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
૧. નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
૩. સર્વે જિલ્લા પછાતવર્ગ [illegible]

અનુસૂચિત જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગૃહનિર્માણની યોજના.

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક-વમસ/૧૦૯૫/૧૮૩૭(૯૬)/૭,
સમાજ કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૨.૧૨.૯૬

વંચાણે લીધા :-

(૧) સરકારી ઠરાવ સમાજ કલ્યાણ વિભાગ ક્રમાંક-વમસ/૧૨૮૮/૧૪૩૯-(૧)/ખ તા. ૨૫/૧/૮૯.
(૨) સરકારી ઠરાવ સમાજ કલ્યાણ વિભાગ ક્રમાંક-વમસ/૧૨૮૮/ખા.૯૭/ખ,તારીખ ૩૧/૩/૯૨.
(૩) સરકારી ઠરાવ સમાજ કલ્યાણ વિભાગ ક્રમાંક-વમસ/૧૨૮૯/૨૦૨૨/ખ તા. ૭/૩/૯૦
(૪) નિયામકશ્રી, સમાજ કલ્યાણનો તા. ૧૩/૧૦/૯૫ નો પત્ર ક્રમાંક-સક/આગન/મ/૩//૯૫/૩૩૦૪.

ઠ રા વ :-

આમુખમાં જણાવેલ તા. ૨૫/૧/૮૯ તથા તા. ૩૧/૩/૯૨ ના ઠરાવથી અને ત્યાર બાદ વખતો વખતના ઠરાવોની જોગવાઈઓ અનુસાર અનુસૂચિત જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે મકાન બાંધકામ માટે સહાય આપવાની યોજના અમલમાં છે.

૨. આ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના ઈસમો તરફથી મકાન સહાય મેળવવા માટે અરજીઓ વધુ સંખ્યામાં આવે છે. પરંતુ બજેટ જોગવાઈને ધ્યાનમાં રાખીને ક્રમાનુસાર અરજીઓ મંજુર થતાં વર્ષાન્તે ઘણી અરજીઓ પડતર રહે છે, જે તે પછીના વર્ષે ધ્યાનમાં લેવાય છે. પરંતુ તેમ કરતા જતાં ઘણી વખત અરજદારે મકાન સહાયની અરજી કર્યા બાદ બે ત્રણ વર્ષનો સમય પસાર થયા બાદ જયારે અરજી મંજૂર કરવાનો ક્રમ આવે ત્યારે અરજદારે સહાય મળવાની અપેક્ષાએ મકાન બનાવી દીધુ હોય છે. પરિણામે મકાન બનાવી દીધા બાદ અરજદારને મકાન સહાય મળી શકતી નથી.

// ૨ //

૩/- ઉપરોક્ત પરિસ્થિતિમાં આવા અરજદારોને પણ આ યોજના હેઠળ મકાન સહાય આપવાનો પ્રશ્ન વિચારણા હેઠળ હતો. અને સક્રિય વિચારણા બાદ સરકાર આથી ઠરાવે છે કે સહાય આપવાની આ યોજનામાં નિયત અન્ય શરતો પરિપૂર્ણ થતી હોય અને અરજદાર સહાય મેળવવાને પાત્ર થતો હોય તો તેવી અરજીઓ ક્રમાંનુસાર નોંધવી અને ત્યારબાદ જ્યારે નાણાંકીય ઉપલબ્ધતા થશે અરજદારે સ્વખર્ચે મકાન બનાવ્યુ હોય તો પણ તેને નિયમોનુસાર મળવાપાત્ર મકાન સહાય મંજૂર કરવી.

૪/- વધુમાં અરજી કર્યા બાદ જ અરજદારે મકાન બનાવેલ છે તે અંગે અરજદાર આવુ મકાન બનાવવાનું શરુ કરે ત્યારે તે અંગે સબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત) ને જાણ કરવાની રહેશે. અને સ્વખર્ચે મકાન બાંધકામ વિગેરે આ અધિકારીઓએ ખાત્રી કર્યા બાદ સહાયની રકમ ચુકવવાની રહેશે.

૫/- આ યોજના હેઠળ સહાયનું ચુકવણું તથા અન્ય શરતો તા. ૨૫/૧/૮૯ ના ઠરાવ અને ત્યારબાદના વખતો વખતના ઠરાવોથી નિયત થયા મુજબની યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિ. મ. પરમાર )
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/ રા.ક.ના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
( સબંધિત સર્વેના ધ્યાન ઉપર લાવવાની વિનંતી સહ.)
સચિવાલયના સર્વે વિભાગો.
એકાઉ-ટ-ટ જનરલ, અમદાવાદ/ગાંધીનગર.
પી.એ.ઓ. અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
વિભાગની સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.

વાળંદ/૩-૧૨/૨ટે.//

અનુ.જાતિ તથા વિચરતી અને વિમુક્ત
જાતિના લોકો માટેની વ્યક્તિગત
ધોરણે ગૃહનિર્માણની યોજના.
બીસીકે-૪૯ તથા ૫૧

ગુજરાત સરકાર,
ઠરાવક્રમાંક:વમસ/૧૦૯૭/૧૫૭/છ,
સમાજ કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૫-૯-૧૯૯૭

<u>વંચાણે લીધા</u> :-

૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક:વમસ/૧૨૮૮/૧૪૩૯(૧)/બ,
તા.૨૫/૧/૮૯

૨) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:વમસ/૧૨૮૯/૧૦૨૨/બ,
તા:૭/૩/૯૦

૩) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક:વમસ/૧૨૮૮/મા-૯૭/બ
તા:૩૧/૩/૯૨

૪) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૮૮/૧૪૩૯/૧/બ
તા: ૧૮/૩/૯૩.

૫) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:વમસ/૧૦૯૫/૧૮૩૭(૯૬)/છ
તા:૨/૧૨/૯૬.

૬). નિયામકશ્રી (સ.ક.)નો પત્ર ક્રમાંક:સક/મગન/૪/૧/૯૭ ૧૭૫૬
તા: ૧૩/૧/૯૭.

<u>ઠ રા વ</u>

આમુખમાં જણાવેલ તા:૨૫/૧/૮૯ તથા તા:૩૧/૩/૯૨ ના ઠરાવથી અને ત્યારબાદ વખતોવખતના ઠરાવોની જોગવાઈઓ અનુસાર અનુ.જાતિ તથા વિચરતી અને વિમુક્તજાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે સહાય આપવાની યોજના અમલમાં છે. આ યોજનાની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે.

૧) મકાનની ટોચની કિંમત: ૨૦,૦૦૦/-

૨) મકાન સહાયની રકમ :રૂા.૬૪૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવનાર ઈસમો માટે રૂા. ૧૨,૭૦૦/- તેમજ રૂા. ૧૨,૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવનાર ઈસમોને રૂ.૯૦૦૦/-

..૨..

ની સહાય ચુકવવામાં આવે છે.

૩) લાભાર્થીનો શ્રમફાળો રૂા. ૧૦,૦૦૦/- કે થયેલ ખર્ચ તે બે માંથી જે ઓછું હોય તેના ૧૦% પ્રમાણે એટલે કે વધુમાં વધુ રૂા. ૧૦૦૦/-(એક હજાર) શ્રમફાળો ગણવામાં આવે છે.

ઉપરોકત સહાયનો દર તા:૩૧/૩/૯૨ ના ઠરાવથી નિયત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વધતી જતી મોંઘવારીને લીધે બાંધકામ સામગ્રીની કિંમતમાં ઉત્તરોત્તર વધારો થતો રહયો છે. આથી અનુ.જાતિના ગરીબ લોકો વર્તમાન નાણાકીય સહાય તેમજ ટોચની કિંમતમાં મકાન બાંધવા અસમર્થ હોઈ તેમજ આવકમર્યાદા વધી જતી હોઈ અનુ.જાતિના [illegible] તરફથી અવારનવાર સહાયની રકમમાં વધારો કરવાની રજુઆતો થતી હતી. જેને કારણે વાર્ષિક આવકમર્યાદા, મકાનની ટોચની કિંમત તથા નાણાકીય સહાયનો દર વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ નીચે મુજબના સુધારેલ દરોએ સહાય આપવાનું ઠરાવેલ છે.

(૧) મકાનની ટોચની કિંમતઃ રૂા.૩૦,૦૦૦/-(ત્રીસ હજાર પુરા ) રહેશે.

(૨) મકાન સહાયની રકમ રૂા.૨૦,૦૦૦/- (વીસ હજાર પુરા) રહેશે.

(૩) લાભાર્થીની આવક મર્યાદા રૂા.૨૪,૦૦૦/-(ચોવીસ હજાર પુરા ) રહેશે.

(૪) અતિ પછાતજાતિના ઈસમોને આવક મર્યાદાના બાધ વિના સહાય આપવાની ર

૪. આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા:૩/૯/૯૭ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-(વિ.મ.પરમાર )
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.

નં.સક/મગન/૫/૪/૯૭/ [illegible]
નિયામક, સમાજ કલ્યાણ ખાતુ,
ગુજરાત રાજય, બ્લોક નં.૪, બીજોમાળ,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તારીખ:- ૭ - ૧૦ - ૧૯૯૭

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ:-
૧) જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી. . . . . . . . . . .
૨) સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત). . . . . .
૩) . . . . . . . . . . . .શાખા, વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નાયબ નિયામક,
સમાજ કલ્યાણ ખાતુ,
ગુ.રા.ગાંધીનગર.

અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકોને ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ કે સ્લમ કલીયરન્સ બોર્ડ મારફત મકાન બનાવવા અપાતી સહાય તથા આવકમર્યાદાના દરોમાં વ્યકિતગત ધોરણે ગૃહનિર્માણની યોજનામાં વધારો કરવા બાબત.
(બીસીકે-૫૦)

---

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-વમસ/૧૦૯૮/૬૫૪/છ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ:-૧૯/૯/૯૮.

<u>વંચાણે લીધા</u> :-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક:-વમસ/૧૨૮૮/૧૪૩૯(૧)/ખ, તા.૨૫/૧/૮૯.

(૨) સમાજ કલ્યાણ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક:-એસસીડબલ્યુ/૨૦૮૯/૫૬૭/અ, તા.૯/૧/૯૦ (૧૦)

(૩) સમાજ કલ્યાણ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક:-વમસ/૧૨૮૮/બા.૯૭/અ, તા.૩૧/૩/૯૨.

(૪) સમાજ કલ્યાણ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક:-વમસ/૧૦૯૭/૧૫૭/છ, તા.૧૫/૯/૯૭.

(૫) સમાજ કલ્યાણ નિયામકશ્રીનો તા.૧૦/૩/૧૯૯૮નો પત્ર ક્રમાંક:-સક/આગન/મ/૧/૯૮/૧૫૪૨

<u>ઠરાવ</u> :-

આમુખમાં જણાવેલ તા.૨૫/૧/૮૯ના સરકારી ઠરાવથી અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન સહાય આપવાની જે યોજના અમલમાં છે તે મુજબ આમુખમાં જણાવેલ તા.૯/૧/૯૦ના (૧૦) સરકારી ઠરાવથી અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકોને ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ કે સ્લમ કલીયરન્સ બોર્ડ મારફત મકાન બનાવવા સહાય આપવામાં આવે છે. આ યોજનાની જોગવાઇઓ નીચે મુજબ છે.

(૧) મકાન સહાયની રકમ :- મકાનની ખરેખર કિંમત અથવા રૂા.૧૦,૦૦૦/- તે બેમાંથી જે ઓછું હોય તેના ૬૦% પ્રમાણે એટલે કે રૂા.૬,૦૦૦/- આપવામાં આવે છે.

(૨) આવકમર્યાદા :- લાભાર્થીની વાર્ષિક આવકમર્યાદા રૂા.૧૨,૦૦૦/- (અંકે રૂપિયા બાર હજાર) રાખવામાં આવેલ છે.

૨. આમુખમાં જણાવેલ તા.૨૫/૧/૮૯ તથા તા.૩૧/૩/૯૨ના સરકારી ઠરાવોની જોગવાઇઓમાં સુધારો કરીને આમુખમાં દર્શાવેલ તા.૧૫/૯/૯૭ના સરકારી ઠરાવથી નીચે મુજબની જોગવાઇઓ રાખવામાં આવેલ છે.

(૧) મકાનની ટોચની કિંમત :- રૂા.૩૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પૂરા) રહેશે.

(૨) મકાન સહાયની રકમ :- રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) રહેશે.

(૩) લાભાર્થીની આવકમર્યાદા :- રૂા.૨૪,૦૦૦/- (અંકે રૂપિયા ચોવીસ હજાર પૂરા) રહેશે.

અતિ પછાત જાતિના ઇસમોને આવકમર્યાદાના બાધ વિના સહાય આપવામાં આવે છે.

૩. ઉપર્યુક્ત તા.૧૫/૯/૯૭ના સરકારી ઠરાવથી કરેલ જોગવાઇઓના ધોરણે ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ કે સ્લમ ક્લીયરન્સ બોર્ડ મારફત મકાન બનાવવા અપાતી સહાયની રકમ, મકાનની ટોચની કિંમત તથા લાભાર્થીની વાર્ષિક આવકમર્યાદામાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૪. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ નીચે મુજબના સુધારેલ દરોએ સહાય આપવાનું ઠરાવેલ છે.

(૧) મકાનની ટોચની કિંમત :- રૂા.૩૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પૂરા) રહેશે.

(૨) મકાન સહાયની રકમ :- રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) રહેશે.

(૩) લાભાર્થીની વાર્ષિક આવકમર્યાદા :- રૂા.૨૪,૦૦૦/- (અંકે રૂપિયા ચોવીસ હજાર પૂરા) રહેશે.

.૩.

(૪) અતિ પછાત જાતિના ઇસમોને આવકમર્યાદાના બાધ વિના સહાય આપવાની રહેશે.

(૫) આ યોજનાની અન્ય શરતો યથાવત્ રહેશે.

૫. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર-"માંગણી નં.-૯૩-મુખ્ય સદર-૨૨૨૫-ગૌણ સદર-૨૮૩-આવાસન-પેટા સદર-(૨)-બીસીકે-૫૦-અનુ.જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના-શહેરી વિસ્તારોમાં આવાસન માટે નાણાકીય સહાય" હેઠળ ઉધારવાનો રહેશે.

૬. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૮-૯-૯૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિ. મ. પરમાર )
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
સચિવાલયના સર્વે વિભાગો.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત).
નાણાં સલાહકારશ્રી, નાણા શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સમાજ કલ્યાણ વિભાગની બધી શાખાઓ.
પસંદગી ફાઇલ.

મહેતા/૨૪૯/૨૮.

અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગૃહ નિર્માણની યોજના.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: વમસ/૧૦૯૭/૨૪૩૬/છ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૭ /૧/૧૯૯૯.

વંચાણે લીધા :-

૧. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનટીડબલ્યુ/૧૨૮૨/૧૩૪૫૭/૫૧૦/જ. તા.૩/૬/૮૩.
૨. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૮૮/૧૪૩૯/૧/બ. તા.૨૫/૧/૮૯.
૩. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ [illegible] ખ. તા.૧૦/૧/૯૦.
૪. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૮૯/૧૦૨૨/બ. તા.૭/૩/૯૦.
૫. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૮૮/૫૧.૯૭/બ. તા. ૩૧/૩/૯૨.
૬. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૮૮/૧૪૩૯/(૧).બ. તા. ૧૮/૩/૯૩.
૭. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૯૩/૯૨૧/બ. તા.૨૬/૮/૯૩.
૮. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૦૯૫/૧૮૩૭/(૯૬)/છ. તા.૨/૧૨/૯૬.
૯. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૦૯૭/૧૫૭/છ. તા. ૧૫/૯/૯૭.

ઠ રા વ :-

આમુખમાં જણાવેલા તા.૩/૬/૮૩ ના ઠરાવથી અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટે મકાન બાંધકામ માટે સહાયરૂપ થવા માટે સરકાર દ્વારા વ્યકિતગત ધોરણે ગૃહ નિર્માણની યોજના અમલમાં મૂકાયેલ છે.

ત્યારબાદ આમુખમાં જણાવેલ વખતોવખતના ઠરાવોથી સહાયના ધોરણો, આવક-મર્યાદા તેમજ ટોચની કિંમતમાં વધારો કરેલ જેની જોગવાઈઓ નીચે મુજબ હતી.

૨........

(૧) મકાનની ટોચની કિંમત રૂા.૨૦,૦૦૦/- (વીસ હજાર પુરા.)

(૨) મકાન સહાયની રકમ રૂા.૬૪૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવનાર ઈસમો માટે રૂા.૧૨,૦૦૦/- તેમજ રૂા.૧૨૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવનાર ઈસમોને રૂા.૯,૦૦૦/- ની સહાય ચૂકવવામાં આવે છે.

(૩) લાભાર્થીનો શ્રમફાળો રૂા.૧૦૦૦૦/- કે થયેલ ખર્ચ તે બેમાંથી જે ઓછું હોય તેના ૧૦ % પ્રમાણે એટલે કે વધુમાં વધુ રૂા.૧,૦૦૦/- શ્રમફાળો ગણવામાં આવે છે.

ઉપરોકત સહાયનો દર તા.૩૧/૩/૯૨ ના ઠરાવથી નિયત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વધતી જતી મોંઘવારી બાંધકામની સામગ્રીની કિંમતના ઉત્તરોત્તર વધારો થતાં અનુ.જાતિના ગરીબ લોકો વર્તમાન નાણાંકીય સહાય તેમજ ટોચની કિંમતના મકાન બાંધવા અસમર્થ હોઈ તેમજ આવકમર્યાદા વધી જતી હોઈ અનુ.જાતિના ઈસમો તરફથી અવારનવાર સહાયની રકમમાં વધારો કરવાની રજૂઆતો થતી હતી. જેને કારણે વાર્ષિક આવકમર્યાદા મકાનની ટોચની કિંમત તથા નાણાંકીય સહાયનો દર વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ તા.૧૫/૯/૯૭ ના ઠરાવથી નીચે મુજબના સુધારેલ દરોએ સહાય આપવાનું ઠરાવેલ છે.

(૧) મકાનની ટોચની કિંમત રૂા.૩૦૦૦૦/- (ત્રીસ હજાર પુરા.) રહેશે.

(૨) મકાન સહાયની રકમ રૂા.૨૦૦૦૦/-(વીસ હજાર પુરા.) રહેશે.

(૩) લાભાર્થીની આવક મર્યાદા રૂા.૨૪૦૦૦/- (ચોવીસ હજાર પુરા.)રહેશે.

(૪) અતિ પછાત જાતિના ઈસમોને આવક મર્યાદાના બાધ વિના સહાય આપવાની રહેશે.

૩. ઉપર્યુકત તા.૧૫/૯/૯૭ ના ઠરાવના ધોરણે જ અનુ.જાતિના તથા વિચરતી વિમુકત જાતિના લોકોને ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસિંગ બોર્ડ, કે સ્લમ કલીયરન્સ બોર્ડ મારફત મકાન બનાવવા સહાય આપવાનું તા.૧૯/૯/૯૮ ના ઠરાવથી આયોજન કરવામાં આવેલ છે.

૪. આ યોજનાનો લાભ નીચે જણાવેલ લાભાર્થીઓને મળી શકશે.

(૧) મકાન વિહોણા/ઘરવિહોણા વ્યકિત કે જેઓને પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગની યોજના હેઠળ મફત ઘરથાળનો પ્લોટ ફાળવવામાં આવેલ હોય અને જેઓ કબજો ધરાવતા હોય તેવા અનુ.જાતિ, વિચરતી અને વિમુકત જાતિના લોકો કે જેમને કોઈ ગૃહનિર્માણ યોજના હેઠળ લાભ ન મળ્યો હોય તેને લાભ મળી શકશે.

(૨) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તોપણ તદ્દન કાચું ગાર-માટીનું ઘાસ પૂળાનું કુબા ટાઈપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તે ધરાવનાર

ઈસમને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

(૩) ગ્રામપંચાયતના રેવન્યુ/સીટીસર્વેના અથવા અન્ય સરકારી કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ જ હોય તો પણ જો આવી અરજદાર વ્યક્તિઓ કબજો ધરાવતી હોય મિલકત વેરો ભરવાનો દાખલો રજૂ કરે તો તેઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૪) રેવન્યુ/સીટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો રજીસ્ટર દસ્તાવેજોથી નોંધાયેલ હોય તો મિલકત તબદીલ થઈ હોય તેવી જમીનના પ્લોટોના કબજેદારોને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૫) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે કે અન્ય યોજના નીચે ૪૦ ચોરસવાર કે ૧૦૦ ચોરસવાર સુધી ખુલ્લો પ્લોટ ધરાવનાર વ્યક્તિઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૬) વારસાઈથી મિલકત પ્રાપ્ત કરેલ હોય અને તે અંગે રેવન્યુ ખાતાના રેકર્ડમાં નોંધ ન થઈ હોય પરંતુ મૂળ મિલકત ધારણ કરનાર તથા તેના વારસદારો ખાલી જમીન ઉપર મકાન બાંધવા માટેની જો સંમતિ આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબજો ધરાવનાર વારસદારોને પણ આ સહાયનો લાભ આપી શકશે.

(૭) રાવણીયા/રાવળા અને અન્ય ઈનામી જમીનોના કાયદા/ નિયમો નીચે પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઈ ગણોતધારા કે ખાતા સર્વે રેકર્ડમાં નોંધાયેલ ન હોય પરંતુ તેઓના લાંબા સમયથી પ્રત્યક્ષ કબજો હોય તો તેઓને પણ સહાય મળવાપાત્ર રહેશે. પરંતુ લાભાર્થી ખરેખર કબજો ધરાવે છે કે કેમ તેની ખાત્રી ખાતાના અધિકારીઓ/કર્મચારીઓએ કરવાની રહેશે.

(૮). ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ/ ગુજરાત હાઉસીંગ બોર્ડ/ ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડની પ્રવર્તમાન યોજનાઓ હેઠળ લાભાર્થી મકાન બનાવવા માંગે તે બોર્ડ મારફતે અરજી કરવાથી બોર્ડની દરખાસ્તના આધારે સહાય મંજૂર કરવામાં આવશે અને મંજૂર થયેલ રકમ જે તે બોર્ડ હસ્તક મૂકવામાં આવશે. પરંતુ અન્ય શરતોને ધ્યાને લઈને આ સહાય ચૂકવવામાં આવશે.

૫. આ યોજનાનો અમલ નીચે જણાવેલ અધિકારીઓએ કરવાનો રહેશે. આ યોજનાનો અમલ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી દ્વારા કરવામાં આવશે.

૬. ઠરાવમાં નિયત થયેલી શરતો પ્રમાણે લાભાર્થી યોજનાનો લાભ મેળવવા પાત્ર છે કે કેમ તેની પૂરી ચકાસણી જે તે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/સમાજકલ્યાણ અધિકારીની રહેશે.

૭. યોજનાની શરત બહાર સહાયનું ચૂકવણું થયેલ માલુમ પડશે તો તે ક્ષતિ માટે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને જવાબદાર ગણીને ખોટી રીતે ચૂકવાયેલ રકમ તેમની પાસેથી વસુલ કરવામાં આવશે.

૮. મકાન સહાયની માંગણી માટે આવતી અરજીઓ તારીખ પ્રમાણે ગોઠવી મંજુર કર્યા બાદ અગ્રતાક્રમ પ્રમાણે સહાય મંજુર કરવામાં આવશે.

૯. <u>સહાય ચૂકવણીની પધ્ધતિ</u> :-

સહાયની રકમ ત્રણ હપ્તામાં ચૂકવવાની રહેશે. જે પૈકી પ્રથમ હપ્તો ૫૦ ટકા બીજો હપ્તો ૨૫ ટકા અને ત્રીજો હપ્તો ૨૫ ટકા રહેશે. પ્રથમ હપ્તો મંજૂર અરજી મંજૂર થયે બીજો હપ્તો ધાબા(રૂફ) લેવલ સુધીનું બાંધકામ પૂર્ણ થયાનું અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી અને ત્રીજો હપ્તો xxxx મકાન બાંધકામ સંપૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ચૂકવવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતના ઓવરશીયર અથવા શહેરી વિસ્તારમાં રાજય સરકાર મ્યુનિસિપલ કોર્પોરેશન કે નગરપાલિકાના મદદનીશ ઇજનેર કે તેથી ઉપરની કક્ષાના અધિકારીઓ આવા પ્રમાણપત્રો આપવાના રહેશે.

૧૦. આ યોજનાનો લાભ અંત્યોદય યોજના પ્રમાણે એટલે કે સૌથી ગરીબ માણસને પ્રથમ લાભ આપવાનો રહેશે. એટલે કે સૌથી ઓછી આવક ધરાવનારને પ્રથમ મકાન સહાય મંજુર કરવાની રહેશે. આ જોગવાઈનો અમલ અત્યંત કાળજીથી કરવાનો રહેશે.

ઉપરોકત તમામ જ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. આ ઠરાવ માત્ર સરળ સમજૂતીના હેતુ માટે બહાર પાડવામાં આવે છે. જેથી આ અંગે ઉદ્દભવતી બાબતોની વિશેષ સમજૂતી કે ચોકકસ અર્થઘટન માટે ઉપર જણાવેલ જે તે સમયના મૂળ હુકમોની જોગવાઈ અને પ્રવર્તમાન અમલમાં રહેલી આનુષાંગિક પ્રસ્તુત જોગવાઈમાં જ આધારરૂપ ગણવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિ. મ. પરમાર )
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

નકલ રવાના પ્રતિ,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.

૫........

ડૉ. આંબેડકર આવાસ યોજના

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક : અબડ/૧૦૯૯/૭૬૯/હ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૩-૪-૧૯૯૯

**વંચાણે લીધા :-**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૨૮૮/૧૪૩૯(૧)/ખ, તા.૨૫-૧-૮૯
(૨) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૨૮૯/૧૦૨૨/ખ, તા. ૭-૩-૯૦.
(૩) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૨૮૮/ખા-૯૭/ખ, તા.૩૧-૩-૯૨.
(૪) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૨૮૮/૧૪૩૯/૧/બ, તા.૧૮-૩-૯૩.
(૫) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૦૯૫/૧૮૩૭(૯૬)/હ, તા.૨-૧૨-૯૬.
(૬) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૦૯૭/૧૫૭/હ, તા.૧૫-૯-૧૯૯૭.

**-: ઠરાવ :-**

આમુખમાં જણાવેલ જુદાજુદા ઠરાવો અન્વયે ગુજરાત રાજયમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન બાંધકામની સહાય આપવાની યોજના અમલમાં છે. ગુજરાત રાજયમાં વસતા અનુસૂચિત જાતિના ગરીબી રેખા નીચે જીવતા તમામ ઘરવિહોણા ઇસમોને આગામી પાંચ વર્ષમાં મકાન પુરૂં પાડવા માટેની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. આ યોજનાને નમૂનારૂપ બનાવવા સને ૧૯૯૯-૨૦૦૦ના નાણાંકીય વર્ષથી નીચે મુજબની " ડૉ. આંબેડકર આવાસ યોજના" અમલમાં મુકવાનું નકકી કરવામાં આવ્યું છે.

૧. આ યોજના " ડૉ. આંબેડકર આવાસ યોજના" તરીકે ઓળખવામાં આવશે.

૨. **હેતુ** :- આ યોજનાનો હેતુ ગરીબી રેખા નીચે જીવતા ઘરવિહોણા અનુસૂચિત જાતિના લોકોને સમયબધ્ધ કાર્યક્રમરૂપે તબક્કાવાર પાકા આવાસ પુરા પાડવાનો છે.

૩. **પાત્રતાની શરતો** :-

(૧) ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તરફથી તૈયાર કરવામાં આવેલી ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદી પૈકીના અનુસૂચિત જાતિના ઘરવિહોણા ઇસમો આ યોજનાના લાભાર્થી રહેશે.

(૨) મકાન વિહોણી/ઘરવિહોણી વ્યકિત કે જેને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની યોજના હેઠળ મફત ઘરથાળનો પ્લોટ ફાળવવામાં આવેલ હોય

અને જેનો કબજો ધરાવતી હોય તેવી અનુસૂચિત જાતિની વ્યકિત કે જેને કોઇ ગૃહ નિર્માણ યોજના હેઠળ લાભ ન મળ્યો હોય તેને આ યોજનાનો લાભ મળી શકશે.

(૩) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તો પણ તદ્દન કાચું ગાર-માટીનું ઘાસ પૂળાનું કુબા ટાઇપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તે ધરાવનાર ઇસમને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૪) ગ્રામ પંચાયતના રેવન્યુ/સીટી સર્વેના અથવા અન્ય સક્ષમ કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો આવી અરજદાર વ્યકિતઓ કબજો ધરાવતી હોય તેવી જમીનનો મિલકત વેરો ભરવાનો દાખલો રજૂ કરે તો તેઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૫) રેવન્યુ/સીટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો રજીસ્ટર દસ્તાવેજોથી નોંધાયેલ હોય તો મિલકત તબદીલ થઇ હોય તેવી જમીનના પ્લોટોના કબજેદારોને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૬) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે કે અન્ય યોજના નીચે ૨૫ ચો.વાર, ૪૦ ચોરસવાર કે ૧૦૦ ચોરસવાર સુધી ખુલ્લો પ્લોટ ધરાવનાર વ્યકિતઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૭) વારસાઇથી મિલકત પ્રાપ્ત કરેલ હોય અને તે અંગે રેવન્યુ સીટી સર્વે રેકર્ડમાં નોંધ ન થઇ હોય પરંતુ કુલ ધારણ કરનાર તથા તેના વારસદારો આવી જમીન ઉપર મકાન બાંધવા માટેની જો સંમતિ આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબજો ધરાવનાર વારસદારોને પણ આ સહાયનો લાભ આપી શકશે.

(૮) રાવળીયા/રાવળ અને અન્ય ઇનામી જમીનોના કાયદા/નિયમો નીચે પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઇ મહેસૂલી કે સીટીસર્વે રેકર્ડમાં નોંધાયેલ ન હોય પરંતુ તેઓના લાંબા સમયથી પ્રત્યક્ષ કબજો હોય તો તેઓને પણ સહાય મળવાપાત્ર રહેશે. પરંતુ લાભાર્થી ખરેખર કબજો ધરાવે છે કે કેમ તેની ખાત્રી ખાતાના અધિકારીઓ/કર્મચારીઓએ કરવાની રહેશે.

(૯) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ/ગુજરાત હાઉસીંગ બોર્ડ/ ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ/ગુજરાત હળપતિ અને જમીન વિહોણા ખેતમજુરોનું ગૃહ નિર્માણ બોર્ડની પ્રવર્તમાન યોજનાઓ હેઠળ લાભાર્થી મકાન બનાવવા માંગે તે સબંધિત બોર્ડ મારફતે અરજી કરવાથી બોર્ડની દરખાસ્તના આધારે સહાય મંજુર કરવામાં આવશે અને મંજૂર થયેલ રકમ જે તે બોર્ડ હસ્તક મૂકવામાં આવશે. પરંતુ અન્ય શરતોને ધ્યાને લઇને આ સહાય ચુકવવામાં આવશે.

(૧૦) આ યોજનાની લાભાર્થીની પાત્રમાં અનુસૂચિત જાતિના ઇસમોની વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૪,૦૦૦/- ની રહેશે પરંતુ આગામી પાંચ વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા ઘર વિહોણા અનુસૂચિત જાતિના ઇસમોને આ યોજના હેઠળ આવાસ પૂરું

પાડવાનું આયોજન હોવાથી ગરીબી રેખા હેઠળ જીવતી અનુસૂચિત જાતિના મકાન-વિહોણા લાભાર્થીઓને પ્રથમ અગ્રતાના ક્રમે લાભ આપવાનો રહેશે.

(૧૧) અનુસૂચિત જાતિમાં અતિ પછાત એવી વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર-સાધુ અને અનુસૂચિત જાતિના બાવા એમ કુલ-૮ (આઠ) અતિ પછાત જાતિના ઇસમોને આવક-મર્યાદાના બાધ વિના મકાન સહાય આપવાની રહેશે. આ ૮ (આઠ) અતિ પછાત જાતિઓના ઇસમો ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદીમાં ન હોય તો પણ આ યોજનાનો લાભ મેળવવા પાત્ર બનશે.

૪. <u>સહાયનું ચુકવણું :-</u>

(૧) મકાન સહાયની રકમ રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા ) રહેશે.

(૨) મકાનની ટોચ કિંમત ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૩૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા.૫૦,૦૦૦/- રહેશે.

(૩) આ યોજના હેઠળ મકાન સહાયની રકમ રૂા.૨૦,૦૦૦/- ચૂકવવામાં આવે છે. જેમાં અરજી મંજૂર થયેથી પ્રથમ હપ્તો ૫૦ ટકા ચૂકવવામાં આવશે. બીજો ૪૦ ટકાનો હપ્તો રૂફ લેવલ સુધીનું બાંધકામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ચૂકવવામાં આવશે. ત્યારબાદ બાકી રહેતો ૧૦ ટકાનો ત્રીજો હપ્તો બાંધકામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ચુકવવામાં આવશે.

(૪) ગ્રામ્ય વિસ્તારોમાં તાલુકા પંચાયતના ઓવરશીયર અથવા શહેરી વિસ્તારોમાં રાજય સરકાર/મ્યુનિસિપલ કોર્પોરેશન/નગરપાલિકાના મદદનીશ ઇજનેર કે ઉપરના અધિકારીઓએ આવા પ્રમાણપત્ર આપવાના રહેશે. બીજા હપ્તાનું સમાજ કલ્યાણ નિરીક્ષકનું પ્રમાણપત્ર પણ માન્ય રહેશે.
આ યોજનામાં લાભાર્થીનો શ્રમફાળો રૂા. ૨,૦૦૦/- ગણવાનો રહેશે.

૫. <u>યોજનાનું અમલીકરણ :-</u>

(૧) આ યોજનાનો અમલ શહેરી વિસ્તાર માટે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી તથા ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) ધ્વારા કરવામાં આવશે. ઠરાવમાં નિયત થયેલ શરતો પ્રમાણે લાભાર્થીઓ લાભ મેળવવાને પાત્ર છે કે કેમ તેની પૂરી ચકાસણી જે તે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/ સમાજ કલ્યાણ અધિકારીની રહેશે.

(૨) મકાન સહાયની માંગણી માટે આવતી અરજીઓ તારીખ પ્રમાણે ગોઠવી ગરીબી રેખા નોંધણી નંબર ચકાસી અગ્રતાક્રમ પ્રમાણે મંજૂર કરવામાં આવશે.

(૩) ગ્રામ્ય વિસ્તારોમાં આ યોજનાના અમલીકરણ વખતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સર્વે યાદીને માન્ય દસ્તાવેજ ગણેલ હોવાથી તે યાદીના નોંધણી ક્રમને ચકાસી આવકનો દાખલો/જાતિનો દાખલો મેળવવામાંથી અરજદારોને મુકિત આપવામાં આવશે.

(૪) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે નિયત કરેલ સક્ષમ અધિકારીનો જાતિનો તથા આવકનો દાખલો મેળવીને રજૂ કરવાનો રહેશે.

(૫) સમાજ કલ્યાણ નિરીક્ષક/ચકાસણી અધિકારી/કર્મચારીએ જિલ્લા/તાલુકા કક્ષાએ રાખવામાં આવેલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની યાદીમાંથી લાભાર્થીનો અનુક્રમ નંબર ધ્યાને લઇ મંજુરી અંગે નિર્ણય લેવાનો રહેશે. ચકાસણી અર્થે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સર્વે યાદીની નકલ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અને સમાજ કલ્યાણ અધિકારીની કચેરીમાં ઉપલબ્ધ રાખી ચકાસણી-મંજૂરીની કાર્યવાહી કરવાની રહેશે.

૬. આ યોજનાનો ખર્ચ "માંગણી નંબર : ૯૩ ખાસ અંગભૂત યોજના મુખ્ય સદર: અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ. ગૌણ સદર : ૨૮૩ આવાસન પેટા સદર . બીસીકે-૫૩ અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના-આવાસન માટે વ્યકિતગત ધોરણે મકાન સહાય બીસીકે-૫૫:અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના સફાઇ કામદારો, ઝાડુવાળા અને વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવાને આવાસન માટે નાણાંકીય સહાય" સદર હેઠળ પાડવાનો રહેશે. અને તે હેઠળ દર વરસે કરવામાં આવનાર જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( રમણ આર્ય )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

પ્રતિ,
૧. માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન. મંત્રીશ્રી, (સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. સર્વે મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. સચિવાલયના સર્વે વિભાગો.
૬. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.

૯. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
૧૦.મેનેજીંગ ડીરેકટરશ્રી, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગુ.રા.,ગાંધીનગર.
૧૧.પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
૧૨.સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
૧૩.સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
૧૪.સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
૧૫. નાણાં સલાહકારશ્રી, નાણા શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૬.સમાજ કલ્યાણ વિભાગની સઘળી શાખાઓ.
૧૭.નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
૧૮.પસંદગી ફાઇલ

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-અબડ/૧૦૯૯/૭૬૯/હ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૨/૨/૨૦૦૦

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંકઃ-વમસ/૧૨૮૮/૧૪૩૯(૧)/ખ, તા.૨૫/૧/૮૯
(૨) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંકઃ-વમસ/૧૨૮૯/૧૦૨૨/ખ, તા.૭/૩/૯૦
(૩) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંકઃ-વમસ/૧૨૮૮/ખા.૯૭/ખ, તા.૩૧/૩/૯૨
(૪) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંકઃ-વમસ/૧૨૮૮/૧૪૩૯/૧/ખ, તા.૧૮/૩/૯૩
(૫) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંકઃ-વમસ/૧૦૯૫/૧૮૩૭(૯૬)/હ, તા.૨/૧૨/૯૬
(૬) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંકઃ-વમસ/૧૦૯૭/૧૫૭/હ, તા.૧૫/૯/૧૯૯૭
(૭) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંકઃ-વમસ/૧૦૯૮/૬૫૪/હ, તા.૧૯/૯/૯૮.
(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવક્રમાંકઃ-અબડ/૧૦૯૯/૭૬૯/હ, તા.૧૩/૪/૯૯.

ઠરાવ :-

આમુખમાં જણાવેલ જુદાજુદા ઠરાવો અન્વયે ગુજરાત રાજયમાં અનુસૂચિત જાતિના લોકો માટેવ્યકિતગત ધોરણે મકાન બાંધકામની સહાય આપવાની યોજના અંગેના વિવિધ હુકમો અમલમાં છે. આ તમામ ઠરાવો રદ કરીને ગુજરાત રાજયમાં વસતા અનુસૂચિત જાતિના ગરીબી રેખા નીચે જીવતા તમામ ઘરવિહોણા ઈસમોને આગામી પાંચ વર્ષમાં મકાન પુરૂં પાડવા માટેની એક સંકલિત યોજના બનાવવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણા કર્યા બાદ સને ૧૯૯૯-૨૦૦૦ના નાણાંકીય વર્ષથી નીચે મુજબની સંકલિત યોજના અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. આ યોજનાને "ડૉ.આંબેડકર આવાસ યોજના" તરીકે ઓળખવામાં આવશે.

૨. હેતુઃ- આ યોજનાનો હેતુ અનુસૂચિત જાતિના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અને ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવતા ઘર વિહોણા

અનુ.જાતિના લોકોને સંગયબધ્ધ કાર્યક્રમરૂપે તબકકાવાર પાકા આવાસ પુરા પાડવાનો છે.

૩. **પાત્રતાની શરતો :–**

(૧) આ યોજના માટેની આવકમર્યાદા વાર્ષિક રૂ. ૨૪૦૦૦/– રહેશે પરન્તુ ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તરફથી તૈયાર કરવામાં આવેલી ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદી પૈકીના અનુસૂચિત જાતિના ઘરવિહોણા ઈસમોને પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

(૨) અનુસૂચિત જાતિની મકાન વિહોણી / ઘરવિહોણી વ્યકિત કે જેને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની યોજના હેઠળ મફત ઘરથાળનો પ્લોટ ફાળવવામાં આવેલ હોય અને જેનો કબજો ધરાવતી હોય અને જેને કોઈ ગૃહ નિમાર્ણ યોજના હેઠળ લાભ ન મળ્યો હોય તેને આ યોજનાનો લાભ મળી શકશે.

(૩) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તો પણ તદ્દન કાચુ,ગારમાટીનું,ઘાસ પૂળાનું,કુબા ટાઈપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તેવું મકાન ધરાવનાર ઈસમને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૪) ગ્રામ પંચાયતના, રેવન્યુ/સીટી સર્વેના અથવા અન્ય સક્ષમ કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો આવી અરજદાર વ્યકિતઓ કબજો ધરાવતી હોય તેવી જમીનનો મિલકત વેરો ભરવાનો દાખલો રજૂ કરે તો તેઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૫) રેવન્યુ/સીટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો રજીસ્ટર દસ્તાવેજોથી નોંધાયેલ હોય તો મિલકત તબદીલ થઈ હોય તેવી જમીનના પ્લોટોના કબજેદારોને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૬) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટેકે અન્ય યોજના નીચે ૨૫ ચો.વાર, ૪૦ ચો.વાર કે ૧૦૦ ચો.વાર સુધી ખુલ્લો પ્લોટ ધરાવનાર વ્યકિતઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૭) વારસાઈથી મિલકત પ્રાપ્ત કરેલ હોય અને તે અંગે રેવન્યુ સીટી સર્વે રેકર્ડમાં નોંધ ન થઈ હોય પરંતુ કુલ ધારણ કરનાર તથા તેના વારસદારો આવી જમીન ઉપર મકાન બાંધવા માટેની જો સંમતિ આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબજો ધરાવનાર વારસદારોને પણ આ સહાયનો લાભ આપી શકશે.

(૮) રાવળીયા/રાવળ અને અન્ય ઈનામી જમીનો નાકાયદા/નિયમો નીચે પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઈ મહેસૂલી કે સીટીસર્વે રેકર્ડમાં નોંધાયેલ ન હોય પરંતુ તેઓના લાંબા સમયથી પ્રત્યક્ષ કબજો હોય તો તેઓને પણ સહાય મળવાપાત્ર રહેશે. પરંતુ લાભાર્થી ખરેખર કબજો ધરાવે છે કે કેમ તેની ખાત્રી ખાતાના અધિકારીઓ/કર્મચારીઓએ કરવાની રહેશે.

(૯) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ/ગુજરાતહાઉસીંગ બોર્ડ/ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ/ગુજરાત હળપતિ અને જમીનવિહોણા ખેતમજુરોનું ગૃહ નિર્માણ બોર્ડની પ્રવર્તમાન યોજનાઓ હેઠળ લાભાર્થી મકાન બનાવવા માંગે તો સંબંધિત બોર્ડ મારફતે અરજી કરવાથી બોર્ડની દરખાસ્તના આધારે સહાય મંજુર કરવામાં આવશે અને મંજૂર થયેલ રકમ જે તે બોર્ડ હસ્તક મૂકવામાં આવશે. પરંતુ અન્ય શરતો નેધ્યાને લઈને આ સહાય ચુકવવામાં આવશે.

(૧૦) આ યોજનાની લાભાર્થીની પાત્રતામાં અનુસૂચિત જાતિના ઈસમોની વાર્ષિક આવકમર્યાદા રૂા.૨૪,૦૦૦/– ની રહેશે પરંતુ આગામી પાંચ વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા ઘરવિહોણા અનુસૂચિત જાતિના ઈસમોને આ યોજના હેઠળ આવાસ પૂરું પાડવાનું આયોજન હોવાથી ગરીબી રેખા હેઠળ જીવતી અનુસૂચિત જાતિના મકાન–વિહોણા લાભાર્થીઓને ટોચઅગ્રતાના ધોરણે લાભ આપવાનો રહેશે.

(૧૧) અનુસૂચિત જાતિમાં અતિ પછાત એવી વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર–સાધુ અને અનુસૂચિત જાતિના બાવા એમ કુલ–૮(આઠ) અતિ પછાત જાતિના ઈસમોને આવકમર્યાદાના બાધ વિના મકાન સહાય આપવાની રહેશે. આ ૮(આઠ) અતિ પછાત જાતિઓના ઈસમો ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદીમાં ન હોય તો પણ આ યોજનાનો લાભ મેળવવા પાત્ર બનશે.

૪. <u>સહાયનું ચૂકવણું :–</u>

(૧) મકાન સહાયની રકમ રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજારપૂરા) રહેશે.

(૨) મકાનની ટોચકિંમત ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૫૦,૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂા.૭૦,૦૦૦/- રહેશે.

સંપૂર્ણ પચાસું પ્રમાણપત્ર રજૂ (૩) આ યોજના હેઠળ મકાન સહાયની રકમ રૂા.૨૦,૦૦૦/– ચૂકવવામાં આવે છે. જેમાં પ્લીન્થ સુધીનું બાંધકામ/થયેથી પ્રથમ હપ્તો ૩૦ ટકા ચૂકવવામાં આવશે. છત (રુફ લેવલ ) સુધીનું બાંધકામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી બીજા હપ્તા પેટે ૪૦ ટકા રકમ ચૂકવવામાં આવશે. બાકી રહેતી ૩૦ ટકા રકમ બાંધકામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ચૂકવવામાં આવશે.

(૪) ગ્રામ્ય વિસ્તારોમાં તાલુકા પંચાયતના ઑવરશીયર/અધિક મદદનીશ ઈજનેર અને શહેરી વિસ્તારોમાં રાજ્ય સરકાર/મ્યુનિસિપલ કોર્પોરેશન/નગરપાલિકાના મદદનીશ ઈજનેર કે ઉપરના અધિકારીઓએ આવા પ્રમાણપત્ર આપવાના રહેશે.

બીજા હપ્તાનું સમાજ કલ્યાણ નિરીક્ષકનું પ્રમાણપત્ર પણ માન્ય રહેશે.

(૫) આ યોજનામાં લાભાર્થીનાશ્રમફાળો રૂા.૨,૦૦૦/- ગણવાનો રહેશે.

૫. <u>મકાન પૂર્ણ કરવાની સમયમર્યાદા :-</u>

અરજી મંજૂર થયાની તારીખથી દોઢ વર્ષમાં મકાન પૂર્ણ કરવાનું રહેશે. સમય-મર્યાદામાં મકાન પૂર્ણ ન કરનાર લાભાર્થી પાસેથી મકાન સહાયના અપાયેલ હપ્તા પરત વસૂલ કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/સમાજ કલ્યાણ અધિકારીની રહેશે.

૬. <u>યોજનાનું અમલીકરણ:-</u>

(૧) આ યોજનાનો અમલ શહેરીવિસ્તાર માટે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી તથા ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) ધ્વારા કરવામાં આવશે. ઠરાવમાં નિયત થયેલ શરતો પ્રમાણે લાભાર્થીઓ લાભ મેળવવાને પાત્ર છે કે કેમ તેની પૂરી ચકાસણી જે તે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/સમાજ કલ્યાણ અધિકારીની રહેશે.

(૨) મકાન સહાયની માંગણી માટે આવતી અરજીઓ તારીખ પ્રમાણે ગોઠવી ગરીબી રેખા નોંધણી નંબર ચકાસી અગ્રતાક્રમ પ્રમાણે મંજૂર કરવામાં આવશે. પરન્તુ આવેલ અરજીઓમાંથી ગરીબી રેખા હેઠળના લાભાર્થીઓને અગ્રતા આપવાની રહેશે.

(૩) ગ્રામ્ય વિસ્તારોમાં આ યોજનાના અમલીકરણ વખતેજિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સર્વે યાદીને માન્ય દસ્તાવેજ ગણેલ હોવાથી તે યાદીના નોંધણી ક્રમને ચકાસી આવકનો દાખલો/જાતિનો દાખલો મેળવવામાંથી અરજદારોને મુકિત આપવામાં આવશે.

(૪) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટેનિયત કરેલ સક્ષમ અધિકારીનોજાતિનો તથા આવકનો દાખલો મેળવીને રજૂ કરવાનો રહેશે.

(૫) સમાજ કલ્યાણ નિરીક્ષક/ચકાસણી અધિકારી/કર્મચારીએ જિલ્લા/તાલુકા કક્ષાએ રાખવામાં આવેલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની યાદીમાંથી લાભાર્થીનો અનુક્રમ નંબરધ્યાને લઈ મંજુરી અંગે નિર્ણય લેવાનો રહેશે.ચકાસણી અર્થેજિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સર્વે યાદીની નકલ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી અને સમાજ કલ્યાણઅધિકારીની કચેરીમાં ઉપલબ્ધ રાખી ચકાસણી-મંજૂરીની કાર્યવાહી કરવાની રહેશે.

૭. આમુખમાં દર્શાવેલ ઠરાવો હેઠળની યોજના હેઠળ જે અરજદારોની અરજીઓ પડતર રહેલ હશે તેવી અરજીઓને આ યોજના હેઠળ આવરી લઈ તેનો નિકાલ કરવાનો રહેશે.

૮. આ યોજનાનો ખર્ચ "માંગણી નંબર : ૯૩ ખાસ અંગભૂત યોજના મુખ્ય સદર : અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ. ગૌણ સદર : ૨૮૩ આવાસન પેટા સદર. બીસીકે-૫૩ અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના-આવાસન માટે વ્યકિતગત ધોરણે મકાન સહાય બીસીકે-૫૫ : અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના સફાઈ કામદારો, ઝાડુવાળા અને વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવાને આવાસન માટે નાણાંકીય સહાય" સદર હેઠળ પાડવાનો રહેશે. અને તે હેઠળ દર વર્ષે કરવામાં આવનાર જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૯. આ હુકમો આવિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંવિભાગની તા. ૨૪/૧/૨૦૦૦ ની અનુમતિ મેળવીને બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિ. મ. પરમાર)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ

* માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી, (સા. ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષ ના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, ગાંધીનગર.
માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના રહસ્ય સચિવશ્રી.
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ, ગુજરાત રાજય, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જિલ્લા તિજોરીઅધિકારીશ્રીઓ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).
નાણાં સલાહકારશ્રી, નાણા શાખા, સા.ન્યા.અને અધિ. વિભાગ, સચિવાલય,
ગાંધીનગર.
સા.ન્યા.અને અધિ. વિભાગની સઘળી શાખાઓ.
પસંદગી ફાઈલ.
* પત્ર દ્વારા.

મહેતા/૭૬૯.એચ

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૨૦૦૦-૫૭૫- છ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૨૯-૩-૨૦૦૦.

વંચાણે લીધા :-

૧. ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૯૯/૭૬૯/છ તા.૨૨-૨-૨૦૦૦
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

૨. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો અ.સ.પત્ર ક્રમાંક:
અજાક/અગન/ન/૫૪૭ તા.૮-૩-૨૦૦૦

સુધારો :-

આમુખમાં જણાવેલ તા.૨૨-૨-૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૯૯/૭૬૯/છ નો અમલ વહીવટી કારણોસર તા.૧-૪-૨૦૦૦ થી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ.મ.પરમાર)
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ગુજરાત સરકાર,

પ્રતિ,
* માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, (સા.ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, ગાંધીનગર.
માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના રહસ્ય સચિવશ્રી,



(પાછળ)

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

x પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
x સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
x નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
નાણા સલાહકારશ્રી, નાણા શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની સઘળી શાખાઓ.
પસંદગીફાઈલ.
* પત્રધ્વારા

ડૉ.આંબેડકર આવાસ યોજના

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અબડ/૧૦૨૦૦૦/૪૬૪/ છ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૮-૪-૨૦૦૦

વંચાણે લીધા:-

૧. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૯૯/૭૬૯/છ. તા.૨૨-૨-૨૦૦૦

૨. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૨૦૦૦/૫૭૫/ છ. તા.૧૬-૩-૨૦૦૦

ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અનુસૂચિતજાતિના ઈસમો માટે વ્યકિતગત ધોરણે મકાન બાંધકામ સહાય અંગેની ડૉ.આંબેડકર આવાસ યોજના અંતર્ગત રૂ. ૨૦,૦૦૦/- (અંકે રુપિયા વીસ હજાર પુરા) ની મકાન સહાય આપવામાં આવે છે. આ સહાયમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨. પૂખ્ત વિચારણાને અંતે ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ આપવામાં આવતી રૂ. ૨૦,૦૦૦/-(રુપિયા વીસ હજાર) ની સહાયમાં વધારો કરી સરકારશ્રી ધ્વારા રૂ. ૩૦,૦૦૦/- (રુપિયા ત્રીસ હજાર) સહાય પેટે આપવાનું આથી ઠરાવવામાં આવે છે.આ સહાય વધારાના અમલ અંગે આ વિભાગના તા.૨૨-૨-૨૦૦૦ના ઠરાવ ક્ર: અબડ/૧૦૯૯/૭૬૯/છ તથા તા.૧૬-૩-૨૦૦૦ ના ઠરાવ ક્ર:અબડ/૧૦૨૦૦૦/ ૫૭૫/છ – ની જોગવાઈઓ અને અન્ય શરતો યથાવત રહેશે. આ યોજના હેઠળ વધારવામાં આવેલ સહાયનો ખર્ચ આ યોજના હેઠળ ફાળવાયેલ ચાલુ નાણાંકીય વર્ષમાં ફાળવાયેલ પ્લાન સીલીંગની મર્યાદામાં કરવાનો રહેશે.

(પાછળ)

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૬-૪-૨૦૦૦ ની અનુમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ.એમ.પરમાર)
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

* માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી,(સામાજીક ન્યાય અને અધિકારીતા )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા,ગાંધીનગર.
માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના રહસ્ય સચિવશ્રી
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
નિયામકશ્રી, અનુસૂચિતજાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, અનુસૂચિતજાતિ આર્થિક વિકાસ નિગમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
નાણા સલાહકારશ્રી, નાણા શાખા, સા.ન્યાય. અને અધિ. વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની સઘળી શાખાઓ.
પસંદગી ફાઈલ.
*પત્ર દ્વારા

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવક્રમાંકઃઅબડ/૧૦૨૦૦૦/૧૮૨૩/હ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ ૧૯-૧૦-૨૦૦૦

વંચાણેલીધાઃ

૧. સરકારશ્રીના સમાજકલ્યાણ વિભાગના ઠરાવક્રમાંકઃવમસ–૧૦૯૫/૧૮૩૭/૯૬/હ તાઃ૨–૧૨–૯૬

૨. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંકઃ અબડ–૧૦૯૯–૭૬૯–હ તાઃ૨૨–૨–૨૦૦૦

૩. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંકઃ અબડ–૧૦૨૦૦૦–૫૭૫–હ તાઃ૧૬–૩–૨૦૦૦

૪. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંકઃ અબડ–૧૦૨૦૦૦–૪૬૪–હ તાઃ૨૮–૪–૨૦૦૦

૫. નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્રક્રમાંકઃ
અજાક–અગન–મ–૨૦૦૦–૧૬૦૦ તાઃ૨૧–૭–૨૦૦૦
પત્રક્રમાંકઃઅજાક–અગન–મ–૨૦૦૦–૧૬૪૩ તાઃ૨૭–૭–૨૦૦૦
પત્રનં.અજાક–મ–૩–૨૦૦૦–૧૮૭૯ તાઃ૨૮–૮–૨૦૦૦

ઠરાવ

આમુખમાં જણાવેલક્ર(૨)થી(૪) પરના જુદા જુદા ઠરાવોઅન્વયે રાજ્યમાં અનુ.જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન બાંધવા સહાય આપવા અંગેની "ડૉ.આંબેડકર આવાસ યોજના" તાઃ૧–૪–૨૦૦૦ થી અમલમાં છે.જેમાં હાલ રુા.૨૪૦૦૦ સુધીની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા અનુ.જાતિના લાભાર્થીઓને રુા.૩૦,૦૦૦ની મર્યાદામાં સહાય ત્રણ હપ્તામાં ચુકવવામાં આવે છે.આ યોજનાની જિલ્લાકક્ષાએ અમલ થાય છે.તેમાં અમલીકરણ અધિકારીઓને યોજનાનો અમલ કરવામાં કેટલીક વહીવટી મુશ્કેલીઓ જણાતી હોવાનું તથા લાભાર્થીઓ યોજનાનો લાભ લેવામાં મુશ્કેલીઓ અનુભવતા હોવાનું સરકારશ્રીના ધ્યાને આવેલ છે.આમુખમાં જણાવેલક્ર(૫) ઉપરના વિવિધ પત્રોથી નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણે ઠરાવમાં જરુરી સુધારા કરવા વિનંતી કરેલ છે.ઉપરોક્ત તમામ રજુઆતો સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી અને તે અન્વયે કાળજીપુર્વકની વિચારણા પછી ડૉ.આંબેડકર આવાસ યોજના અંતર્ગત આથી નીચે મુજબ સુધારાઓ કરવામાં આવે છે.

૧. પ્લીન્થ લેવલની મર્યાદા દુર કરવા બાબત.

તાઃ૨૨–૨–૨૦૦૦ ના ઠરાવની જોગવાઈ ક્રમાંક ૪(૩) માં હાલ અરજદારે સ્વ-ખર્ચે પ્લીન્થ સુધીનું બાંધકામ પુર્ણ કરીને તે અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાથી પ્રથમ હપ્તો ૩૦ ટકા મુજબ મંજુર કરવામાં આવે છે.તે નિયમ રદ કરીને આથી નીચે મુજબ સહાય મંજુર કરવાની રહેશે.
૧.પ્રથમ હપ્તોઃ ૧૦% લેખે રુા.૩,૦૦૦/–અરજી મંજુર કરતી વખતે.

૨.બીજો હપ્તો: ૩૦% લેખે પ્લીન્થ લેવલનું બાંધકામ થયેથી સક્ષમ અધિકારીનું અથવા સ.ક.નિરીક્ષકનું પ્રમાણપત્ર રજુ કર્યેથી.

૩.ત્રીજો હપ્તો: ૩૦% લેખે છત લેવલનું બાંધકામ થયેથી સક્ષમ અધિકારીનું અથવા સ.ક.નિરીક્ષકનું પ્રમાણપત્ર રજુ થયેથી.

૪. ચોથો હપ્તો: બાકી રહેતી ૩૦%રકમ બાંધકામ પુર્ણ થયાનું નીચે જણાવેલ સક્ષમ અધિકારીઓનું પ્રમાણપત્ર રજુ કર્યેથી ચુકવવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકાના નાયબ કાર્યપાલક ઈજનેર અથવા તેમના તાબાના તાંત્રિક અધિકારીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

શહેરી વિસ્તાર માટે રાજ્ય સરકાર/મ્યુ.કોર્પો./નગરપાલિકાના ઈજનેરી શાખાના તાંત્રિક અધિકારીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

૨. ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ બાંધવામાં આવનાર મકાન બાંધકામનું ક્ષેત્રફળ ઓછામાં ઓછુ ૨૦ ચો.મી.હોવું જોઈએ.

૩. <u>વિકલ્પો આપવા બાબત.</u>

અનુ.જાતિના જે ઈસમો ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અરજી કરીને વ્યક્તિગત રીતે મકાન બાંધકામ કરવા ઈચ્છતા ના હોય અને જો તેઓ સરદાર આવાસ યોજના કે ઈન્દીરા આવાસ યોજના મુજબ બીનસરકારી સંસ્થા દવારા મકાનનું બાંધકામ કરાવવા માંગે તો તે મુજબ તેઓ કરી શકશે અને તેટલે અંશે ગ્રાન્ટની રકમ સંબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રીના હવાલે નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણ દવારા મુકવાની રહેશે.

૪. <u>સ્વખર્ચે મકાન બનાવેલ હોય તેવા કિસ્સામાં સહાય ચુકવવા બાબત.</u>

આમુખમાં જણાવેલ વંચાણ(૧) પરના ઠરાવ અન્વયે અરજદારે સ્વખર્ચે મકાન બનાવેલ હોય તો તેમાં સહાય મંજુર કરવાની જોગવાઈ હતી જે વંચાણ(૨)પરના ઠરાવથી રદ થતાં હવે પુનઃઉકત જોગવાઈ નીચેની શરતોને આધીન રહી આથી ચાલુ રાખવામાં આવે છે.

જિલ્લા કક્ષાએ મળેલ અરજી જે તે વર્ષે ગ્રાન્ટના અભાવે મંજુર કરી શકાયેલ ન હોય અને અરજદાર યોજનાની તમામ શરતો પરિપુર્ણ કરતો હોય અને અરજી કર્યા પછી સ્વખર્ચે મકાન બાંધકામ કર્યુ હોય તો તેની ખાત્રી કર્યા બાદ બાંધકામ પુર્ણતાનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કર્યેથી મકાન બાંધકામની સહાય એક સાથે એકજ હપ્તામાં મંજુર કરી ચુકવવાની રહેશે.

આ યોજના હેઠળ સહાયનું ચુકવણું, અન્ય શરતો તથા વંચાણ(૨)થી(૪) પરના ઠરાવોથી નિયત થયેલ જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.એમ.પરમાર)
નાયબસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

* રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
સર્વે મા.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી,સા.ન્યા.અને અ.વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
વિરોધપક્ષના માન.નેતાશ્રીના અંગતસચિવશ્રી,વિધાનસભા,સચિવાલય,ગાંધીનગર.

સર્વે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ,સચિવાલય,ગાંધીનગર.
સર્વે મા.નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.

નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.
નાયબસચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત,અમદાવાદ/રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટ્સ ઓફિસ,અમદાવાદ/ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડીટ ઓફીસર,અમદાવાદ/ગાંધીનગર.
તિજોરી અધિકારીશ્રી,(સર્વે).
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત).
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,વર્ગ-૧.
સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નાણાં સલાહકારશ્રી, નાણાં શાખા, સા.ન્યા.અને અ.વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સા.ન્યા.અને અ.વિભાગની સર્વે શાખાઓ
પસંદગીની ફાઈલ.
* પત્ર દવારા.

ત્રિવેદી ૧૯.૧૦.એચટીએચ. પેજ ૪.

ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ અપાતી
મકાન સહાયના હ ાની ચૂકવણીની પધ્ધતિમાં
ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રઃ-અબડ/૧૦૨૦૦૧/મં/૧૧/હ,
સચિવાલય,ગાંધીનગર
તારીખ. ૧૫-૬-૨૦૦૧

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના સા.ન્યા.અને અ.વિ. ના ઠરાવ ક્રઃ-અબડ/૧૦૯૯/૭૬૯/હ, તા.૨૨-૨-૨૦૦૦
(૨) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંક:અબડ/૧૦૨૦૦૦/૫૭૫/હ, તા.૧૬-૩-૨૦૦૦
(૩) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૨૦૦૦/૪૬૪/હ, તા.૨૮-૪-૨૦૦૦
(૪) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંક:- અબડ/૧૦૨૦૦૦/૧૮૨૩/હ, તા.૧૯-૧૦-૨૦૦૦

<u>ઠરાવ:-</u>

આમુખમાં જણાવેલ ક્રમાંક-(૧) થી (૪) આગળના જુદા જુદા ઠરાવો અન્વયે રાજ્યમાં અનુ.જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન બાંધવા સહાય આપવા અંગેની "ડો. આંબેડકર આવાસ યોજના" તા.૧-૪-૨૦૦૦ થી અમલમાં છે. જેમાં અનુ.જાતિના લાભાર્થીઓને રૂા.૩૦.૦૦૦/ ની આર્થિક સહાય ચાર હપ્તામાં આપવાનું ધોરણ આમુખમાં ક્રમાંક:-(૪) માં દર્શાવેલ તા ૧૯-૧૦-૨૦૦૦ ના ઠરાવથી નિયત થયેલ છે. તેમાં અરજી મંજૂર કરતી વખતે પ્રથમ હપ્તા પેટે ૧૦% લેખે રૂા.૩૦૦૦/- આપવાની જે જોગવાઈ કરવામાં આવેલ છે તેને કારણે મકાન બનાવવાનું શરૂ કરવા માટે મુશ્કેલી પડે છે અને પ્રથમ હપ્તા પેટે અરજી મંજૂર થયેથી ૧૦% રકમને બદલે ૩૦% રકમ ચૂકવવા સરકારશ્રીમાં રજૂઆત થયેલ છે. જેને ધ્યાનમાં લઈ સહાયની હપ્તાની ચૂકવણીની પધ્ધતિમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

આ બાબતમાં સંપૂર્ણ વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | પ્રથમ હપ્તો | ૩૦% લેખે | રૂા. ૯,૦૦૦/- | અરજી મંજૂર થયેથી. |
| (૨) | બીજો હપ્તો | ૪૦% લેખે | રૂા.૧૨,૦૦૦/- | પ્લીન્થ લેવલે કામ થયા પછી સક્ષમ અધિકારીશ્રીનું અથવા સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીનું પ્રમાણપત્ર રજૂ થયેથી. |
| (૩) | ત્રીજો હપ્તો | ૩૦% લેખે | રૂા. ૯,૦૦૦/- | મકાનનું બાંધકામ પૂર્ણ થયા પછી સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ થયેથી. |

.....પાછળ

સક્ષમ અધિકારી તરીકે ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકાના નાયબ કાર્યપાલક ઈજનેર અથવા તેમના તાબાના તાંત્રિક અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે જ્યારે શહેરી વિસ્તાર માટે રાજ્ય સરકાર/ મ્યુ. કોર્પો/ નગરપાલિકાના ઈજનેરી શાખાના તાંત્રિક અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૩. આ યોજના હેઠળ આર્થિક સહાય આપવા અંગેની અન્ય શરતો આમુખમાં દર્શાવેલ ઠરાવો મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિ.એમ.પરમાર)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
* રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર
માન.મંત્રીશ્રી,સા.ન્યા. અને અ.વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
વિરોધપક્ષના માન.નેતાશ્રીના અંગત સચિવશ્રી,વિધાનસભા,સચિવાલય,ગાંધીનગર
સર્વે માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો.
નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, અમદાવાદ ગાંધીનગર
નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,વર્ગ-૧
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
પે એન્ડ એકા. ઓફિસ, અમદાવાદ/ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ ઓફીસર, અમદાવાદ/ ગાંધીનગર
તિજોરી અધિકારીશ્રી, (સર્વે)
સા.ન્યા. અને અ.વિ. ના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ
પસંદગી ફાઈલ
* પત્ર દ્વારા.

"ડો. આંબેડકર આવાસ યોજના" હેઠળ અપાતી
મકાન સહાયની રકમમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક :- અબડ /૧૦૨૦૦૦ / ૪૬૪ / હ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૯ - ૮ - ૨૦૦૧.

**વંચાણે લીધા :-**

(૧) સરકારશ્રીના સા.ન્યા અને અ.વિ. ના ઠરાવ ક્રમાંકઃ-અબડ/ ૧૦૯૯ / ૭૬૯ / હ, તા.૨૨-૨-૨૦૦૦.
(૨) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ- અબડ/૧૦૨૦૦૦/ ૫૭૫ /હ, તા.૧૬-૩-૨૦૦૦.
(૩) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ- અબડ/૧૦૨૦૦૦/ ૪૬૪ /હ, તા.૨૮-૪-૨૦૦૦.
(૪) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ- અબડ/૧૦૨૦૦૦/૧૮૨૩/હ, તા.૧૯-૧૦-૨૦૦૦.
(૫) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ-અબડ/૧૦૨૦૦૧/મં-૧૧/હ, તા.૧૫-૬-૨૦૦૧.

**ઠરાવ :-**

આમુખમાં જણાવેલ ક્રમાંક-(૧) થી (૫) આગળના જુદા જુદા ઠરાવો અન્વયે રાજયમાં અનુ. જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન બાંધવા સહાય આપવા અંગેની "ડો. આંબેડકર આવાસ યોજના" અમલમાં છે. જેમાં અનુ. જાતિના લાભાર્થીઓને રૂા.૩૦,૦૦૦/ ની આર્થિક સહાય ત્રણ હપ્તામાં આપવાનું ધોરણ આમુખના ક્રમાંકઃ- (૫) માં દર્શાવેલ તા.૧૫-૬-૨૦૦૧ ના ઠરાવથી નિયત થયેલ છે. આ યોજના હેઠળ હવે પછી બનનાર મકાનો ભૂકંપ સામે ટકી શકે તેવા બનાવવાની જરૂરીયાતને ધ્યાને લેતાં, મકાન બનાવવા માટે વધુ રકમ ખર્ચવાનું જરૂરી હોવાનું જણાયું છે. આ બાબતને ધ્યાનમાં લઈ રૂ. ૩૦,૦૦૦/- ની આર્થિક સહાયમાં વધારો કરીને રૂ.૪૦,૦૦૦/- કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે, "ડો.આંબેડકર આવાસ યોજના" હેઠળ આપવામાં આવતી રૂ.૩૦,૦૦૦/- ની આર્થિક સહાયમાં વધારો કરી સરકારશ્રી ધ્વારા રૂ.૪૦,૦૦૦/-(અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) સહાય પેટે આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સહાયમાં થયેલ વધારાના અમલ અંગે ઉપર આમુખમાં દર્શાવેલ આ વિભાગના ઠરાવોની જોગવાઈઓ અને અન્ય શરતો યથાવત રહેશે. આ ઠરાવ બહાર પાડયાની તારીખે જે અરજીઓ પડતર હોય તથા જેમાં એક પણ હપ્તો ચૂકવાયો ન હોય તેવા કિસ્સાઓમાં પણ આ હુકમો લાગુ પડશે. આ યોજના હેઠળ વધારવામાં આવેલ સહાયનો ખર્ચ આ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં ફાળવેલ પ્લાન સીલીંગની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. ભૂકંપ પ્રતિરોધક આવાસો / મકાનો બનાવવા નીચે જણાવેલ કામો કરવાના રહેશેઃ-

(અ) **સાઈસ્મિક ઝોન ૩ તથા ૪ માટે**

૧. પ્લીન્થ લેવલે આડો આર.સી.સી. બેન્ડ ૭.૫ સે.મી. જાડાઈનો
૨. લીન્ટલ લેવલે આર.સી.સી. લીન્ટલ બેન્ડ ૭.૫ સે.મી.જાડાઈનો
૩. મકાનના ખૂણા ઉપર તથા ટી-જંકશન ઉપર ઉભા લોખંડના ૧૦ મી.મી.વ્યાસના સળિયા મુકવાના રહેશે.

(બ) સાઈસ્મિક ઝોન–૫ માટે

જયારે સાઈસ્મિક ઝોન–૫ ના વિસ્તારમાં (કચ્છ જીલ્લો)માં મકાનો બનાવવા માટે ઉપરોકત(અ)માં દર્શાવેલ ત્રણ કામો ઉપરાંત વધારાના નીચે મુજબના ભૂકંપ પ્રતિકારક કામો કરવાના રહેશે:–

૧. બારી દરવાજાના ઓપનીંગની આજુબાજુ લોખંડના સળિયા મૂકી મજબૂતાઈનું કામ કરવાનું રહેશે.

૨. સીલ લેવલે ખૂણા તથા ટી–જંકશનની દિવાલો ઉપર યુ આકારના સળિયા ૦.૯૦ મીટર લંબાઈના ૧:૩ સિમેન્ટ રેતીના કેલથી ભરીને મુકવાના રહેશે.

૩. ચણતરનું કામ સીમેન્ટ, રેતી કેલ (૧:૬)ને બદલે (૧:૪)માં કરવાનું રહેશે.

આ બાબતો અનુસૂચિત જાતિના લાભાર્થીઓને સહાય ચૂકવતા પહેલા લાભાર્થીના ધ્યાને મુકવાની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૩–૮–૨૦૦૧ ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ.એમ.પરમાર)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

* માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, સા.ન્યા.અને અ. વિ. અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના માન.નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે જીલ્લાના સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટ ઓફિસર, અમદાવાદ / ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડીટ ઓફિસર, અમદાવાદ / ગાંધીનગર.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
સા.ન્યા. અને અ.વિ. ના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.('હ' શાખા સિવાય)
પસંદગી ફાઈલ.

* પત્ર ધ્વારા.

લા ૮૩ । ૫૯૩

ક્રમાંક:અબડ/૧૦૨૦૦૨/૨૬૭૨/હ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- ૨૫/૦૩/૦૩

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસુચિતજાતિ કલ્યાણ,
૪/૨, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

વિષય:- ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ બાંધવામાં આવતા મકાનોમાં સમય મર્યાદા રદ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેના આપના પત્ર ક્રમાંકઃ અજાક/મ/૩/૨૦૦૨/૩૨૧૬ તા.૩૦-૧૦-૨૦૦૨ ચ સંબંધમાં આજ્ઞાનુસાર જણાવવાનું કે સદરહુ દરખાસ્ત પરની વિગતે સરકારશ્રી તરફથી હાલમાં જે અરજીઓ મંજૂર કરેલ છે તેને મુદત વધારો કરી આપવા નિર્ણય કરેલ છે જે સબંધિત સર્વેના ધ્યાને મુકવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

સંયુકત સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ગુજરાત રાજ્ય

તાત્કાલિક

ક્રમાંક: અબડ-૧૦૨૦૦૩-૨૨૬૭-ઙ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 17 MAR 2004

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસુચિત જાતિ કલ્યાણ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય:-ડો.આંબેડકર આવાસ યોજના હેઠળની અરજીઓ સ્વીકારવા તેમજ નવી અરજીની મંજુરી આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના આપના તા. ૧૬-૩-૨૦૦૪ ના પત્ર ક્રમાંક: અજાક-મ.૩-૨૦૦૪-૧૦૦૨ ના અનુસંધાને આજ્ઞાનુસાર જણાવવાનું કે ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ અગાઉ મંજુર કરેલ અરજીઓને અગ્રતા આપી સહાય ચૂકવવા ત્યારબાદ નવી અરજીઓ મંજુર કરી નિયમ મુજબ સહાય ચુકવવાની મંજુરી આપવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

( કે.એલ.તબિયાર )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

એચકેસીપેજ૨૦૪

ક્રમાંક: અબડ-૧૦૨૦૦૩-૧૪૩૮-ઙ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 3 - MAY 2004

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય:-

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના આપના તા. ૧૩-૫-૨૦૦૩ ના પત્ર ક્રમાંક: અજામક-મ.૩-૨૦૦૩-૩૩૪૨-૪૩ ના અનુસંધાને આજ્ઞાનુસાર જણાવવાનું કે કોઈપણ લાભાર્થીનું અવસાન થાય અને સહાય ચૂકવી ન હોય અગરતો સહાય ચૂકવવાના હપ્તા બાકી હોય તો કુટુંબના કાયદેસરના વારસદારોને સહાય ચૂકવવાની થશે જે અંગે વિદિત થાય.

આપનો વિશ્વાસુ

(ટી.એન.પરમાર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

એચકેસીપેજ૧૩

**ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય ચૂકવવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-હ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૭/૫/૨૦૦૪

**<u>વંચાણે લીધા:-</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૨-૨-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક: અબડ- ૧૦૯૯-૭૬૯- હ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૯- ૮-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦૦૦- ૪૬૪- હ
(૩) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૫-૫-૨૦૦૩ નો પત્ર ક્રમાંક: અજાક-/ મ- હાઉસીગ/ ૨૦૦૩-૩૦૪૦
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૮- ૧- ૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: સશપ- ૧૪૯૭-ન. બા.-૧-અ

**<u>પ્રસ્તાવના</u>**

આમુખમાં જણાવેલ ક્રમાંક(૧) અને (૨) આગળના ઠરાવોથી રાજયમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન સહાય આપવા માટેની ડો. આંબેડકર આવાસ યોજના અમલમાં છે. આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિના લોકોને ઝડપથી અને સરળતાથી મળે તે માટે યોજનાનું સરળીકરણ કરવા આમુખમાં જણાવેલ વિભાગના વિવિધ ઠરાવોને સાંકળીને એક સંકલિત ઠરાવ બહાર પાડવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે મકાન સહાય અંગેનો સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે.

**<u>ઠરાવ:-</u>**

૧. આ યોજનાને " ડો.આંબેડકર આવાસ યોજના"તરીકે ઓળખવામાં આવશે.

૨. **હેતુ:**
આ યોજનાનો હેતુ અનુસૂચિત જાતિના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અને ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવતા ઘર વિહોણા લોકોને સમયબધ્ધ કાર્યક્રમ રુપે તબકકાવાર આવાસો પુરા પાડવાનો છે.

-૨-

## ૩. પાત્રતાની શરતો:

(૧) આ યોજનાની પાત્રતા માટે આવક મર્યાદા વાર્ષિક રૂા.૨૪, ૦૦૦/-રહેશે. આવકનું પ્રમાણપત્ર આપવા માટે નીચે મુજબના અધિકારીઓ/ પદાધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

સંસદ સભ્યશ્રી,રાજ્ય વિધાનસભાના સભ્યશ્રી,જિલ્લા પંચાયતના સભ્યો, મ્યુનિસિપાલિટી ના મુખ્ય અધિકારી,કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારી, બીજા વર્ગના માનદ મેજિસ્ટ્રેટ, સબંધિત રાજય સંઘ/પ્રદેશની સરકાર દવારા આ માટે ખાસ અધિકૃત કરેલ હોય તેવા અધિકારી, ગ્રામ પંચાયતના સરપંચ/તલાટી કમ મંત્રીશ્રી અને અનુસૂચિત જાતિ અને જનજાતિના મ્યુનિસિપલ કોર્પોરેટરો.

(૨) ગ્રામ્ય વિસ્તારમાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દવારા તૈયાર કરવામાં આવેલ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની (બીપીએલ) યાદી પૈકીના ઘર વિહોણા લાભાર્થીઓને પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

(૩) અનુસુચિત જાતિની ઘર વિહોણી વ્યકિત કે જેને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની યોજના હેઠળ મફત ઘરથાળનો પ્લોટ ફાળવવા માં આવ્યો હોય અને જેનો કબજો ધરાવતી હોય, અન્ય કોઈ ગૃહ નિર્માણ યોજના હેઠળ મકાન સહાયનો લાભ ન મળ્યો હોય તેને આ યોજનાનો લાભ મળી શકશે.

(૪) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય પરંતુ તદન કાચું ગાર માટીનું, ઘાસ પુળાનું, કુબા ટાઈપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તેવું મકાન ધરાવનાર લાભાર્થીને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૫) ગ્રામ પંચાયત/રેવન્યુ/સીટી સર્વેના અથવા અન્ય કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ આવા લાભાર્થીઓ કબજો ધરાવતા હોય તેવી જમીનનો મિલકત વેરો ભર્યાનો દાખલો રજુ કરે તો તેઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૬) પંચાયત/ રેવન્યુ /સીટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય પરંતુ જો રજીસ્ટર દસ્તાવેજોથી નોંધાયેલ હોય,મિલકત તબદીલ થઈ હોય તેવી જમીનના કબજેદારોને પણ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૭) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે કે અન્ય યોજના હેઠળ ૨૫ ચો.વાર,૪૦.ચો.વાર કે ૧૦૦.ચો.વાર.સુધી ખુલ્લો પ્લોટ ધરાવનાર કે અન્ય રીતે ફાળવાયેલ રહેણાકના પ્લોટ,સરકારે ફાળવેલ પ્લોટ અથવા પોતાની માલિકીની જમીનમાં મકાન બનાવે તેને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

-૩-

(૮) વારસાઈથી મિલકત પ્રાપ્ત કરી હોય અને તે અંગે પંચાયત રેવન્યુ/ સીટી સર્વે રેકર્ડમાં નોંધ ન થઈ હોય પરંતુ કુલ મુખત્યાર તરીકે ધારણ કરનાર તથા તેના વારસદારો આવી જમીન ઉપર મકાન બાંધવાની જો સંમતિ આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબજો ધરાવનાર વારસદારોને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૯) રાવળીયા/રાવળ અને અન્ય ઈનામી જમીનોના કાયદા/નિયમો હેઠળ પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઈ મહેસુલી/ સીટી સર્વે રેકર્ડમાં નોંધાયેલ ન હોય પરંતુ તેઓ લાંબા સમયથી પ્રત્યક્ષ કબજો ધરાવતા હોય તો તેઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.પરંતુ લાભાર્થી ખરેખર કબજો ધરાવે છે કે કેમ તેની ખાત્રી જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)/ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/ સમાજ કલ્યાણ નિરીક્ષકે કરવાની રહેશે.

(૧૦) ગુજરાતગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ,ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ,ગુજરાત હળપતિ અને જમીન વિહોણા ખેત મજુરોનું હાઉસીંગ બોર્ડ,નગરપાલિકાઓ/ શહેરી વિકાસ સત્તા મંડળો,હુડકો ઉપરાંત સરકારી કે સરકાર માન્ય એજન્સીની પ્રવર્તમાન યોજના હેઠળ લાભાર્થી મકાન બનાવવા/ મકાન ખરીદવા માંગે તો સબંધિત બોર્ડ કે એજન્સીને અરજી કરવાથી બોર્ડ કે એજન્સીની દરખાસ્તના આધારે મકાન સહાય મંજુર કરવામાં આવશે. અને મંજુર કરેલ રકમ સીધી સબંધિત બોર્ડ એજન્સી હસ્તક મુકવામાં આવશે, જયારે ખુટતી રકમની જે તે લાભાર્થીએ પોતે વ્યવસ્થા કરવાની રહેશે. પરંતુ આમ કરતાં પહેલા યોજનાની અન્ય શરતો ધ્યાને લેવાની રહેશે.

(૧૧) અનુસુચિત જાતિમાં અતિ પછાત એવી વાલ્મિકી,હાડી, નાડીયા, સેનવા, તુરી,ગરો, વણકર સાધુ, અને અનુસુચિત જાતિના બાવા એમ કુલ ૮(આઠ) અતિ પછાત જાતિઓના લાભાર્થીઓને આવક મર્યાદાના બાધ વિના મકાન સહાય જીલ્લાના લક્ષ્યાંકના ઓછામાં ઓછા ૧૫% આ અતિ પછાત જાતિના ઈસમોને અગ્રતાના ધોરણે આપવાની રહેશે.

(૧૨) સરકાર દવારા માન્ય થયેલ સંસ્થા તેમજ માન્ય નાણાંકીય ધિરાણ કરતી સંસ્થા/ બેંક દવારા નાણાકીય ધિરાણ મળેલ હશે તેવા અરજદારોના યોગ્ય કિસ્સામાં ઉપરોકત શરતોનું પાલન થતું હશે તો આવી સહાય મળવાપાત્ર થશે.

૪. **<u>સહાયનું ચુકવણુ:</u>**

(૧) મકાન સહાયની રકમ રુા. ૪૦,૦૦૦/- (અંકે રુપિયા ચાલીસ હજાર પુરા) રહેશે.

(૨) મકાનની ટોચની કિંમત શહેરી વિસ્તાર માટે રુા. ૧,૦૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રુા. ૭૦,૦૦૦/- રહેશે.

-૪-

(૩) આ યોજના હેઠળ મકાન સહાયની રકમ રુ. ૪૦,૦૦૦/– ચૂકવવામાં આવશે. જેમાં :

(અ) પ્રથમ હપ્તો અરજી મંજુર કરતી વખતે ૨૫ % લેખે ચુકવવાનો રહેશે.

(બ) બીજો હપ્તો લીંટલ લેવલનું બાંધકામ પુર્ણ કર્યાનું સમાજ કલ્યાણ નિરીક્ષકનું પ્રમાણપત્ર રજુ કર્યેથી ૫૦% ચૂકવવાનો રહેશે.

(ક) ત્રીજો અને છેલ્લો હપ્તો મકાન બાંધકામ પુર્ણ થયાનું નીચે (૪) માં જણાવ્યા મુજબના અધિકારીઓનું પ્રમાણપત્ર રજુ કર્યેથી ૨૫ % લેખે ચૂકવવાનું રહેશે.

(૪) ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતના ઓવરસીયર, અધિક મદદનીશ ઈજનેર અને શહેરી વિસ્તારમાં રાજય સરકાર,મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાના મદદનીશ ઈજનેર કે ઉપરના અધિકારીઓએ આવા પ્રમાણપત્ર આપવાના રહેશે. અનુભવે જણાયેલ છે કે આ પ્રમાણપત્ર આપવામાં આવા કર્મચારીઓ/ અધિકારીઓ દવારા ઢીલ કરી અરજદારોને હેરાન કરતા હોય છે. આવી ઘટનાં નિવારવા મકાન પુર્ણ થયેથી ૪૫ દિવસમાં મકાન પુર્ણ થયાનું પ્રમાણપત્ર ઉપરોકત અધિકારીઓ ન આપે તો વિકલ્પે વિભાગના જીલ્લાના અધિકારીએ એટલે કે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) એ જાત મુલાકાત કરી મકાનની ચકાસણી કરી ગામના બે પંચોની હાજરીમાં રોજકામ કરી, મકાનનો ફોટો લાભાર્થી સાથે લઈને છેલ્લો હપ્તો ચુકવી શકાશે. અને તે માન્ય ગણાશે આ કામગીરી મકાન પુર્ણ થયાના ત્રણ માસ સુધીમાં અચૂક પુર્ણ કરવાની રહેશે.

(૫) આ યોજનામાં લાભાર્થીઓનો શ્રમફાળો રુ. ૫,૦૦૦/– (અંકે રુપિયા પાંચ હજાર પુરા) રહેશે.

(૬) આ યોજના અમલમાં આવે તે પહેલાની મંજુર કરાયેલ અરજીઓ પૈકી જેમાં એક કે વધારે હપ્તા ચૂકવ્યા હોય તેનો અમલ જુના ઠરાવ પ્રમાણે કરવાનો રહેશે. જેમાં આમુખ (૨) માં જણાવેલ ઠરાવની જોગવાઈ ૩ (અ) અને(બ) ધ્યાને લેવાની રહેશે નહીં.જયારે જે અરજીઓ સ્વીકારાયેલ હોય પરંતુ એક પણ હપ્તો ન ચુકવ્યો હોય તેનો નિકાલ આ ઠરાવ મુજબ કરવાનો રહેશે.

(૭) સંબંધિત જીલ્લામાં મળતી અરજીઓ પૈકી માત્ર ગ્રાન્ટની મર્યાદામાં આવતી હોય તેટલીજ અરજીઓ મંજુર કરવાનું ધોરણ રાખવાનું રહેશે.

(૮) અરજદારે બાંહેધરી આપવાની રહેશે કે તેણે વિભાગની આ યોજના હેઠળ અથવા અન્ય વિભાગ હસ્તકની ગૃહ નિર્માણ યોજના હેઠળ મકાન સહાય યોજનાનો લાભ લીધેલ નથી.

-૫-

## ૫. મકાન પુર્ણ કરવાની સમય મર્યાદા:

મકાન સહાયનો બીજો હપ્તો ચુકવ્યા બાદ એક વર્ષમાં મકાન બાંધકામ પુર્ણ કરવાનું રહેશે. સમય મર્યાદામાં મકાન બાંધકામ પુર્ણ ન કરનાર લાભાર્થી પાસેથી મકાન સહાયના ચુકવાયેલા હપ્તા પરત વસુલ કરવાની જવાબદારી સબંધિત જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) ની રહેશે.અપવાદ રુપે કાબુ બહારના સંજોગોમાં કે સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં ઢીલ થવાના પ્રસંગે આ સમયમર્યાદામાં ગુણ–દોષના આધારે ઉપરોકત અધિકારીઓ છુટછાટ આપી શકશે.

## ૬. યોજનાનું અમલીકરણ અને અહેવાલ:

(૧) આ યોજનાનો અમલ શહેરી વિસ્તાર માટે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી તથા ગ્રામ્ય વિસ્તાર માટે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) દવારા કરવામાં આવશે. ઠરાવમાં નિયત થયેલ શરતો પ્રમાણે લાભાર્થીઓ લાભ મેળવવાને પાત્ર થાય છે કે કેમ ? તેની પુરી ચકાસણી કરવાની જવાબદારી જે તે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત) ની રહેશે. લાભાર્થીઓની પસંદગી પંચાયત વિસ્તારમાં ગ્રામ સભામાં થાય તે જોવાનું રહેશે. ગ્રામસભા દવારા પસંદ થયેલ લાભાર્થીઓનું જરુરી વેરીફીકેશન સબંધિત જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત) એ કરવાનું રહેશે. શહેરી વિસ્તારમાં જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીએ લાભાર્થીઓની પસંદગી ઉપરોકત ધોરણો ધ્યાને રાખીને કરવાની રહેશે. શંકાસ્પદ કેસોમાં જાત તપાસ સબંધિત અધિકારીએ કરવી અને જો ખોટો કેસ જણાય અને રકમ ચૂકવાયેલ હોય તો તેવી રકમ વસુલ કરવાની રહેશે.

(૨) મકાન સહાયની માંગણી માટે આવતી અરજીઓ તારીખ પ્રમાણે ક્રમાનુસાર રજીસ્ટરમાં નોંધી જે કિસ્સામાં ગરીબી રેખા નોંધણી નંબર હોય તો તેને અગ્રતા આપીને મંજુર કરવાની રહેશે.

(૩) ગ્રામ્ય વિસ્તારોમાં આ યોજનાના અમલીકરણ બાબતે જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની મોજણી યાદીને માન્ય દસ્તાવેજ ગણેલ હોવાથી તે યાદીના નોંધણી ક્રમને ચકાસી આવકનો દાખલો કે જાતિનો દાખલો મેળવવામાંથી અરજદારોને મુકિત આપવામાં આવશે.

(૪) શહેરી વિસ્તારમાં શહેરી ગરીબો માટે નિયત કરેલ સક્ષમ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર તથા આવકનો દાખલો રજુ કરવાનો રહેશે.

(૫) સમાજ કલ્યાણ નિરીક્ષક/ચકાસણી અધિકારી/કર્મચારીએ / જીલ્લા/ તાલુકા કક્ષાએ આપેલ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની યાદીમાંથી લાભાર્થીનો અનુક્રમ નંબર ધ્યાને

-૬-

લઈને મંજુરી અંગે નિર્ણય લેવાનો રહેશે. ચકાસણી અર્થે જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સર્વે યાદીની નકલ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી અને જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) ની કચેરીમાં ઉપલબ્ધ રાખી ચકાસણી-મંજુરીની કાર્યવાહી કરવાની રહેશે.

(૬) આ યોજનાનો અમલ કરતી વખતે શકય હોય ત્યાં સુધી સરદાર પટેલ આવાસ યોજનાના મંજુર થયેલ અંદાજો અને ધોરણોનો અમલ કરવો.આમ છતાં અનુસુચિત જાતિઓ માટેની આ યોજના સંપુર્ણ રીતે સિધ્ધ થાય તે નજર સમક્ષ રાખીને અરજદારે ધારણ કરેલ પ્લોટ અંગેની સ્થાનિક સ્થળ સ્થિતિ પણ લક્ષમાં લેવી અને મકાન બાંધકામ પુર્ણ થયાના પ્રમાણપત્રના આધારે વ્યવહારુ નિર્ણય લેવાનું સક્ષમ અધિકારીએ જોવું.

(૭) સરદાર પટેલ આવાસ યોજનાની સુધારેલી જોગવાઈ મુજબ આર.સી.સી.સ્લેબને બદલે મેંગલોરી નળિયાના ઢળતા છાપરાવાળા મકાનોના કિસ્સામાં પણ આ યોજનામાં સહાય આપી શકાશે.

(૮) અનુસુચિત જાતિઓ પૈકી અતિ પછાત એવી વાલ્મિકી, હાડી,નાડીયા, સેનવા, તુરી,ગરો;વણકર સાધુ અને અનુસૂચિત જાતિઓના બાવા એવી જાતિઓના કિસ્સામાં આવી જ્ઞાતિઓ જો એકજ સમૂહમાં વસાહતો બનાવવા માંગતી હોય તો તેમના કિસ્સામાં ઓછામાં ઓછા ૧૦ કે તેથી વધુ લાભાર્થીઓને એકજ સ્થળે એક સામટા આ યોજના હેઠળ લાભ અગ્રાતાના ધોરણે આપી શકાશે.

(૯) આ યોજના હેઠળ બંધાતા મકાનો પૈકી પ્રતિ વર્ષે ઓછામાં ઓછા પાંચ ટકા મકાનોનું આકસ્મિક સ્થળ નિરીક્ષણ કરી તેની યોગ્યતા અંગેનો અહેવાલ સરકારને મોકલવાનો પ્રબંધ નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણએ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં જેતે સદર હેઠળ પાડવાનો રહેશે.અને તે હેઠળ દર વર્ષે આ હેતુસર કરવામાં આવતી જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(નામદેવ વસાત)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

-૭-

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સા.ન્યાય.અને.અધિ.) ના અંગત સચિવશ્રી સચિવાલય,
ગાંધીનગર
માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી,ગાંધીનગર.
નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
વિકાસ કમિશ્નરશ્રી.
ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી,ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર.
નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણ,ગાંધીનગર.
કમિશ્નરશ્રી,આદિજાતિ કલ્યાણ,ગાંધીનગર
સર્વે જિ.પ.વ.ક અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી
એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ/રાજકોટ.
પગાર એન હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારી,અમદાવાદ/ગાંધીનગર.
વિભાગની સર્વે શાખાઓ.
સિલેકટ ફાઈલ.

ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ
મકાન સહાય ચૂકવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦૦૪-૧૦૫૧-હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૩ । ૦૭ । ૨૦૦૪

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૨-૨-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૯૯-૭૬૯-હ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૯-૮-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦૦૦-૪૬૪-હ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૭-૫-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-હ
(૪) નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,ગાંધીનગરનો તા. ૧-૬-૨૦૦૪ નો પત્ર ક્રમાંક: અજાક-મ.૩-૨૦૦૪-૩૦૪૭

**પ્રસ્તાવના:-**

આમુખ (૧) માં જણાવેલ વિભાગના તા. ૨૨-૨-૨૦૦૦ ના ઠરાવથી રાજયમાં અનુસુચિત જાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન સહાય ચુકવવા માટેની ડો.આંબેડકર આવાસ યોજના અમલમાં છે. આ યોજનાનો લાભ અનુસુચિત જાતિના લોકોને ઝડપથી અને સરળતાથી મળે તે માટે આ યોજનાનું સરળીકરણ આમુખ (૩) માં જણાવેલ તા. ૧૭-૫-૨૦૦૪ ના ઠરાવથી કરવામાં આવેલ છે. આ યોજના હજી પણ વધુ સરળ અને પારદર્શી બને તે માટે આમુખ (૩) માં દર્શાવેલ તા. ૧૭-૫-૨૦૦૪ ના ઠરાવના ફકરા ૪ ( સહાયનું ચુકવણુ શિર્ષક ) હેઠળની શરત (૪) ની જોગવાઈ જુની અરજીઓના કિસ્સામાં (એટલે કે લાભાર્થીઓની અરજી અગાઉ મંજુર કરવામાં આવેલ હોય અને એક કે વધારે હપ્તા ચુકવવામાં આવેલ હોય તો પણ લાગુ પાડવા નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણએ આમુખ (૪) માં જણાવેલ તા. ૧૧-૬-૨૦૦૪ ના પત્રથી દરખાસ્ત કરેલ છે. નિયામકશ્રી,

// ૨ //

અનુસુચિત જાતિ કલ્યાણની 'પ્રસ્તુત દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

—:ઠરાવ:—

આમુખ (૩)માં દર્શાવેલ વિભાગના તારીખ ૧૭–૫–૨૦૦૪ ના ઠરાવના ફકરા–૪ (સહાયનું ચુકવણુ શિર્ષક) હેઠળની શરત (જોગવાઈ) નં. ૪ તા. ૧૭–૫–૨૦૦૪ પહેલાં મંજુર કરવામાં આવેલ અરજીઓ કે જેમાં એક કે વધારે હપ્તા ચૂકવવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં પણ લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

આમુખ (૩) સામે દર્શાવેલ તા. ૧૭–૫–૨૦૦૪ ના ઠરાવની અન્ય જોગવાઈઓ, શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નામદેવ વર્સાત)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન
<u>સહાય ચૂકવવા બાબત.</u>

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અબઙ-૧૦૨૦૦૩-૧૩૦૩-છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-
7 JUN 2005

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨-૨-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક:અબઙ-૧૦૯૯-૭૬૯-છ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯-૮-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક:અબઙ-૧૦૨૦૦૦-૪૬૪-છ
(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૫-૫-૨૦૦૩ નો પત્ર ક્રમાંક: અજાક-મ-હાઉસીંગ/૨૦૦૩-૩૦૪૦
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮-૧-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૯૭-ન.બા.-૧-અ
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭-૫-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: અબઙ/૧૦૨૨૦૩/૧૩૦૩/છ
(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની તા.૧૨/૧/૨૦૦૫ ની દરખાસ્ત.

**પ્રસ્તાવનાઃ-**

આમુખમાં જણાવેલ ક્રમાંક (૧) અને (૨) આગળના ઠરાવોથી રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન સહાય આપવા માટેની ડૉ.આંબેડકર આવાસ યોજના અમલમાં છે. આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિના લોકોને ઝડપથી અને સરળતાથી મળે તે માટે યોજનાનું સરળીકરણ કરવા આમુખમાં જણાવેલ વિભાગના વિવિધ ઠરાવોને સાંકળીને તા.૧૭-૫-૨૦૦૪ થી એક સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. આમુખમાં જણાવેલ ક્રમાંક (૬) આગળ દર્શાવેલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની તા.૧૨/૧/૨૦૦૫ ની દરખાસ્ત અન્વયે સદરહુ ઠરાવમાં કેટલાક સુધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ

-૨-

હતી જે પુખ્ત વિચારણાને અંતે આ યોજનાની શરતોમાં અંશતઃ ફેરફાર / સુધારા સાથેનો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

**ઠરાવ:-**

૧. આ યોજનાને ડો.આંબેડકર આવાસ યોજના તરીકે ઓળખવામાં આવશે.

૨. હેતુ:-

આ યોજનાનો હેતુ અનુસૂચિત જાતિના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અને ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવતા ઘર વિહોણા લોકોને સમયબધ્ધ કાર્યક્રમ રૂપે તબકકાવાર આવાસો પુરા પાડવાનો છે.

૩. **પાત્રતાની શરતો:**

(૧) ગ્રામ્ય વિસ્તારમાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા તૈયાર કરવામાં આવેલ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની (બીપીએલ) યાદી પૈકીના ઘર વિહોણા લાભાર્થીઓને પ્રથમ અગ્રતા આપવાની રહેશે. આ ઉપરાંત વિધવા તથા વિકલાંગ, ગ્રામસભાએ નક્કી થયેલા શ્રમયોગી અને ઓછી આવક ધરાવતા લાભાર્થીને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિની ઘર વિહોણી વ્યકિત કે જેને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની યોજના હેઠળ મફત ઘરથાળનો પ્લોટ ફાળવવામાં આવ્યો હોય અને જેનો કબજો ધરાવતી હોય, અને અન્ય કોઈ ગૃહ નિર્માણ યોજના હેઠળ મકાન સહાયનો લાભ ન મળ્યો હોય તેવા ઈસમને આ યોજનાનો લાભ મળી શકશે.

(૩) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય પરંતુ તદન કાચું ગાર માટીનું, ઘાસ પુળાનું, કુબા ટાઈપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તેવું મકાન ધરાવનાર લાભાર્થીને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૪) ગ્રામ પંચાયત/રેવન્યુ/સીટી સર્વેના અથવા અન્ય કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ આવા લાભાર્થીઓ કબજો ધરાવતા હોય તેવી જમીનનો મિલકત વેરો ભર્યાનો દાખલો રજુ કરે તો તેઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૫) પંચાયત/રેવન્યુ/સીટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય પરંતુ રજીસ્ટર દસ્તાવેજોથી નોંધાયેલ હોય, મિલકત તબદીલ થઇ હોય તેવી જમીનના કબજેદારોને પણ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૬) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે કે અન્ય યોજના હેઠળ ૨૫ ચો.વાર, ૪૦ ચો.વાર કે ૧૦૦ ચો.વાર સુધી ખુલ્લો પ્લોટ ધરાવનાર કે અન્ય રીતે ફાળવાયેલ રહેણાકના પ્લોટ, સરકારે ફાળવેલ પ્લોટ અથવા પોતાની માલિકીની જમીનમાં મકાન બનાવે તેને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૭) વારસાઇથી મિલકત પ્રાપ્ત કરી હોય અને તે અંગે પંચાયત/રેવન્યુ/સીટી સર્વે રેકર્ડમાં નોંધ ન થઇ હોય પરંતુ કુલ મુખત્યાર તરીકે ધારણ કરનાર અથવા તેના વારસદારો આવી જમીન ઉપર મકાન બાંધવાની જો સંમતિ આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબજો ધરાવનાર વારસદારોને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૮) રાવળીયા/રાવળ અને અન્ય ઇનામી જમીનોના કાયદા/નિયમો હેઠળ પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઇ મહેસુલી/સીટી સર્વે રેકર્ડમાં નોંધાયેલ ન હોય પરંતુ તેઓ લાંબા સમયથી પ્રત્યક્ષ કબજો ધરાવતા હોય તો તેઓને પણ આ

-૪-

યોજનાનો લાભ મળવાપાત્ર થશે. પરંતુ લાભાર્થી ખરેખર કબજો ધરાવે છે કે કેમ તેની ખાત્રી જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)/જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીએ કરવાની રહેશે.

(૯) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડ, ગુજરાત હળપતિ અને જમીન વિહોણા ખેત મજુરોનું હાઉસીંગ બોર્ડ, નગરપાલિકાઓ/ શહેરી વિકાસ સત્તા મંડળો, હુડકો ઉપરાંત સરકારી કે સરકાર માન્ય એજન્સીની પ્રવર્તમાન યોજના હેઠળ લાભાર્થી મકાન બનાવવા/ મકાન ખરીદવા માંગે તો સબંધિત બોર્ડ કે એજન્સીને અરજી કરવાથી બોર્ડ કે એજન્સીની દરખાસ્તના આધારે મકાન સહાય મંજુર કરવામાં આવશે. અને મંજુર કરેલ રકમ સીધી સબંધિત બોર્ડ/એજન્સી હસ્તક મુકવામાં આવશે. જયારે ખુટતી રકમની જે તે લાભાર્થીએ પોતે વ્યવસ્થા કરવાની રહેશે. પરંતુ આમ કરતાં પહેલા યોજનાની અન્ય શરતો ધ્યાને લેવાની રહેશે.

(૧૦) આ યોજનાની પાત્રતા માટે આવક મર્યાદા વાર્ષિક રૂા.૨૪,૦૦૦/- રહેશે. આવકનું પ્રમાણપત્ર આપવા માટે નીચે મુજબના અધિકારીઓ /પદાધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

(૧) મામલતદાર

(૨) તાલુકા વિકાસ અધિકારી

(૩) કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીઓ

(૪) નગરપાલિકાના મુખ્ય અધિકારી

(૫) ધારાસભ્યશ્રી

(૬) મહાનગરપાલિકાના કોર્પોરેટર

(૭) સરપંચ

(૮) તલાટી કમ મંત્રી

— ૫ —

(૧૧) અનુસૂચિત જાતિમાં અતિપછાત જાતિઓના લાભાર્થીઓને આવક મર્યાદાના બાધ વિના નિયત લક્ષ્યાંકના ઓછામાં ઓછા ૧૫ ટકા મકાન સહાયનો લાભ આપવાનો રહેશે. કોઈ પણ કારણસર અતિપછાત જાતિના લાભાર્થીની સંખ્યા ન મળતાં અતિપછાત જાતિઓ સિવાયના અનુસૂચિત જાતિના અન્ય ઈસમોને આ યોજનાનો લાભ આપવામાં આવશે. તેમજ અસાધારણ સંજોગોમાં અતિપછાત જાતિઓના લાભાર્થીઓને ૧૫ ટકા કરતાં વધારે સંખ્યામાં પણ લાભ આપી શકાશે.

આ ઉપરાંત વિધવા, શ્રમયોગી, વિકલાંગ, ગ્રામસભાએ નક્કી કરેલા શ્રમયોગી તથા ગરીબી રેખા હેઠળ જીવતા અનુસૂચિત જાતિના ઈસમોને પણ આવક મર્યાદાના બાધ વિના મકાન સહાયના નિયત લક્ષ્યાંકોમાં અગ્રતાના ધોરણે આ યોજનાનો લાભ આપવાનો રહેશે.

(૧૨) કુદરતી આપત્તિ તેમજ માનવ સર્જિત આપત્તિને લીધે જેના મકાનોનો નાશ થયો છે તેવા અથવા સ્થળાંતર થયેલા હોય તેવા ઈસમોને મકાનો બનાવવા માટે આ યોજના હેઠળ સરકારશ્રીની મંજૂરી મેળવીને લાભ આપી શકાશે.

(૧૩) સરકાર ધ્વારા માન્ય થયેલ સંસ્થા તેમજ માન્ય નાણાંકીય ધિરાણ કરતી સંસ્થા /બેંક ધ્વારા નાણાંકીય ધિરાણ મળેલ હશે તેવા અરજદારોના યોગ્ય કિસ્સામાં ઉપરોક્ત શરતોનું પાલન થતું હશે તો આવી સહાય મળવાપાત્ર થશે.

(૧૪) અરજદાર લાભાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષ અને મહત્તમ ૫૦ વર્ષની રહેશે. વિધવા અને વિકલાંગના કિસ્સામાં મહત્તમ ઉંમરમાં પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

-૬-

(૧૫) ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ બનેલ મકાન પર લાભાર્થીએ "રાજ્ય સરકારની આંબેડકર આવાસ યોજના" એ મુજબની તકતી બનાવી લગાડવાની રહેશે.

૪. <u>સહાયનું ચૂકવણું:-</u>

(૧) મકાન સહાયની રકમ રૂા. ૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર પૂરા) રહેશે.

(૨) મકાનની ટોચની કિંમત શહેરી વિસ્તારમાં રૂા. ૧,૫૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૧,૦૦,૦૦૦/- ની રહેશે.

(૩) આ યોજના હેઠળ મકાન સહાયની રકમ રૂા. ૪૦,૦૦૦/- ચૂકવવામાં આવશે જેમાં:

(અ) પ્રથમ હપ્તો અરજી મંજુર કરતી વખતે ૨૫ ટકા લેખે ચુકવવાનો રહેશે.

(બ) બીજો હપ્તો લીંટલ લેવલનું બાંધકામ પુર્ણ કર્યાનું સમાજ કલ્યાણ નિરીક્ષકનું પ્રમાણપત્ર રજુ કર્યેથી ૫૦ ટકા ચૂકવવાની રહેશે.

(ક) ત્રીજો અને છેલ્લો હપ્તો મકાન બાંધકામ પુર્ણ થયાનું નીચે પેરા-૪ માં જણાવ્યા મુજબના અધિકારીઓનું પ્રમાણપત્ર રજુ કર્યેથી ૨૫ ટકા ચૂકવવાનું રહેશે.

(૪) ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતના ઓવરસીયર, અધિક મદદનીશ ઇજનેર અને શહેરી વિસ્તારમાં રાજય સરકાર, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાના મદદનીશ ઇજનેર કે ઉપરના અધિકારીઓએ આવા

પ્રમાણપત્ર આપવાના રહેશે. અનુભવે જણાયેલ છે કે આ પ્રમાણપત્ર આપવામાં આવા કર્મચારીઓ/અધિકારીઓ ધ્વારા ઢીલ કરી અરજદારોને હેરાન કરતા હોય છે. આવી ઘટના નિવારવા મકાન પુર્ણ થયેથી ૪૫ દિવસમાં મકાન પુર્ણ થયાનું પ્રમાણપત્ર ઉપરોકત અધિકારીઓ ન આપે તો વિકલ્પે વિભાગના જિલ્લાના અધિકારીએ એટલે કે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) એ જાત મુલાકાત કરી મકાનની ચકાસણી કરી ગામના બે પંચોની હાજરીમાં રોજકામ કરી, મકાનનો ફોટો લાભાર્થી સાથે લઈને છેલ્લો હપ્તો ચૂકવી શકાશે. અને તે માન્ય ગણાશે આ કામગીરી મકાન પુર્ણ થયાના ત્રણ માસ સુધીમાં અચૂક પુર્ણ કરવાની રહેશે.

(૫) આ યોજનામાં લાભાર્થીઓનો શ્રમફાળો રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) રહેશે.

(૬) આ યોજના અમલમાં આવે તે પહેલાની મંજુર કરાયેલ અરજીઓ પૈકી જેમાં એક કે વધારે હપ્તા ચૂકવ્યા હોય તેનો અમલ જુના ઠરાવ પ્રમાણે કરવાનો રહેશે. જેમાં આમુખ (૨) માં જણાવેલ ઠરાવની જોગવાઈ ૩ (અ) અને (બ) ધ્યાને લેવાની રહેશે નહિં. પરંતુ આવા લાભાર્થીઓએ અધૂરૂ મકાન તા. ૩૦-૩-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનાં રહેશે. જયારે જે અરજીઓ સ્વીકારાયેલ હોય પરંતુ એક પણ હપ્તો ચુકવ્યો ન હોય તેવી તમામ પડતર અરજીઓ રદ થયેલી ગણાશે.

(૭) અરજદારે બાંહેધરી આપવાની રહેશે કે તેણે વિભાગની આ યોજના હેઠળ અથવા અન્ય વિભાગ હસ્તકની ગૃહ નિર્માણ યોજના હેઠળ મકાન સહાય યોજનાનો લાભ લીધેલ નથી.

-૮-

૫. <u>મકાન પૂર્ણ કરવાની સમય મર્યાદા:</u>

મકાન સહાયનો બીજો હપ્તો ચુકવ્યા બાદ એક વર્ષમાં મકાન બાંધકામ પુર્ણ કરવાનું રહેશે. સમય મર્યાદામાં મકાન બાંધકામ પુર્ણ ન કરનાર લાભાર્થી પાસેથી મકાન સહાયના ચુકવાયેલા હપ્તા પરત વસુલ કરવાની જવાબદારી સબંધિત જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) ની રહેશે. અપવાદ રૂપે કાબુ બહારના સંજોગોમાં કે સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં ઢીલ થવાના પ્રસંગે આ સમયમર્યાદામાં ગુણ-દોષના આધારે ઉપરોકત અધિકારીઓ છુટછાટ આપી શકશે.

૬. <u>યોજનાનું અમલીકરણ અને અહેવાલ..</u>

(૧) આંબેડકર આવાસ યોજનાનો, શહેરી વિસ્તાર માટે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી તથા ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) દ્વારા અમલ કરવામાં આવે છે. લાભાર્થીની અરજીઓ આવેથી ચકાસણી કર્યા બાદ જે તે સંબંધિત અધિકારીઓ મંજૂર કરવાની કામગીરી કરે છે. પરીણામે લક્ષ્યાંક ઉપરાંતની અરજીઓ મોટા પ્રમાણમાં આવે છે અને તે લક્ષ્યાંક ઉપરાંતની હોવાથી વરસો વરસ પડતર રહે છે. પરિણામે અરજદારોમાં અસંતોષ તેમજ ફરીયાદો થાય છે. આ પરિસ્થિતિ નિવારવા અને આ યોજનામાં પાત્ર લાભાર્થીઓની પસંદગીમાં પારદર્શકતા આવે તે માટે જિલ્લા દીઠ નીચે મુજબની ડો.આંબેડકર આવાસ યોજના સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | અધિક કલેકટર / નિવાસી નાયબ કલેકટર | અધ્યક્ષ |
| ૨. | નિયામક, જિલ્લા ગ્રામવિકાસ એજન્સી | સભ્ય |
| ૩. | જિલ્લાના અનુસૂચિત જાતિના ધારાસભ્યશ્રી | સભ્ય |
| ૪. | ચેરમેન, જિલ્લા સામાજિક ન્યાય સમિતિ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૫. | જિલ્લાના કોઇપણ બે બીનસરકારી સભ્યો કે જેઓ અનુસૂચિત જાતિઓના ક્ષેત્રમાં કામ કરતા હોય. ( આ સભ્યોની નિમણૂંક જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કરશે.) | સભ્ય |
| ૬. | નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ) | સભ્ય |
| ૭. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) | સભ્ય |
| ૮. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી | સભ્ય સચિવ |

જે જિલ્લામાં અધિક કલેકટરની જગ્યા ન હોય તે જિલ્લાના નિવાસી નાયબ કલેકટર આ સમિતિના અધ્યક્ષ તરીકે રહેશે.આ સમિતિ આંબેડકર આવાસ યોજના હેઠળ પાત્રતાની શરત નં.૧૧ માં આવરી લેવાયેલ લાભાર્થી સિવાયના લાભાર્થીઓની લક્ષ્યાંકની મર્યાદામાં પસંદગી કરવાની કાર્યવાહી કરશે.

(૨) આંબેડકર આવાસ યોજના હેઠળ લાભાર્થીની અરજીઓ મેળવવા માટે માહે ડિસેમ્બરમાં તે પછીના નાણાંકિય વર્ષ માટે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી ધ્વારા સ્થાનિક દૈનિક અખબારમાં જાહેરાત આપવામાં આવશે. જાહેરાત અપાય તે તારીખથી જે તે લાભાર્થીએ ૩૦ દિવસની મર્યાદામાં અરજીઓ રૂબરૂમાં અથવા ટપાલથી જે તે જિલ્લા કચેરીઓને મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

(૩) અરજીઓ મળ્યેથી તાલુકાવાર અનુસૂચિત જાતિઓ તથા શરત નં.૧૧ માં દર્શાવેલ લાભાર્થીઓની અલગ નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પત્રકમાં લાભાર્થીઓની વિગતો તૈયાર કરવાની રહેશે ત્યારબાદ સમિતિની બેઠક બોલાવવાની રહેશે. તેમાં શરત નં.૧૧ સિવાયના લાભાર્થીઓની પસંદગી માટે સમિતિ ચર્ચા વિચારણા કરશે. જે તે નાણાકિય વર્ષમાં નકકી થયેલ લક્ષ્યાંકનાં પ્રમાણમાં લાભાર્થીઓની અગ્રતા પ્રમાણે પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે. ત્યાર પછી બાકી રહેતી અરજીઓમાંથી અગ્રતા પ્રમાણે લક્ષ્યાંકના ૧૦ ટકા અરજીઓ પ્રતિક્ષા યાદીમાં રાખવાની રહેશે. આ

-૧૦-

પ્રતિક્ષાયાદી જે તે નાણાકિય વર્ષમાં અમલી રહેશે. (પરંતુ બીજા વર્ષે આ યાદીને મંજુર કરવામાં આવશે) અને આ ઉપરાંત લક્ષ્યાંક કરતાં મળેલ વધુ અરજીઓ પણ રદ ગણવાની રહેશે.

(૪) આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જાતિઓ પેકી શરત નં.૧૧ માં દર્શાવેલ લાભાર્થીઓ સહિત પસંદ થયેલ લાભાર્થીઓની યાદી પ્રસિધ્ધ કરતાં પહેલાં જે તે લાભાર્થીને રજીસ્ટર એ.ડી.થી જાણ કરવાની રહેશે. ત્યારબાદ તા.૩૧ મી માર્ચ સુધીમાં જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી તેમજ સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત)ની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે.

(૫) ગ્રામ્ય વિસ્તારોમાં આ યોજનાના અમલીકરણ બાબતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગરીબી રેખા હેઠળના કુટુંબો માટેની મોજણી યાદીને માન્ય દસ્તાવેજ ગણેલ હોવાથી તે યાદીના નોંધણી ક્રમને ચકાસી આવકનો દાખલો કે જાતિનો દાખલો મેળવવામાંથી અરજદારોને મુક્તિ આપવામાં આવશે.

(૬) શહેરી વિસ્તારમાં ગરીબી રેખા હેઠળનાં શહેરી ગરીબો માટે નિયત કરેલ સક્ષમ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૭) અનુસૂચિત જાતિઓ માટેની આ યોજના સંપુર્ણ રીતે સિધ્ધ થાય તે નજર સમક્ષ રાખીને અરજદારે ધારણ કરેલ પ્લોટ અંગેની સ્થાનિક સ્થળ સ્થિતિ પણ લક્ષમાં લેવી અને મકાન બાંધકામ પુર્ણ થયાના પ્રમાણપત્રના આધારે વ્યવહારુ નિર્ણય લેવાનું સક્ષમ અધિકારીએ જોવું.

(૮) સરદાર પટેલ આવાસ યોજનાની સુધારેલી જોગવાઇ મુજબ આર.સી.સી.

સ્લેબને બદલે મેંગલોરી નળિયાના ઢળતા છાપરાવાળા મકાનોના કિસ્સામાં પણ આ યોજનામાં સહાય આપી શકાશે.

(૯) માનવ સર્જિત અને કુદરતી આપત્તિનાં કિસ્સામાં ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ જો એકજ સમુહમાં ઓછામાં ઓછા ૧૦ કે તેથી વધુ લાભાર્થીઓના એકજ સ્થળે, એક સામટા, આવાસો બનાવવા માટે બીનસરકારી સંસ્થાઓને, એજન્સી તરીકે કામ સોંપવામાં આવશે. બીનસરકારી સ્વૈચ્છિક સંસ્થાની પાત્રતા નીચે મુજબ રહેશે.

(અ) બીનસરકારી સંસ્થાની નોંધણી સોસાયટી રીજસ્ટ્રેશન એકટ અથવા ચેરીટેબલ ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલ જાહેર ટ્રસ્ટ કે સંસ્થા હોવી જોઇશે.

(બ) આ સ્વૈચ્છિક સંસ્થા ઓછામાં ઓછા ત્રણ વર્ષ પહેલાં નોંધાયેલ હોવી જોઇએ અને જે તે સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટેડ હિસાબો રજૂ કરવાના રહેશે.

(ક) આવી સંસ્થા સામાજિક, આર્થિક ઉત્કર્ષ માટે કામ કરતી સેવાભાવી પ્રતિષ્ઠિત સંસ્થા હોવી જોઇએ.

(૧૦) આ બીનસરકારી સંસ્થાની પસંદગી રાજયકક્ષાની સમિતિ નકકી કરશે. રાજય કક્ષાની સમિતિ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | મા.મંત્રીશ્રી, (સામાજિક ન્યાય અને અધિકારીતા) | અધ્યક્ષશ્રી |
| ૨. | સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૩. | નાયબ સચિવશ્રી / સંયુકત સચિવશ્રી, (આંબેડકર | સભ્ય સચિવ |

૧૨

| | | |
|---|---|---|
| | આવાસ યોજના) | |
| ૪. | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય |
| ૫. | બે બીનસરકારી સભ્યો (ધારાસભ્યશ્રી / અનુસૂચિત જાતિઓના કાર્યક્ષેત્રમાં સંકળાયેલ સામાજીક કાર્યકર) (મા.મંત્રીશ્રી નિમણૂક કરશે) | સભ્ય |

(૧૧) બીનસરકારી સંસ્થાઓની પસંદગી કરવા માટેની દરખાસ્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે સરકારશ્રીમાં મોકલવાની રહશે અને રાજ્યકક્ષાની સમિતિ તે દરખાસ્ત ઉપર વિચારણા કરીને બીનસરકારી સંસ્થાની પસંદગી કરશે.

(૧૨) આ યોજના હેઠળ બંધાતા મકાનો પૈકી પ્રતિવર્ષે ઓછામાં ઓછા પાંચ ટકા મકાનોનું આકસ્મિક સ્થળ નિરીક્ષણ કરી તેની યોગ્યતા અંગેનો અહેવાલ સરકારને મોકલવાનો પ્રબંધ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં જે તે સદર હેઠળ પાડવાનો રહેશે અને તે હેઠળ દર વર્ષે આ હેતુસર કરવામાં આવતી જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(કે.એલ.તબિયાર)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા

પ્રતિ,
નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી,ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગર.

ગ્રામ વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ આ યોજનાના અમલીકરણ તથા મોનીટરીંગ માટે સંબંધકર્તાઓને જરૂરી સૂચનાઓ તથા માર્ગદર્શન પુરુ પાડવાની વિનંતી સહ.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
કમિશનરશ્રી, આદિજાતિ કલ્યાણ, ગાંધીનગર.
સર્વે જિ.પ.વ.ક.અધિકારીશ્રીઓ:
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.

ક્રમાંક: અબડ/૧૨૦૦૩/૧૩૦૩/હ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ :– 17 FEB 2006

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ગુજરાત રાજય, ગાંધીનગર

વિષયઃ– ડૉ.આંબેડકર આવાસ યોજનામાં લક્ષ્યાંક ઉપરાંતના કેસો મંજુર કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના આપના તા.૨૨/૧૨/૦૫ ના પત્રાંક–અજાક/મ/આવાસ/૨૦૦૫/૧૫૧૧૯૨૦, ના અનુસંધાને જણાવવાનું કે ઉકત પત્રમાં ઉલ્લેખિત લક્ષ્યાંકથી વધારે મળેલી પડતર અરજીઓ પૈકી મંજુર કરવા પાત્ર થતી અરજીઓ, નિયત થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં રહીને મંજૂર કરવાની કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે અગાઉના વર્ષોની અરજીઓ પૈકી જેમને વર્ક ઓર્ડર આપ્યા પછી અરજદારે કામ શરુ કર્યુ હોય, કાગળો રજુ કર્યા હોય, પરંતુ સહાય ચૂકવાઈ ન હોય, તેવા કેસોમાં અગ્રતા આપીને સહાય ચૂકવવાની કાર્યવાહી કરવા પણ વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(દિનેશ પી.કાપડીયા)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

જીએસટી

ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન
સહાય ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ક્રમાંકઃઅબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- 17 FEB 2006

વંચાણે લીધાઃ- (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૮/૬/૨૦૦૫ નો સમાન ક્રમાંકનો ઠરાવ.

સુધારો

સંદર્ભમાં દર્શાવેલ વિભાગના તા.૮/૬/૦૫ ના ઠરાવમાં પેરા-૬ માં "પડતર અરજીઓ રદ થયેલી ગણાશે" તેવી જોગવાઈ રદ કરી," જયાં લક્ષ્યાંક કરતાં વધુ અરજીઓ આવેલ હોય અને પડતર રહેવા પામેલ હોય તેવી અરજીઓ પૈકી પાત્ર અરજીઓ નવા વર્ષમાં પ્રથમ લેવી" તેવો સુધારો આથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શામજીભાઈ પટેલ)
સંયુક્ત સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા.અનેઅધિ.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
નાણાંવિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ કલ્યાણ, ગાંધીનગર
સર્વે જિલ્લા પ.વ.ક. અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર

ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન
સહાય ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨-૭-૨૦૦૭

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨-૨-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૯૯-૭૬૯-હ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯-૮-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૨૦૦૦-૪૬૪-હ
(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૫-૫-૨૦૦૩ નો પત્ર ક્રમાંકઃ અજાક-મ-હાઉસીંગ/૨૦૦૩-૩૦૪૦
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮-૧-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૭-ન.બા.-૧-અ
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭-૫-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ અબડ/૧૦૨૨૦૩/૧૩૦૩/હ
(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની તા.૧૨/૧/૨૦૦૫ ની દરખાસ્ત
(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૮-૬-૨૦૦૫ નો સમાંન ક્રમાંકનો ઠરાવ
(૮) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૭.૨.૦૭ નો પત્રક્રમાંકઃ અજાક/મ/૩/૨૦૦૭/૩૧૫૪ તથા તા.૯.૪.૦૭ નો પત્રક્રમાંકઃ અજાક/મ/૩/૨૦૦૭/૫૯૬૪.

ઠ રા વ

ડો.આંબેડકર આવાસ યોજના સંદર્ભ (૧) માં દર્શાવેલ વિભાગના તા.૨૨-૨-૨૦૦૦ ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલી છે. ત્યારબાદ તેમાં જુદાજુદા ઠરાવોથી વખતોવખત સુધારા કરવામાં આવેલા છે. આ પ્રકારના સંદર્ભ (૭) માં દર્શાવેલ તા.૮-૬-૦૫ ના સુધારાથી જે જોગવાઈઓ હાલ અમલમાં છે, તે પૈકીની કેટલીક જોગવાઈઓમાં

---૨--

સુધારો કરવા. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા. ૭.૨.૦૭ ના પત્રથી થયેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે, વિભાગના તા.૮-૬-૦૫ ના ઠરાવમાં હાલની જોગવાઇમાં અંશતઃ ફેરફાર કરી નીચે દર્શાવેલ શરતોમાં સુધારો બહાર પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) <u>ક્રમાંકઃ૩ પાત્રતાની શરતો</u>

ક્રમાંક-૩ (૧૪) માં હાલની જોગવાઇ અનુસાર અરજદાર લાભાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષ અને મહત્તમ ૫૦ વર્ષની છે, જેમાં મહત્તમ ઉંમરની શરત રદ કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ક્રમાંક-૩(૧૪) અરજદાર લાભાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષની રહેશે.

(૨) <u>ક્રમાંકઃ૪ સહાયનું ચૂકવણું</u>

ક્રમાંક-૪ (૩) માં હાલની જોગવાઇ મુજબ આ યોજના હેઠળ મકાન સહાયની રકમ રૂ.૪૦,૦૦૦/- ચૂકવવામાં આવશે જેમાં સહાય ચૂકવવાના ધોરણોમાં ત્રણ તબકકામાં ( ૨૫ ટકા, ૫૦ ટકા અને ૨૫ ટકા)ચૂકવવાનું ધોરણ છે, તેના બદલે બે તબકકામાં નીચે મુજબ ચૂકવવાનું ઠરાવવામાં આવે છે.

(અ) પ્રથમ હપ્તો અરજી મંજુર કરતી વખતે ૫૦ ટકા લેખે ચૂકવવાનો રહેશે.
(બ) બીજો હપ્તો લીંટલ લેવલનું સમાજ કલ્યાણ નિરીક્ષકનું બાંધકામ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર રજુ કર્યેથી ૫૦ ટકા સહાય ચૂકવવાની રહેશે.

(૩) ક્રમાંકઃ૪(૭) માં હાલની જોગવાઇ મુજબ અરજદારે બાંહેધરી આપવાની રહેશે કે "તેણે વિભાગની આ યોજના હેઠળ અથવા અન્ય વિભાગ હસ્તકની ગૃહનિર્માણ યોજના હેઠળ મકાન સહાય યોજનાનો લાભ લીધેલ નથી." તેના બદલે હવે, અરજદારે બાંહેધરી આપવાની રહેશે કે "છેલ્લા ૨૦ વર્ષમાં વિભાગની આ યોજના હેઠળ કે અન્ય વિભાગની યોજના હેઠળ મકાન સહાય યોજનાનો લાભ લીધેલ નથી. કુદરતી આફતોમાં મળતી કેશડોલ્સ કે મરામત સહાયનો તેમાં સમાવેશ થશે નહીં. પરંતુ જે ઇસમોએ અગાઉ કોઇ યોજના હેઠળ (ગૃહનિર્માણ) લાભ લીધો ન હોય તેવા ઇસમોને પ્રથમ પસંદગી આપવાની રહેશે."

૨. ઠરાવની અન્ય શરતો તા.૮-૬-૦૫ ના ઠરાવ મુજબ યથાવત્ રહે છે.

---3--

૩. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી તથા નાણા વિભાગની તા.૧૨-૬-૦૭ ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

**( શ્રીમતી એસ.આર.ભુરીયા )**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ આ યોજનાના અમલીકરણ તથા મોનીટરીંગ માટે સંબંધકર્તાઓને જરૂરી સૂચનાઓ તથા માર્ગદર્શન પુરૂ પાડવાની વિનંતી સહ.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આદિજાતિ કલ્યાણ, ગાંધીનગર.
સર્વે જિ.પ.વ.ક.અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.

**ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય ચુકવવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
**ઠરાવ ક્રમાંક: અબડ–૧૦૨૦૦૩–૧૩૦૩–હ**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૫–૪–૦૮

**<u>વંચાણે લીધા:–</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૮–૬–૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક:અબડ–૧૦૨૦૦૩–૧૩૦૩–હ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૭–૨–૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક:અબડ–૧૦૨૦૦૩–૧૩૦૩–હ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨–૭–૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:અબડ–૧૦૨૦૦૩–૧૩૦૩–હ

**<u>પ્રસ્તાવના:–</u>**

રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન સહાય આપવા માટેની ડો.આંબેડકર આવાસ યોજનાનો સંકલીત ઠરાવ ઉકત સંદર્ભ (૧) હુકમથી બહાર પાડવામાં આવેલ છે. અને તેમાં સંદર્ભ –૨ અને ૩ માં દર્શાવેલ હુકમોથી કેટલાક સુધારાઓ બહાર પાડવામાં આવેલ છે. આ યોજનાની કેટલીક જોગવાઈઓના અમલમાં વિસંગતતાઓ / મુશ્કેલીઓ જણાતી હોઈ તેવી જોગવાઈઓ સુધારવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:–</u>**

પુખ્ત વિચારણાને અંતે ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય ચુકવવાની હયાત જોગવાઈઓમાં નીચે મુજબના સુધારા કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

૧. ઉકત સંદર્ભ (૧) માં દર્શાવેલ હુકમના પારા ૬ (૧) માં જણાવ્યા મુજબ આ યોજનાનાં અમલીકરણ માટે જીલ્લા કક્ષાએ રચવામાં આવેલી લાભાર્થીઓની પસંદગી માટેની સમિતિ આથી રદ કરવામાં આવે છે અને આ યોજના અન્વયે

લાભાર્થીઓને સહાય મંજુર કરવાની કાર્યવાહી નીચે મુજબ કરવા આથી ઠરાવવામાં આવે છે.

(૧) શહેરી વિસ્તાર માટે આ સહાય મંજુર કરી ચુકવવાની કાર્યવાહી સબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી (વર્ગ–૧) એ કરવાની રહેશે.

(૨) ગ્રામ્ય વિસ્તાર માટે આ સહાય મંજુર કરી ચુકવવાની કાર્યવાહી સબંધિત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી પંચાયતે કરવાની રહેશે.

૨. ઉકત સંદર્ભ (૧) માં દર્શાવેલ ઠરાવના પારા–૬ (૨) માં જણાવ્યા મુજબ આ યોજના અન્વયે લાભાર્થીઓની અરજીઓ મેળવવા જે તે નાણાકીય વર્ષ પહેલાં ડિસેમ્બર માસમાં જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી દવારા જાહેરાત આપી ૩૦ દિવસની મર્યાદામાં સહાય માટેની અરજીઓ મંગાવવાની જે જોગવાઈ કરેલ છે, તે આથી રદ કરવામાં આવે છે. હવે આ યોજના હેઠળ સહાય માટેની અરજીઓ ઉકત પારા ૧ (૧) અને (૨) માં જણાવ્યા મુજબના અધિકારીઓને વર્ષ દરમ્યાન ગમે ત્યારે કરી શકશે.

૩. ઉપર પારા–(૨) માં જણાવ્યા મુજબ સહાય માટે મળેલ અરજીઓ પરત્વે, પાત્રતાના ધોરણે અરજીઓ મળે તેના ક્રમાનુસાર નિયત રજીસ્ટરમાં નોંધીને સહાય મંજુર કરવાની કાર્યવાહી સબંધિત અધિકારીએ કરવાની રહેશે.

ઉકત સંદર્ભ (૧) અને (૨) ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

સફાઈ કામદાર વિકાસ નિગમ લિ.ગાધીનગર દવારા સફાઈ કામદારો માટેની આવાસ યોજના અમલમાં છે તેવાને પણ આ ઠરાવની જોગવાઈઓ લાગુ પડશે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શામજી ભાઈપટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
– માન.રાજયપાલશ્રી, રાજભવન, ગાંધીનગર
– માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર



→

– સર્વે મંત્રીશ્રીઓ/ રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
–માન.મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
– આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
– મેનેજીગ ડીરેકટરશ્રી, સફાઈ કામદાર વિકાસ નિગમ લી.ગાંધીનગર
– સમિતિના તમામ સભ્યો
– નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ,ગુજરાત રાજય, ગાધીનગર
– એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
– પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
– નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
– સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
– સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
– સર્વે જિલ્લા પોલીસ વડાઓ.
– સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
– સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
– સર્વે તકેદારી અધિકારીશ્રીઓ
– સર્વે સમાજ કલ્યાણ અધિકારીઓ (પંચાયત)
– નાણાં શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– કમિશ્નરશ્રી, માહિતી ખાતુ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ (અખબારી યાદી પ્રસિધ્ધ કરવા સારુ)
– સર્વે શાખાઓ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સચિવાલયના સર્વે વિભાગો
– સિલેકટ ફાઈલ.

એચકે૧પેજર૩ર

## રાજયની આવાસ યોજનાઓની યુનિટ કોસ્ટ એક સરખી રાખવી તથા તાલુકા દીઠ કલસ્ટર અભિગમથી આવાસો બનાવવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક : પરચ /૧૦૨૦૦૮/ ૮૧૯ / લ
તા. ૦૨-૦૩-૨૦૦૯

**ઠરાવ :**

ગુજરાત રાજયમાં જુદા જુદા વિભાગ ધ્વારા ગ્રામ્ય વિસ્તારમાં રાજય પુરસ્કૃત, કેન્દ્ર પુરસ્કૃત, રાજય અને કેન્દ્ર પુરસ્કૃત વિવિધ આવાસ યોજનાઓ અમલમાં છે.

રાજય સરકારનો અભિગમ છે કે સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦ સુધીમાં રાજયના તમામ ઘર વિહોણા બી.પી.એલ. કુટુંબોને આવાસ પૂરા પાડવામાં આવે તે ઉદેશથી તમામ આવાસ યોજનાની યુનિટ કોસ્ટ એક સરખી રાખવા તેમજ દરેક તાલુકામાં એક ગામમાં કલસ્ટર અભિગમથી નગર રચના પ્રમાણેના મોડેલ આવાસો બનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ય વિચારણાને અંતે વિવિધ આવાસ યોજનાઓનું સ્વરુપમાં નીચે મુજબના કોઠાના કોલમ નં-૭ માં જણાવ્યા મુજબ રાખવાનું ઠરાવવામાં આવે છે.

### (અ) જુદા જુદા વિભાગની આવાસ યોજનાઓ :

| ક્રમ | યોજનાનું નામ | અમલીકરણ વિભાગ | લાભાર્થી ગૃપ | હાલની યુનિટ કોસ્ટ | પ્રવર્તમાન સહાયનું ધોરણ રુ. | સુધારેલ યુનિટ કોસ્ટ (રુ) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ઈન્દીરા આવાસ યોજના | ગ્રામ વિકાસ વિભાગ | બી.પી.એલ. (૦ થી ૧૬) | ૫૦,૫૦૦ | કેન્દ્ર ૨૬,૨૫૦<br>+ રાજય ૧૭,૨૫૦<br>+શ્રમફાળો ૭,૦૦૦ | કેન્દ્ર ૨૬,૨૫૦<br>+ રાજય ૧૭,૨૫૦<br>+શ્રમફાળો ૭,૦૦૦<br>કુલ રુ. ૫૦,૫૦૦ |
| ૨ | સરદાર આવાસ યોજના | પંચાયત વિભાગ | બી.પી.એલ. (૦ થી ૨૦) | ૪૩,૦૦૦ | રાજય ૩૬,૦૦૦<br>+ શ્રમફાળો ૭,૦૦૦ | રાજય ૪૩,૫૦૦<br>+ શ્રમફાળો ૭,૦૦૦<br>કુલ રુ. ૫૦,૫૦૦ |
| ૩ | ડો.આંબેડકર આવાસ યોજના | નિયામકશ્રી અનુ.જાતી કલ્યાણ ખાતુ | વ્યકિતગત ધોરણે અનુ.જાતી | ૪૫,૦૦૦ | રાજય ૪૦,૦૦૦<br>+ શ્રમફાળો ૫,૦૦૦ | રાજય ૪૩,૫૦૦<br>+ શ્રમફાળો ૭,૦૦૦<br>કુલ રુ. ૫૦,૫૦૦ |

| ક્રમ | યોજનાનું નામ | અમલીકરણ વિભાગ | લાભાર્થી ગૃપ | હાલની યુનિટ કોસ્ટ | પ્રવર્તમાન સહાયનું ધોરણ રૂા. | સુધારેલ યુનિટ કોસ્ટ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | પંડિત દિન દયાલ ઉપાધ્યાય આવાસ યોજના વ્યકિતગત ધોરણે સા.શૈ.પ.વ. અને વિચરતી વિમુકત જનજાતિ ઈસમોને મકાન સહાય | નિયામકશ્રી અનુ.જાતી કલ્યાણ ખાતુ | શા.શૈ.પ.વ. વિચરતી વિમુકત જાતી | ૪૫,૦૦૦ | રાજય ૪૦,૦૦૦ + શ્રમફાળો ૫,૦૦૦ | રાજય ૪૩,૫૦૦ + શ્રમફાળો ૭,૦૦૦ કુલ રૂા. ૫૦,૫૦૦ |
| ૫ | સફાઇ કામદાર વિકાસ નિગમ ડો. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના | સામાજીક ન્યાય અને અધિ. વિભાગ | ગ્રામ્ય વિસ્તાર માટે શહેરી વિસ્તાર માટે સફાઇ કામદારો | ૧,૫૦,૦૦૦ ૩,૦૦,૦૦૦ | સહાય રૂા. ૪૦,૦૦૦ લોનનું ધોરણ ૬૦૦૦૦ | સહાય રૂ. ૪૩,૫૦૦ + શ્રમફાળો ૭,૦૦૦ કુલ રૂા. ૫૦,૫૦૦ લોનનું ધોરણ ૬૦૦૦૦ |
| ૬ | અનુ.જન જાતી ઈસમોને વ્યકિતગત ધોરણે આવાસ | આદિજાતી વિકાસ વિભાગ | અનુ.જન જાતિ ઈસમો | ૪૦,૦૦૦ | રાજય ૪૦,૦૦૦ | રાજય ૪૩,૫૦૦ + શ્રમફાળો ૭,૦૦૦ કુલ રૂા. ૫૦,૫૦૦ |
| ૭ | અનુ.જન જાતીના આદિમ જુથના લોકો માટે વ્યકિતગત ધોરણો | આદિજાતી વિકાસ વિભાગ | અનુજન જાતી પૈકી અતિપછાત જાતિ | ૪૦,૦૦૦ | રાજય ૪૦,૦૦૦ | રાજય ૪૩,૫૦૦ + શ્રમફાળો ૭,૦૦૦ કુલ રૂા. ૫૦,૫૦૦ |
| ૮ | હળપતિ ગૃહ નિર્માણ યોજના | પંચાયત વિભાગ | હળપતિ જાતી (અનુ.જનજાતી પૈકીના) | ૪૩,૦૦૦ | રાજયરૂા. ૪૦,૦૦૦ +શ્રમ ફાળો ૩,૦૦૦ | રાજય ૪૩,૫૦૦ +શ્રમફાળો ૭,૦૦૦ કુલ રૂા. ૫૦,૫૦૦ |
| ૯ | માછીમાર માટે આવાસ યોજના | મત્સ્યોધોગ ખાત | માછીમાર હોવા જોઇએ બી.પી.એલ.ને અગ્રતા | ૫૦,૦૦૦ | કેન્દ્ર ૨૫,૦૦૦ + રાજય ૨૫,૦૦૦ | કેન્દ્ર ૨૫,૦૦૦ + રાજય ૨૫,૦૦૦ +શ્રમફાળો ૫૦૦ કુલ રૂા. ૫૦,૫૦૦ |
| ૧૦ | અગરીયા માટે આવાસ યોજના | ઉધોગ અને ખાણ . વિભાગ (સોલ્ટ કમિશ્નર) | અગરીયા હોવા જોઇએ. | ૫૦,૦૦૦ | કેન્દ્ર ૪૫,૦૦૦ + રાજય ૫,૦૦૦ | કેન્દ્ર ૪૫,૦૦૦ + રાજય ૫,૦૦૦ +શ્રમફાળો ૫,૦૦ કુલ રૂા. ૫૦,૫૦૦ |

## (બ) અમલીકરણ :

(૧) તમામ યોજનાઓની યુનિટ કોસ્ટ રુ. ૫૦,૫૦૦/- કરવામાં આવે છે. જેમાં લાભાર્થીનો શ્રમ ફાળો રુા. ૭,૦૦૦/- હોય. (માછીમાર આવાસ યોજનામાં ભારત સરકારે તાજેતરમાં યુનિટ કોસ્ટ રુ. ૫૦,૦૦૦/- કરેલ છે. જયારે અગરીયા માટે આવાસ યોજનામાં યુનિટ કોસ્ટ રુ. ૫૦,૦૦૦/- છે. તેથી તે બન્ને યોજનામાં લાભાર્થીનો શ્રમ ફાળો રુ. ૫૦૦/- રહેશે. જયારે સફાઇ કામદાર વિકાસ નિગમની ડો. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના રુ.૬૦,૦૦૦/- ની લોન હિસ્સો અલગથી રહેશે.

આ માટે સબંધિત વિભાગે નાણાં વિભાગની મંજુરી મેળવી વધારાની નાણાંકીય જરૂરીયાતની જોગવાઇ કરવાની રહેશે.

(૨) નગર રચના પ્રમાણે તાલુકા દીઠ એક મોડેલ કલ્સટર એપ્રોચના આવાસનો પ્રોજેકટ તૈયાર કરવા જેમાં ૩૦૦૦ થી ૬૦૦૦ સુધીની વસ્તી ઓછામાં ઓછી હોય અને ઓછામાં ઓછા ૧૦ આવાસની કોલોની બનાવવા માટે સારી જગ્યા પસંદ કરી અમલીકરણ જીલ્લા વિકાસ અધિકારીએ કરવાની રહેશે.

(૩) હાલમાં વિવિધ વિભાગો ધ્વારા લાભાર્થીની પસંદગી માટે અલગ અલગ પધ્ધતિ અપનાવવામાં આવે છે તેમજ પસંદગીના ધોરણો અલગ અલગ છે તેમાં ફેરફાર કરી હવે પછી દરેક વિભાગ ધ્વારા લાભાર્થીની પસંદગી ફકત ગ્રામ વિકાસ વિભાગે બનાવેલ અને વખતોવખત પ્રસિધ્ધ થતી પ્રવર્તમાન બી.પી.એલ. યાદી ધ્વારા કરવાની રહેશે. ન્યૂનતમ સ્કોરને પ્રથમ અગ્રતા આપી ૦ થી ૧૬ સ્કોરવાળા ઘર વિહોણા લાભાર્થીને પસંદ કરવાના રહેશે. ત્યાર બાદ ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થીનો સમાવેશ કરવાનો રહેશે. ફકત ત્રણ જ યોજનાઓ એટલેકે અગરીયા આવાસ યોજના, માછીમાર આવાસ યોજના તથા સફાઇ કામદાર આવાસ યોજના માટે જે તે વિભાગની હાલની પધ્ધતિ મુજબ ચાલુ રહેશે. બી.પી.એલ. યાદીનો ઉપયોગ કરવાનો રહેશે નહી. પરંતુ તેમાં પણ બી.પી.એલ. ની યાદીમાં આવતા લાભાર્થીઓ કે જેતે વિભાગની યોજનામાં પાત્રતા ધરાવતા હોય તો તેવા લાભાર્થીને અગ્રતા આપવાની રહેશે.

(૪) ગ્રામીણ વિસ્તારની આવાસ યોજનાના અમલીકરણ હાલ જુદી જુદી એજન્સીઓ ધ્વારા કરવામાં આવે છે. હવે પછી ગ્રામીણ વિસ્તારની તમામ આવાસ યોજનાનું અમલીકરણ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે કરવાનું રહેશે. જેથી ગ્રામકક્ષાએ

કલસ્ટર અભિગમ ધ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રી સંકલિત સૂક્ષ્મ આયોજન (Integrated Micro Planning) કરી શકે. ગ્રામ વિસ્તારની તમામ વિભાગની આવાસ યોજનામાં અમલીકરણ કામગીરી માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી નોડલ અધિકારી રહેશે. સંબંધિત તમામ વિભાગોએ લાભાર્થીઓની પસંદગી કરી ફાળવવાપાત્ર અનુદાનની રકમ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હવાલે મૂકવાની રહેશે. સંબંધિત વિભાગના ફિલ્ડ લેવલના કર્મચારી જે આવાસ યોજના અમલીકરણ સાથે સંકળાયેલા હોય તેવો જિલ્લા વિકાસ અધિકારીના નિયંત્રણ હેઠળ કામ કરશે.

(૫) અગરીયા અને માછીમાર યોજના માટે સબંધિત વિભાગના જીલ્લા કક્ષાના અધિકારીઓએ લાભાર્થીઓની યાદી જીલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવાની રહેશે.

(૬) આવાસો મંજુર કરતા પહેલા તલાટી/ ગ્રામમિત્ર/તાલુકા વિકાસ અધિકારી લાભાર્થીની મુલાકાત લેશે અને લાભાર્થીની ચકાસણી કરવાની રહેશે.

(૭) પ્લોટ ફાળવણી સાથે આવાસોની કામગીરી ૨૦૧૦ સુધીમાં પૂર્ણ થાય તે પ્રમાણે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૮) ગામતળ વધારવું/ જમીન સંપાદનની કાર્યવાહી ઝડપથી થાય તે પ્રમાણે મહેસુલ વિભાગ તથા પંચાયત વિભાગે કરવાની કાર્યવાહીની અલગથી સૂચનાઓ આપવાની રહેશે.

(૯) નગર એપ્રોચ માટે જમીનની પસંદગી ગ્રામસભામાં તથા લાભાર્થીઓની સંમતિ મેળવીને કરવી. જગ્યા ગામથી દુર ન હોય અને ખાડા અને નીચાણવાળી ન હોય તે જોવાનું રહેશે.

(૧૦) જગ્યા પસંદગી કરી પ્લોટ ફાળવાની કામગીરી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરી ૩૧ ઓગષ્ટ -૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

(૧૧) નગર એપ્રોચમાં આંતરમાળખાકીય સુવિધાઓ, રસ્તા, સ્ટ્રીટ લાઇટ, પ્લાનીંગ, પાણી, વ્યકિતગત વિજળી જોડાણ, ટોયલેટ વિગેરેનું અન્ય યોજનાઓ સાથે કન્વરજન કરવાનું રહેશે.

(૧૨) ઇન્દિરા આવાસ યોજનામાં કોન્ટ્રાકટ ઉપર બાન છે. તેથી તે સિવાયના વિવિધ વિભાગોની આવાસ યોજનાઓ અન્વયેના આવાસો બનાવવા તેમજ આતરમાળખાકીય સુવિધાઓના કામો નગર વિકાસ અભિગમના દષ્ટિકોણને

ધ્યાનમાં રાખી સારા અને સક્ષમ કોન્ટ્રાકટની પધ્ધતિએ આયોજન થાય તેવી કાર્યવાહીનુ અમલીકરણ કરવાનું રહેશે. આ અંગે અપનાવવા પાત્ર પધ્ધતિ હવે પછી વિકાસ કમિશ્નરશ્રી બહાર પાડશે. તે પ્રમાણે કામગીરી હાથ ધરાશે. ત્યાં સુધી નવા આવાસોનું બાંધકામ લાભાર્થીઓએ જાતે અથવા ગ્રામ પંચાયત / તાલુકા પંચાયત ધ્વારા કરવાનું રહેશે. પરંતુ ઇન્દિરા આવાસ યોજનામાં ભારત સરકારની ગાઇડલાઇન મુજબ આવાસો લાભાર્થીએ જાતે બનાવવાના રહેશે.

સદરહુ ઠરાવ નાણા વિભાગ સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૨-૩-૨૦૦૯ના રોજ મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

આ ઠરાવનો અમલ તા.૧-૪-૨૦૦૯ થી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેઓના નામે

(ડી.જે.ધારૈયા)
**અધિક સચિવ**
**પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રી, રા.ક.મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- કમિશ્નર વ સચિવશ્રી, ગ્રામ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત)
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગાંધીનગર
- સર્વે શાખાઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ

**અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ચેમ્બરમાં આવાસ યોજના અંગે રજૂઆત અન્વયે તા.૧૯.૫.૨૦૦૯ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.**

---

સદરહુ બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

૧. શ્રી વરેશ સિંહા,
અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

૨. શ્રીમતી રીટા તેવટીયા,
અગ્ર સચિવશ્રી અને કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ વિભાગ

૩. શ્રી પી.કે. તનેજા,
સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

૪. શ્રી વિપુલ મિત્રા,
વિકાસ કમિશ્નરશ્રી

૫. શ્રી શામજીભાઈ પટેલ,
સંયુકત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

૬. શ્રી કે.જી. વણઝારા,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ

૭. શ્રી પ્રકાશ મોદી,
મદદનીશ વિકાસ કમિશ્નરશ્રી

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ા.૨.૩.૨૦૦૯ના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૮/૮૧૯/લ,થી રાજયની આવાસ ોજનાઓની યુનીટ કોસ્ટ એક સરખી રાખવા તથા તાલુકા દીઠ કલસ્ટર ભિગમથી આવાસો બનાવવાનું નકકી કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવના નુસંધાને માન. મંત્રીશ્રી, (સામાજિક ન્યાય અને અધિકારીતા) દ્વારા રજૂઆત વામાં આવેલ છે. તેના અનુસધાને બેઠકમાં રજુઆતના મુદ્દા વાઈઝ નીચે બની ચર્ચા કરવામાં આવી :–

**રજૂઆત : ૧** અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિનાં લાભાર્થીઓને આ યોજના અન્વયેની પાત્રતા (૧) લાભાર્થીપાસે પોતાની માલિકીનો પ્લોટ હોવો જોઈએ અથવા (૨) જર્જરિત મકાન હોવું જોઈએ તે છે. આથી 'ઘરવિહોણા' લાભાર્થીઓની યાદી સિવાયના લાભાર્થીઓ પણ આપણા ખાતાની બન્ને આવાસ યોજનાના લાભાર્થીઓ હોઈ શકે છે. જે આ ઠરાવ અન્વયે સમાવિષ્ટ થતા નથી બલ્કે વંચિત રહી જશે.

**ભલામણ : ૧** બેઠકમાં એમ જણાવાયું હતું કે, ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ બી.પી.એલ. લીસ્ટમાં ઘર વિહોણા (Homeless) અને કાચાં મકાનો ધરાવનારાઓની અલગ-અલગ યાદીઓ ગામવાર ઉપલબ્ધ છે. જેથી પ્રત્યેક ગામમાં કેટલા લોકો ઘર વગરનાં છે અને કેટલા લોકો કાચાં મકાનો ધરાવે છે તેની વિગતો પ્રાપ્ત થઈ શકશે. જેમની પાસે રહેવા માટે ઘર નથી તેવા તમામ લાભાર્થીઓને પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નિયત સમયમર્યાદામાં જમીનનો પ્લોટ પૂરો પાડીને મકાન બંધાવી આપવાનો લક્ષ્યાંક છે. જે પૈકી (૧) શૂન્ય થી ૧૬ સ્કોરવાળા લાભાર્થીઓને ઈન્દિરા આવાસ યોજના નીચે તથા ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થીઓને સરદાર આવાસ યોજનામાંથી અને જો તેમાંથી શકય ન બને તો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની આવાસ યોજનામાંથી લાભ આપી શકાશે.

આમ અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના શૂન્ય થી ૧૬ સ્કોરમાં આવતા લાભાર્થીઓના નામોની યાદી પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને આપવાથી આ લાભાર્થીઓને પ્લોટ અને મકાન તો મળશે જ, પરંતુ તેનો ખર્ચ પણ ભારત સરકાર ધ્વારા ભોગવવામાં આવશે. આમ રાજ્ય સરકારના નાણાંની તેટલા અંશે બચત થશે.

ઉપરાંત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની યોજનાઓમાં જર્જરિત મકાનો ધરાવતાં હોય તેમને પણ મકાન બાંધવા માટે રૂ.૪૦,૦૦૦/-ની સહાય આપવાની જોગવાઈ છે. જયારે ઈન્દિરા આવાસ યોજના હેઠળ જર્જરિત મકાનોના રીપેરીગ માટે રૂા. ૨૦,૦૦૦/-ની સહાયની જોગવાઈ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે પણ આ બાબતમાં પુનઃ વિચારણા કરવી જોઈએ.

**રજૂઆત : ૨** તા.૨.૩.૨૦૦૯ના ઠરાવમાં લાભાર્થીની પસંદગી ફકત બી.પી.એલ. યાદીમાંથી પ્રથમ શૂન્ય થી ૧૬ સ્કોરવાળા અને ત્યારબાદ ૧૭ થી ૨૦ સ્કોરવાળાઓની કરવાની રહે છે. જયારે વિભાગની યોજનાઓ હેઠળ રૂા.૨૪,૦૦૦/- સુધીની આવકવાળાને લાભાર્થી તરીકે પસંદ કરવાના રહે છે. પાત્રતા ધરાવતા લાભાર્થીઓનો સમાવેશ નવા ઠરાવમાં થયો નથી.

**ભલામણ : ૨** સરકારશ્રીએ હવે આવકમર્યાદાને બદલે સોશ્યો-ઈકોનોમીક દ્રષ્ટિકોણને ધ્યાનમાં લઈને બી.પી.એલ. લીસ્ટનો કન્સેપ્ટ

અપનાવેલ છે. આથી આ લીસ્ટમાં સમાવિષ્ટ શૂન્ય થી ૧૬ સ્કોરવાળાને પ્રથમ અને ત્યારબાદ ૧૭ થી ૨૦ સ્કોરવાળાને આવરી લેવાના છે. આમ છતાં, આ યાદીમાં સમાવિષ્ટ ન થતાં હોય પરંતુ યોજના અન્વયે પાત્રતા ધરાવતા હોય તેવા લાભાર્થીઓનો સમાવેશ ૨૦૦૯–૧૦ના વર્ષમાં કરી શકાશે તેમ અગ્ર સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગે જણાવ્યું હતું. સામાન્ય રીતે વર્ષમાં એકવાર બી.પી.એલ. લીસ્ટને અપડેટ કરવાની કામગીરી હાથ ધરાતી હોય છે, પરંતુ સા.ન્યા. અને અ.વિ. તરફથી જો આવી રજૂઆતો મળશે તો તેનો તુરત જ સર્વે કરાવીને નિર્ણય કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

__રજૂઆત : ૩__ અતિ પછાત જાતિઓ, વિધવા, શ્રમયોગી, વિકલાંગ વગેરે માટે અનુસૂચિત જાતિ કલ્યાણની આવાસ યોજનાઓમાં હાલમાં કોઈ આવક મર્યાદા નથી.

__ભલામણ : ૩__ પંચાયત વિભાગના ઠરાવમાં ઉપર જણાવેલ કક્ષાના લાભાર્થીઓનો ઉલ્લેખ નથી, પરંતુ જો સા.ન્યા. અને અ.વિ. પોતાની યોજના અન્વયે આ વ્યક્તિઓને આવક મર્યાદાના બાધ સિવાય લાભ આપવા માંગતું હોય તો વેબસાઈટમાં ઉપલબ્ધ માહિતીમાંથી આ કેટેગરીવાળા લાભાર્થીઓની યાદી મેળવીને લાભ આપી શકશે, પરંતુ તેમાં સૌ પ્રથમ અગ્રતા બી.પી.એલ. કેટેગરીને આપવાની રહેશે.

**રજૂઆત : ૪** સા.ન્યા. અને અ.વિ. ની યોજનાઓ શહેરી વિસ્તાર તેમજં ગ્રામ્ય વિસ્તાર એમ બન્નેના લાભાર્થીઓને લાગુ પડે છે. જયારે તા.૨.૩.૨૦૦૯ના ઠરવામાં ફકત ગ્રામ્ય વિસ્તારના સંદર્ભમાં જ સૂચનાઓ આપવામાં આવી છે.

**ભલામણ : ૪** પંચાયત વિભાગનો તા.૨.૩.૨૦૦૯નો ઠરાવ ફકત ગ્રામ્ય વિસ્તાર પૂરતો છે. આથી શહેરી વિસ્તારમાં આ યોજનાના અમલીકરણ માટે તેમજ યુનીટ કોસ્ટમાં વધારો કરવા અંગે સા.ન્યા. અને અ.વિ. બારોબાર સરકારશ્રીમાં રજૂઆત કરીને નિર્ણય મેળવી શકે છે.

**રજૂઆત : ૫** તા.૨.૩.૨૦૦૯ના ઠરાવમાં કલસ્ટર અભિગમથી આવાસો બનાવવાના છે, પરંતુ માલિકીનો પ્લોટ હોય અથવા જર્જરિત મકાન હોય તેવા કિસ્સામાં સ્પષ્ટતા નથી.

**ભલામણ : ૫** તા.૨.૩.૨૦૦૯ના ઠરાવના અમલીકરણના પેરા–(બ)(૨) તથા પેરા–(બ)(૯)માં જણાવેલ છે કે, ઓછામાં ઓછા ૧૦ આવાસોની કોલોની બનાવવાની હોય ત્યાં તથા લાભાર્થીની સંમતિ મેળવીને કલસ્ટર એપ્રોચથી આવાસો બનાવવાનાં છે, પરંતુ વ્યકિતગત માલિકીના પ્લોટ ઉપરના આવાસો અથા કલસ્ટર એપ્રોચમાં સંમત ન હોય તેવા લાભાર્થીઓ માટે લાભાર્થી જાતે આવાસ બનાવી શકશે તે સ્પષ્ટતા નથી. આથી તે મુજબની સ્પષ્ટતા કરવાની રહે.

વધુમાં બેઠકમાં એમ પણ નકકી થયું કે, બી.પી.એલ. લીસ્ટમાંના લાભાર્થીઓને લાભ આપવા અંગે, અગાઉ તેમને અન્ય કોઈ ખાતાની યોજનામાંથી

લાભ અપાયેલ છે કે કેમ તેમજ આ યોજનાઓના અમલીકરણના સંદર્ભમાં ઉદભવતી આનુષંગિક બાબતો અંગે જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપદે અને તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીના અધ્યક્ષપદે એક સમિતિના રચના કરવી જોઈએ અને તેમાં સંબંધિત ખાતાના પ્રતિનિધિઓનો સમાવેશ કરવો જોઈએ. જેથી જિલ્લા / તાલુકા કક્ષાએ ઉદભવતી નાની / મોટી બાબતો / પ્રશ્નોનો ત્યાં જ ઉકેલ આવી શકે.

નં.પરચ–૧૦૨૦૦૯–૫૧૦–લ
પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિ.
ગુજરાત સરકાર
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯–૫–૦૯

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (પંચાયત) સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, જુના સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, જુના સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નર વ સચિવશ્રી, ગ્રામ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(ડી.જે.ધારૈયા)
**અધિક સચિવ**
**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,**

અંગત ધ્યાન માટે
સમય-મર્યાદિત

**P. K. TANEJA**, I.A.S.
Secretary

No. અ.સ.પત્ર ક્રમાંક : અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ
SOCIAL JUSTICE & EMPOWERMENT DEPARTMENT
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
Government of Gujarat
ગુજરાત સરકાર
5/8, Sardar Patel Bhavan, Sachivalaya,
૫/૮, સરદાર પટેલ ભવન, સચિવાલય,
Gandhinagar-382 010
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

તા.૫.૬.૨૦૦૯

9 JUN 2009

પ્રતિ,

૧. **શ્રી પી.કે. ગઢવી** *આઈ.એ.એસ.*
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪, બીજો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

૨. **શ્રી કે.જી. વણઝારા,**
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪, ત્રીજો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

<u>વિષય</u>: ગુજરાત રાજયની આવાસ યોજનાઓની યુનિટ કોસ્ટ એકસરખી રાખવી તથા તાલુકા દીઠ કલસ્ટર અભિગમથી આવાસો બનાવવા / અમલીકરણ કરવા બાબત...

૧. ડો.આંબેડકર આવાસ યોજના.
૨. પંડીત દીનદયાલ આવાસ યોજના.

<u>અનુસંધાન</u> : પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨.૩.૨૦૦૯નો ઠરાવ નં.પરચ/૧૦૨૦૦૮/૮૧૯/લ

શ્રીમાન,

ઉપરોકત વિષયે જણાવવાનું કે, સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઉપર અનુસંધાને જણાવેલ ઠરાવથી રાજય સરકારની જુદી જુદી આવાસ યોજનાઓના અમલીકરણના સંદર્ભમાં હુકમો કરવામાં આવ્યા છે. તેમાં આ વિભાગ હસ્તકની અનુસૂચિત જાતિ માટેની ડો.આંબેડકર આવાસ યોજના અને વિકસતિ જાતિ માટેની પંડીત



Phone : (Office) 91-79-232 51203, 232 51201, Fax : 23254317. e-mail : secswd@guj...

દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાઓના અમલીકરણ સંદર્ભે કેટલીક વિસંગતતાઓ ઉભી થયાનું જણાતાં આ બાબત સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએ હાથ ધરવામાં આવી છે તે આપ જાણો છો.

૨. દરમ્યાનમાં આ અંગે અગાઉ તા.૨૧.૫.૨૦૦૯ના રોજ બન્ને ખાતાંના ગ્રામ કક્ષાએ યોજનાના અમલીકરણ અધિકારીઓની બેઠક પણ રાખવામાં આવી હતી. જેમાં ખાસ કરીને સરકારશ્રી તરફથી કેટલીક બાબતોની સ્પષ્ટતા થાય ત્યાં સુધી આ યોજનાની કામગીરી વિલંબમાં ન પડે તે હેતુસર કેટલીક સૂચનાઓ મીટીંગમાં નોંધ સ્વરૂપે પરિપત્રિત કરવામાં આવી હતી. આમ છતાં ફરીથી આ સંદર્ભમાં નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે :–

૨:૧ પ્રત્યેક જિલ્લા અધિકારીએ વેબસાઈટ પરથી પોતાના સંબંધિત જિલ્લા / તાલુકામાંથી પોતાને સંબંધિત પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યાદી મેળવીને, તેમાંથી અગાઉ જેમને લાભ અપાઈ ગયો હોય તેવાં નામો કમી કરીને, બાકી રહેતા નામોમાંથી લાભાર્થીઓનો સંપર્ક સાધીને તેમને યોજનાનો લાભ આપવા માટે જે કંઈ કાર્યવાહી કરવી પડે તે સામે ચાલીને કરાવવી. એટલે કે, અગાઉની જેમ લાભાર્થી તરફથી અરજી આવે તેની રાહ જોવાને બદલે સામે ચાલીને પાત્રતા ધરાવતાં લાભાર્થીઓનો સંપર્ક સત્વરે કરવો.

૨:૨ આપણા લાભાર્થીઓ પૈકી જેઓ બી.પી.એલ.ને પાત્ર હોય પણ તેમનાં નામો આ યાદીમાં સમાવેશ કરવાનાં રહી ગયાં હોય તો તેમનાં નામો ઉમેરાવવાની કામગીરી આપણા ખાતાના સંબંધિત અમલીકરણ અધિકારીઓએ હાથ ધરીને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સમક્ષ રજૂ કરવાની રહેશે. સામાન્ય રીતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા વર્ષમાં એકવાર આ કામગીરી કરવામાં આવે છે, પરંતુ આપણા કિસ્સામાં ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી દર માસે બી.પી.એલ. યાદી અદ્યતન કરી આપશે.

૨:૩ યોજના હેઠળ જે લક્ષ્યાંક હોય તેનાથી બે કે ત્રણગણી યાદી તૈયાર કરવી, જેથી ઓછામાં ઓછા નિર્ધારિત લક્ષ્યાંક મુજબ સિધ્ધિ હાંસિલ કરી શકાય.

૨:૪ બી.પી.એલ. લીસ્ટમાં સમાવિષ્ટ લાભાર્થીઓ પૈકીના શૂન્ય થી ૧૬ સ્કોરવાળા લાભાર્થીઓને શોધીને તેમજ તેમની અરજીઓ તૈયાર કરાવીને તે અરજીઓ ગ્રામ વિકાસં વિભાગ / જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને મોકલવાની રહેશે. જયારે ૧૭ થી ૨૦ સ્કોરવાળા કુટુંબોની અરજીઓ પંચાયત વિભાગને સરદાર આવાસ યોજનામાંથી લાભ આપવા માટે અથવા આપણા ખાતાની યોજનામાંથી લાભ આપવાની કાર્યવાહી કરવાની રહેશે.

૨:૫ વિધવા, અતિ પછાત જાતિના લાભાર્થીઓ તેમજ વિકલાંગો જેવી કક્ષાના લાભાર્થીઓ કે જેમના માટે કોઈ આવક મર્યાદા નથી તેમના નામો પણ વેબસાઈટ પરથી શોધીને, સૌ પ્રથમ શૂન્યથી શરૂ કરીને ૧૬ સુધીના લાભાર્થીઓને લાભ આપવાની કામગીરી સત્વરે શરૂ કરવી. જયારે ૧૭ થી ઉપર સ્કોરવાળા માટે સરકારશ્રીના આદેશો મળે ત્યાર પછી જ આગળ વધવાનું રહેશે.

૨:૬ પંચાયત વિભાગનો આ ઠરાવ ફકત ગ્રામ્ય વિસ્તારને સંબંધિત છે, આથી જયાં સુધી બીજી સૂચનાઓ ન મળે ત્યાં સુધી શહેરી વિસ્તારોમાં આપણા ખાતાની આવાસ યોજનાઓનો અમલ હાલની પધ્ધતિએ કરવાનો રહેશે.

૨:૭ બન્ને આવાસ યોજનાઓના અમલીકરણ સંદર્ભમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો વિના વિલંબે જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનું પત્રથી તેમજ રૂબરૂ ધ્યાન દોરીને પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવવો.

૨:૮ GSWAN connectivity, I.T., e-Governance, e-Mail વગેરે બાબતો અંગે કોઈપણ જિલ્લા અધિકારીને જયારે પણ મુશ્કેલી ઉભી થાય તો તેના ઉકેલ માટે અંગત લક્ષ આપીને પ્રયત્ન કરવો. જરૂરી જણાય પોતાના સંબંધિત નિયામકશ્રીએ પણ આ અંગે ધ્યાન આપવું, પરંતુ માત્ર **"connectivity નથી"** તેવાં કારણોસર યોજનાના અમલીકરણની કામગીરી ખોરંભે ન પડે તે પણ જોવું.

૨:૯ પંચાયત વિભાગના ઠરાવમાં સમગ્ર રાજય માટે એક સરખી યુનીટ કોસ્ટ રાખવાના આદેશ થયા છે અને તે મુજબ રકમ પણ નિયત થયેલી છે. આથી આ વિભાગ હસ્તકની ત્રણેય આવાસ યોજનાઓમાં પંચાયત વિભાગ ધ્વારા નિયત થયેલ **સુધારેલ યુનીટ કોસ્ટ** કે જે સમગ્ર **રાજય માટે નિયત થઈ છે** એટલે કે તેનો અમલ ગ્રામ્ય અને શહેરી એમ બન્ને વિસ્તારોમાં કરવાનો રહે છે. તે મુજબ તા.૧.૪.૨૦૦૯ પછી મંજૂર થયેલ કેસમાં સુધારેલ યુનીટ કોસ્ટ મુજબ સહાય આપવાની રહે છે.

૩. ઉપરોકત સૂચનાઓનો અમલ તાત્કાલિક થાય તે જોવા અને આ અંગેની સૂચનાઓ વિના વિલંબે સંબંધિત જિલ્લા કક્ષાના અમલીકરણ અધિકારીઓને પહોંચતી કરાય તે જોશો. ઉપરાંત દર માસે આ યોજનાની કામગીરીનું મોનીટરીગ પણ કરતા રહેવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**( પી.કે. તનેજા )**
સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર.

નકલ જાણ સારુ રવાના :

૧. સંયુકત સચિવશ્રી (વિ.જા.ક.),
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

૨. ઉપ સચિવશ્રી (અ.જા.ક.),
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

અંગત ધ્યાન માટે/સમય-મર્યાદિત


**P. K. TANEJA**, I.A.S.
Secretary


सत्यमेव जयते

No. પત્રકમાંકઃઅબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/ઠ


**SOCIAL JUSTICE & EMPOWERMENT DEPARTMENT**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
Government of Gujarat
ગુજરાત સરકાર
5/8, Sardar Patel Bhavan, Sachivalaya,
૫/૮, સરદાર પટેલ ભવન, સચિવાલય,
Gandhinagar-382 010
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.


6-5-08

પ્રતિ
શ્રીમતી રીટા તેવટીયા,
અગ્રસચિવશ્રી – વ – કમિશ્નરશ્રી,
ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

**વિષયઃ- ગુજરાત રાજયની આવાસ યોજનાઓની યુનિટ કોસ્ટ એકસરખી રાખવી તથા તાલુકા દીઠ કલસ્ટર અભિગમથી આવાસો બનાવવા/અમલીકરણ કરવા બાબત.**

મહોદયા

ઉપર્યુકત વિષયે આપશ્રીનું સવિનય માયાળુ ધ્યાન દોરતાં જણાવવાનું કે પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨-૩-૦૯ ના ઠરાવથી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિના સંદર્ભમાં આપશ્રી સાથે વિગતે ચર્ચા થયેલ છે ઉપરાંત મા.અગ્રસચિવશ્રી, પંચાયત વિભાગની ઉપસ્થિતિમાં પણ આ વિભાગની રજુઆતો અંગે વિગતે ચર્ચા વિચારણા થયેલ છે અને તે અંગેની બાબત સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએ નિર્ણય અર્થે ગતિમાં છે.

૨. દરમ્યાન, આ ખાતાં હસ્તકની આવાસ યોજનાઓના સંદર્ભમાં આ ખાતાને મળેલ સંખ્યાબંધ રજુઆતોના સંદર્ભમાં એવી બાબત રજુ થયેલ છે કે ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ બી.પી.એલ. યાદીમાં અનુસૂચિત જાતિના તેમજ વિકસતી જાતિના પાત્રતા ધરાવતાં હોય તેવાં સંખ્યાબંધ કુટુંબોનો સમાવેશ આ યાદીમાં કરવાનો રહી ગયેલ છે. આ સંદર્ભમાં આપશ્રીએ એવી સંમતી આપી હતી કે પ્રવર્તમાન

..૨..




Phone : (Office) 91-79-232 51203, 232 51201, Fax : 23254817. e-mail : secswd@gujarat.gov.in

નિયમોની જોગવાઇ અન્વયે વર્ષમાં એકવાર બે માસ માટે આવી યાદી અપડેટ કરવાની જોગવાઇ છે. પરંતુ સમાજ કલ્યાણ પ્રભાગ દ્વારા અનુસૂચિત જાતિ /વિકસતી જાતિના લાભાર્થીઓ જો પાત્રતા ધરાવતા હશે અને તેમનાં નામોનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં કરવામાં આવેલ નહીં હોય તો જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને આવી રજુઆતો મળ્યેથી એકાદ માસમાં તેનો નિકાલ કરીને યાદીને અપડેટ કરી આપવામાં આવશે. **આપશ્રીની આ સંમતી બદલ અમે આપનો આભાર માનીએ છીએ.** ઉપરોત સંદર્ભમાં આ વિભાગની નીચે મુજબની રજુઆતો લક્ષમાં લેવા અને ઘટતું કરવા આપને વિનંતી છે.

(૧) જિલ્લા કક્ષાએથી સમાજ કલ્યાણ ખાતાંના અધિકારીઓ દ્વારા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના પાત્રતા ધરાવતા લાભાર્થીઓના નામોની રજુઆતો મળ્યેથી તેનો તુરત જ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા નિકાલ કરવામાં આવે તેવી સૂચનાઓ આપની કક્ષાએથી પણ સત્વરે પરિપત્રીત કરવા વિનંતી છે. અત્યાર સુધીમાં આ અંગેની સૂચનાઓ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને આપની કચેરી દ્વારા થયેલ ન હોવાથી આ અંગે આગળની કાર્યવાહી થઇ શકેલ નથી.

(૨) આ વિભાગ દ્વારા સમાજ કલ્યાણ પ્રભાગના જિલ્લા કક્ષાના અધિકારીઓને પણ એવી સૂચના આપવામાં આવી છે કે યોજનાનો લાભ મેળવવાની પાત્રતા ધરાવતા અને જેનું નામ બી.પી.એલ. યાદીમાં ન હોય તેવા લાભાર્થીઓના નામોની યાદી તૈયાર કરીને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને મોકલી આપવી પરંતુ તેમણે કયા નમૂનામાં અરજી કરવી તે બાબત આપના વિભાગ દ્વારા નિર્ણિત થયેલ ન હોઇ આપને વિનંતી છે કે **આ માટે અરજીનો નમૂનો તૈયાર કરાવીને જિલ્લા કક્ષાએ પરિપત્રિત કરવામાં આવે તો તે વહીવટી રીતે ખૂબ જ અનુકૂળ રહેશે.** આથી આપને વિનંતી છે કે આ અંગે આપ ઘટતું કરાવશો.

(૩) આ ઉપરાંત, સમાજ કલ્યાણ વિભાગ હસ્તકના ક્ષેત્રીય અધિકારીઓ દ્વારા બી.પી.એલ. યાદીમાં નામો દાખલ કરવા માટેની રજુઆત મળે ત્યારબાદ તેના ઉપર નિયમાનુસાર જે કંઇ કાર્યવાહી કરવાની થતી હોય તો તે કરવામાં આવે અને જો પાત્રતા ધરાવતા લાભાર્થીઓ હોય તો તેના નામો ઉમેરવામાં આવે. આ કામગીરીનું જિલ્લા કક્ષાએ નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા અથવા આપશ્રી સૂચવો તે રીતે મોનીટરીંગ થાય તે માટે પણ જો કોઇ વ્યવસ્થા ગોઠવવામાં આવે તો તે વધુ ઉપયોગી થઇ રહેશે. આ માટે પણ આપના દ્વારા ઉચિત સૂચના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓને પાઠવવામાં આવે તેવી વિનંતી છે.



..3..

(૪) સમાજ કલ્યાણ વિભાગ દ્વારા જે નામો મોકલવામાં આવે તેનો એકાદ માસમાં નિકાલ થાય તેવું આયોજન પણ ગોઠવાય તે ખૂબ જ ઇચ્છનીય છે. દરમ્યાન

આજે (તા.૮/૬/૦૯) મા.મંત્રીશ્રી (સામાજિક ન્યાય) ના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં રાજયના જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રીઓએ પણ આ અંગે તેમની રજુઆતો કરી હતી. આ સંદર્ભમાં ઉપર જણાવ્યા મુજબની સૂચનાઓ આપશ્રી દ્વારા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓના નિયામકશ્રીઓને સત્વરે આપવામાં આવશે તો અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિ માટે આવાસ યોજનાના અમલીકરણમાં કોઇ મુશ્કેલી ઉભી ન થાય, બલ્કે તેનું સરળતાથી અમલીકરણ થઇ શકશે. **આ અંગે આપશ્રી દ્વારા અપાયેલ સૂચનાઓની એક નકલ આ વિભાગને પણ પાઠવવા વિનંતી છે.**

આપનો વિશ્વાસુ

( પી.કે.તનેજા )
સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ સવિનય જાણ તથા જિલ્લા કક્ષાએ અધિકારીશ્રીઓને સૂચના**
**<u>આપવાની વિનંતી સહ</u>**

(૧) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર
(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર
(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા

અંગત ધ્યાન માટે
અત્યંત સમય-મર્યાદિત


No. અ.સ.પત્ર ક્રમાંક : અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ
SOCIAL JUSTICE & EMPOWERMENT DEPARTMENT
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
Government of Gujarat
ગુજરાત સરકાર
5/8, Sardar Patel Bhavan, Sachivalaya,
૫/૮, સરદાર પટેલ ભવન, સચિવાલય,
Gandhinagar-382 010
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

સત્યમેવ જયતે

**P. K. TANEJA**, I.A.S.
Secretary


તા.૧૧.૬.૨૦૦૯

પ્રતિ,

૧. **શ્રી પી.કે. ગઢવી** *આઈ.એ.એસ.*
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪, બીજો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

૨. **શ્રી કે.જી. વણઝારા,**
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪, ત્રીજો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

૩. **શ્રી એફ.પી. હાલાણી**
નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતું,
ભોંયતળિયું, બ્લોક નં.૧૬,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષયઃ ગુજરાત રાજયની આવાસ યોજનાઓની યુનિટ કોસ્ટ એકસરખી રાખવી તથા તાલુકા દીઠ કલસ્ટર અભિગમથી આવાસો બનાવવા / અમલીકરણ કરવા બાબત...

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેના મારા તા.૯.૬.૨૦૦૯ના અગ્ર સચિવશ્રી તથા કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસને ઉદ્દેશીને લખાયેલ પત્ર નં.અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ, કે જેની નકલ મેં આપશ્રીને મોકલેલ છે તે પ્રતિ આપનું ધ્યાન દોરું છું.



Phone : (Office) 91-79-232 51203, 232 51201 Fax : 23254817. e-mail : secswd@gujarat.gov.in

૨. પ્રસ્તુત બાબતમાં હવે ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી તરફથી જરૂરી સૂચનાઓ અલગ અલગ પત્રોથી અપાઈ જવામાં છે. એટલું જ નહી પરંતુ ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી તરફથી આ પત્રની સાથે અરજદારે કયા નમૂનામાં અરજી કરવી તે નમૂનો પણ તૈયાર કરીને મોકલેલ છે. ગ્રામ વિકાસ કમિશ્નરશ્રીના તા.૧૦.૬.૨૦૦૯ના પત્રની નકલ તેમની અરજીના નમૂનાની નકલ આ સાથે સામેલ રાખી છે, જે હવે વિના વિલંબે આપના નિયંત્રણ હેઠળના તમામ જિલ્લા કક્ષાના અમલીકરણ અધિકારીઓને પહોંચતી કરશો.

૩. હવે સૂચનાનો સાચી ભાવના (real spirit) થી અમલ થાય તે જોવાનું કામ આપણા ખાતાનું એટલે કે, આપનું છે. આ પત્રની સ્વીકૃતિ પાઠવશો અને આપના ધ્વારા કરાયેલ કાર્યવાહીની વિગતોની મને નામજોગ જાણ કરશો.

આપનો વિશ્વાસુ,

(પી.કે. તનેજા) 11/08
સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર.

નકલ આભાર સાથે રવાના :

કમિશ્નરશ્રી,
ગ્રામ વિકાસ, ગુજરાત રાજ્ય,
૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

જા.નં. ગવક/ ૨૮૪૯-૯૯ /૦૯
ગ્રામ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી
બ્લોક નં. ૧૬/૩,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા. ૧૦/૦૬/૦૯

પ્રતિ,

(૧) ચેરમેન--વ--જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,જિ. તમામ

(૨) નિયામકશ્રી
જિ.ગ્રા.વિ.એ. ....તમામ

**વિષયઃ– સમાજ કલ્યાણ વિભાગનાં લક્ષ્યાંકો નિયત કરવા બીપીએલ યાદીનાં ઉપયોગ બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, તા. ૨૧/૦૫/૦૯ નાં રોજ અગ્ર સચિવશ્રી, સમાજ કલ્યાણનાં અધ્યક્ષપણા હેઠળ તથા વિકાસ કમિશનરશ્રીની ઉપસ્થિતિમાં સમાજ કલ્યાણ વિભાગના જિલ્લા કક્ષાનાં અધિકારીઓની બેઠકનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં ગ્રામ વિકાસ વિભાગની બીપીએલ યાદી નો ઉપયોગ સમાજ કલ્યાણની યોજનાઓનાં લાભાર્થીઓની પસંદગી માટે કઈ રીતે કરી શકાય તથા બીપીએલ યાદીની બાબતોની ચર્ચા વિગતવાર પ્રેઝન્ટેશન સાથે કરવામા આવેલ હતી. આ સંદર્ભમાં નીચેનાં મુદ્દાઓ પરત્વે કાર્યવાહી કરવા નિયત થયેલ છે.

૧. નામદાર સુપ્રિમ કોર્ટનાં હુકમ મુજબ અને ભારત સરકારશ્રીની સુચના મુજબ બીપીએલ યાદીનાં નામો ઉમેરવા અને રદ કરવા અંગે Continuous basis મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. આ યાદી ડાયનામીક હોવાથી બીપીએલ યાદીના સંદર્ભમાં સમાજ કલ્યાણ અધિકારીશ્રી મારફત કે અધિકારીશ્રી દ્વારા બીપીએલ યાદીનાં નામો દાખલ કરવા અંગે કે નામો ખોટી રીતે દાખલ થયેલ હોવા અંગે કે નામોમાં ભૂલ કે ક્ષતિ હોવા અંગે લેખિત રજુઆત કરવામાં આવે ત્યારે નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી એ બીપીએલ યાદી અંગેની ભારત સરકારની અને રાજ્ય સરકારશ્રીની સ્થાયી સુચનાઓ અને તેને આધારપુરાવા ચકાસીને નિયમોનુસાર જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. આ બાબતે કયા નમુનામાં અરજદારે અરજી કરવી તેનો નમુનો પણ તૈયાર કરી આ સાથે સામેલ રાખેલ છે.

૨. બીપીએલ યાદી વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ છે તેથી સમાજ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા બીપીએલ યાદી ઉપરથી લાભાર્થી લક્ષી જરૂરી વિગતો વેબસાઈટનાં કવેરી મોડયુલ ના ઉપયોગ દ્વારા મેળવવાની રહેશે. વધુમાં કનેકટીવીટીનાં પ્રશ્નો હોય તો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી પાસેથી તાલુકાવાર બીપીએલ યાદી સીડી ઉપર મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરી શકશે. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ બીપીએલ યાદીની માહિતી સમાજ કલ્યાણ અધિકારીશ્રીને સીડીમાં ઉપલબ્ધ કરવાની રહેશે.

**બિડાણઃ– દર્શાવ્યા પ્રમાણે**

માન. કમિશ્નરશ્રી–વ–અગ્રસચિવશ્રીની નોંધ ઉપરની મંજુરી અનુસાર.

(સહી)
અધિક કમિશ્નર
ગ્રામ વિકાસ, ગુજરાત રાજ્ય
ગાંધીનગર

રવાના
નકલ જાણ સારુઃ-
અગ્ર સચિવશ્રી, સામાજીક અધિકારીતા વિભાગ, નવા, સચિવાલય, ગાંધીનગર.

૧. અરજી કરનારનું પુરૂ નામ :

સરનામુ :

અરજદારની જાતિ (અનુ.જાતિ/જનજાતી/સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ કે સામાન્ય તે દર્શાવવુ):

૨. અરજી કરવાનુ કારણ : ( લાગુ પડતી બાબત સામે ✓ નિશાની કરવી)

(અ) મોજણીમાં કુટુંબનો સમાવેશ થયેલ ન હોઈ ☐

(બ) મોજણીમાં અવિભકત કુટુંબના સભ્ય તરીકે સમાવેશ થયેલ છે. ☐

જે વિભકત કુટુંબ થવાથી ( પુરાવા રજુ કરવા )

(ક) સ્કોર વધુ આવવાથી ☐

૩. દરખાસ્ત હેઠળનાં કુટુંબનાં સભ્યોની વિગત :

| ક્રમ | નામ | કુટુંબના વડા સાથે સંબંધ પોતે પત્ની / પતિ પુત્ર / પુત્રી સાસુ / સસરા જમાઈ પૌત્ર / પૌત્રી વગેરે | ઉંમર વર્ષ | ધંધો/ વ્યવસાય | રા.રો. બાં.કા. હેઠળ મેળવેલ રોજગારીના માનવ દિવસોની સંખ્યા(૧૮ વર્ષથી ઉપરના) | એપ્રિલ-૦૮ થી માર્ચ-૦૯ સુધીની કુલ આવક |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

૪. રોજગાર બાંહેધરી કાર્યક્રમ (રા.રો.બાં.કા.) હેઠળ કુટુંબે મેળવેલ કુલ રોજગારીના દિવસોની સંખ્યા:..........

૫. કુંટુંબના સભ્યોના નામે ખેતીની જમીન : પિયત: ........હેકટર, બિન પિયત:......હેકટર

૬. કુટુંબમાં સૌથી વધુ શિક્ષણ પામેલ વ્યકિતના શિક્ષણનું સ્તર ( અભ્યાસની વિગતો):

૭. પોતાનુ મકાન હોય તો તેનો પ્રકાર : કાચુ / અર્ધપાકુ /પાકુ

પોતાનં મકાન ન હોય તો હાલ કયાં રહે છે ?..................

૮. અરજદાર કલર ટીવી / સ્કુટર / થ્રેસર, મોટર સાયકલ/ ટ્રેકટર / મોટરકાર [illegible] [illegible] પૈકી કોઈ વસ્તુ ધરાવે છે ? હા / ના

જો હા તો વસ્તુની વિગત જણાવો : ..............................

(૨)

૯. અરજદારની પાસે શૌચાલયની સગવડ છે કે કેમ ?

૧૦.વર્ષ દરમ્યાન જે એપ્રિલ-૦૮ થી માર્ચ ૦૯ દરમ્યાન કુટુંબને રોજગારી મળી ન હોય તો

તેના સમયગાળો: માસ:............ દિવસ:...............

રોજગારી ન મળવાનું કારણ : ...........................

૧૧.જો અરજદારની અરજી સ્કોર વધુ આવવાથી કરેલ હોય તો તે અંગેના કારણો જણાવવા.

(૧)..............

(૨)..............

(૩)..............

૧૨. દરખાસ્ત હેઠળનાં કુટુંબને કોઈ સરકારી યોજનાનો લાભ મળેલ હોય તો તેની વિગત :

| યોજનાનું નામ | લાભની વિગત દર્શાવો. |
|---|---|
| | |
| | |
| | |

૧૩. એપ્રિલ -૦૮ થી માર્ચ-૦૯ દરમ્યાન રોજગારી મેળવવા સ્થળાંતર કરેલ છે ? હા ના

જો હા, તો સ્થળાંતરનો જિલ્લો:..................................

સ્થળાંતરનાં દિવસોની સંખ્યા:........................

સ્થળાંતર દરમ્યાન મળેલ આવક રૂ.....................

૧૪. સોગંદનામુ : આથી અમો, ....................સોગંદપૂર્વક જણાવીએ છીએ કે અમોએ દર્શાવેલ ઉપરોક્ત વિગત સાચીછે. આ વિગત ખોટી હોવાનું પુરવાર થશે તો સરકારશ્રી ધ્વારા આપવામાં આવેલ લાભો વ્યાજ સહિત પરત ચુકવવા અમે બંધાયેલ છીએ.

<u>સાક્ષીઓનાં નામ તથા સહી</u>

(૧) ......................

(૨) ......................

અરજદારની સહી અથવા ડાબા અંગુઠાનું નિશાન....................

અરજદારશ્રી ......................એ ઉપર દર્શાવેલ વિગતો ચકાસી છે અને તે સાચી જણાવેલ છે. જે આથી પ્રમાણિત કરવામાં આવે છે.

.................................

તલાટી કમ મંત્રી